# ઊંચી હકીકતો




લેખક :

નસીરુદ્દીન 'નસીર' હુંઝાઇ

# ઊંચી હકીકતો

લેખક :

નસીરુદ્દીન 'નસીર' હુંઝાઇ

અનુવાદક :

અકબર હબીબ રાજન

પ્રકાશક :

ખાનાએ હિકમત ઈદારાએ આરીફ

૩, એ નુરવીલા ૨૬૯ ગાર્ડન વેસ્ટ, કરાચી-૩

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a United Humanity

# અર્પણ

**સવાલ : ૯૧** સુરહ અઅરાફ ના છેવટમાં (૭ : ૨૦૫) ઝીકરે નફસી (દીલના ઝીકર) નું ખાસ વર્ણન મૌજૂદ છે. શું તમો એનો કંઈ ખુલાસો કરશો ?

**જવાબ :** આનો તરજૂમો આ છે :– "અને પોતાના રબ્બને દીલમાં વિલાપ અને ભય સહીત યાદ કરો અને કોલ (વાત) ના હિસાબે પણ તેને ઓછા ઊંચા સાદે સવાર સાંજ યાદ કરો અને ખબરદાર ગાફીલો માંહેના ન થઈ જાઓ " એમાં કોઈ શંકાજ નથી કે પ્રત્યેક વ્યકિત ખુદાને પોતાની ઈલ્મી પહોંચ પ્રમાણે યાદ કરે છે. પરંતુ આરીફો ના નજીક દીલમાં ખુદાને યાદ કરવું એ છે કે દીદાર અને તેના રહસ્યો ને યાદ કરવામાં આવે. વિલાપ કે જે ગીરીયા વઝારી છે.તે તૌબા પણ છે. મુનાજાત (પ્રાર્થના) પણ, ખુદાનો ડર પણ છે. શુકરગુઝારી પણ, અને સ્વર્ગીય ઈશ્ક પણ છે. આ ઊચ્ચ મુકામ ઉપર વિલાપ અને ખુદાના ડરનો અતી મહાન ફાયદો એ છે કે એનાથી મારફતના રહસ્યોમાં વધારે જાહેરાતો થતી રહે છે. ***(સનાદીકે જવાહેરમાથી)***

ગુલશકર ફતેહઅલી હબીબ,આંતરાષ્ટ્રીય લાઈફ ગવર્નર, એડવાઈઝર અને મેમ્બર પ્રેસીડેન્ટ કમીટી દાનીશગાહે ખાનએ હીકમત, એક સંસ્કારી મિલનસાર અને સદાબહાર વ્યકિત છે. ઈલ્મી ખિદમતના આટલા લાંબા ગાળા દરમીયાન કયારેય તેમના ચહેરા ઉપર કંટાળાનીરેખા નથી દેખાણી. તેવણની ઈલ્મ દોસ્તી, મહોબ્બત અને આ દરવેશની નિ:સ્વાર્થ સેવાને લીધે તેમ્મને "અઝીમ મા " તથા "આસમાની બેટી"ના નામે યાદ કરવામાં આવેલ છે.

તેમના પિતાશ્રી ગુલામઅલી ભાઈ અને માતુશ્રી કુલસુમ ગુલામ હુસેન બન્ને ઈલ્મ દોસ્ત, સંસ્કારી અને નેક કાર્ય કરનારા મોમીનો હતા. માનવંત ગુલામ હુસેન અલીભાઈ એક મજલીસના મુખી તરીકે પણ ખિદમત કરી ચૂકયા છે, અને કુલસુમ ગુલામ હુસેન સાહેબાને પણ દીની-ધાર્મિક વાતો સાંભળવામાં ઘણી દીલચશ્પી હતી.

ગુલશકર ફતેહઅલી હબીબ ૭ નવેમ્બર ૧૯૪૦માં કરાચીમાં જનમ્યા. તેવણે ગ્રેજયુએશન સુધીની કેળવણી પ્રાપ્ત કરી. તેવણને બાળપણથીજ જમાત ખાને જવા અને ખિદમત કરવાની એક ઊંડી ઈચ્છા રહી હતી અને એજ ઈચ્છાએ તેમને ઈબાદત, ઈલ્મ અને ખિદમતના તરફ ભરપૂર રીતે ધ્યાન આપવા પ્રેર્યા. તેવણ ગાર્ડન ગીનાન કલાસમાં પણ શામેલ થયા હતા. તેવણ ગાર્ડન રીલીજીયસ સેન્ટરમાં અગીયારમી કલાસની કળવણી મેળવતા, મારી શીષ્ય તરીકે પણ રહ્યા હતા.

૧૯૭૨માં ફતેહઅલી અને ગુલશકર પતી-પત્નીના સંબંધે બંધાણા. લગ્ન પછી દુન્યવી બરકતો અને ખુશીઓની સાથે તેવણને દાનીશગાહે ખાનાએ હિકમતની ઊચ્ચ ખિદમત કરવા અને પોતાના ગુરૂની સાથે વધુ સમય વિતાવવાની તક મળી જેને તેવણ પોતાના માટે સદભાગ્ય માને છે.

તેવણ પોતાના ઘર અને ઘરના સઘળા રહેનારાઓને આ ઈલ્મી સેવાના માટે અર્પણ કરી દીધા છે. આજે તેવણની સેવાઓની જીવંત અને દાયમી બરકત તેવણના પૂત્રો-પૂત્રી અને પરિવાર નીઝાર ફતેહઅલી, શાઝીયા નીઝાર, દુર્રે સમીન નીઝાર, રહીમ ફતેહઅલી અને ફાતીમાં ફતેહઅલીના સ્વરૂપે અમારી સામે છે.

***નસીરૂદ્દીન 'નસીર' (હુબ્બેઅલી) હુંઝાઈ***

# અનુક્રમણિકા


૧. આરંભના શબ્દો ........................................ ૩

૨. રૂહાની-હકીકી ફૂલો ........................................ ૧૩

૩. લા મકાન નું જગત ........................................ ૨૩

૪. રૂહ અને જીસમ ........................................ ૩૧

૫. ખુદાના ચહેરાની રોશનીમાં ........................................ ૩૯

૬. પરદો અને જાહેર થવાની જગ્યા ........................................ ૫૧

૭. અંબીયા અને ઈમામોના રહસ્યો ........................................ ૫૯

૮. સંખ્યા વિષે કુરઆનનું જ્ઞાન (૧) ........................................ ૬૬

૯. સંખ્યા વિષે કુરઆનનું જ્ઞાન (૨) ........................................ ૭૩

૧૦. અલ્લાહ તરફ પાછા ફરવું ........................................ ૮૦



ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

This page Intentionally Left Blank

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# આરંભના શબ્દો

બિસ્મીલ્લા હિર્રેહમાનીર્રેહીમ યા રબ્બુલ ઇઝઝત ! તુ પોતાની અનંત કૃપા વડે આ ગરીબ અને અશકત બંદાને એવી સદ્‌બુધ્ધિ અને હિમ્મત અર્પણ કર કે જે તારાં લુત્ફોકરમ વડે આ ખાકસાર બે ઇલ્મ સેવકનો હાથ પકડીને તેની મદદ કરે તેનું માર્ગદર્શન કરે અને એક અતીશય મનપસંદ રીતથી ડગલે ડગલે અને મંઝીલ મંઝીલ આગળ અને આગળ લઇ જઇને તારાં વહાલા પયગમ્બર હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસલ્લમ, અને હઝરત મુહમ્મદની પવીત્ર આલમાંના ઇમામોના ઇશ્કના અને મારફતના સમુદ્રમાં પગથી માથા સુધી ડૂબાડી દયે કે જેથી અજાયબીઓ અને નવાઇ ભરેલાં સમુદ્રમાં કે જે રહેમતનું પાણી પણ છે અને પ્રકાશિત કિરણ પણ, આ સખત પત્થર જેવું દીલ મુલાયમ માખણની જેમ સરળતાથી પીગળી જાય અને તે સ્થિતિમાં અશ્રુઓ વહાવતા તારી દરેકે દરેક મહાન ન્યામતોની શુધ્ધ ભાવથી અને નમ્રતા પૂર્વક શુકર ગુઝારી થાય. આ નેક આમાલથી ચોક્કસપણે એક અતી ઘણો આત્મસંતોષ અને રૂહાની રાહતનો અનુભવ જરૂર થશે, પરંતુ ઓ મારાં બેહદ મહેરબાન પરવરદીગાર ! તારાં ઉપકારો અને તારી બક્ષીશો એવી મહાન અને એટલી પુષ્કળ છે કે આ દીલની ઇચ્છા સહીતના પ્રયત્નો છતાંય તારાં આભાર ના હક ની દુનિયાની એક રજ માત્ર પણ અદા નથી થઇ શકતી.

૨. ઓ બુઝુર્ગ અને મહાન ખુદા ! ઓ સર્વ સત્તાધારી બાદશાહ! (૫૪/૫૫) ઓ બંદાને નવાઝનારા બાદશાહ ! તારાં પવીત્ર નૂરના

સાચાં આશીકો ઉપર મારી નમ્ર-ગરીબ-રુહ કુરબાન હો ! જોકે હુ ફકત એક મુઠીભર ખાક-માટી છું અને તું આકાશોનો શહેનશાહ છે તથા અતી ઘણો પવીત્ર છે, છતાં પણ આ મોમીનોના પગની રજ સમા મુજ ઉપર તારી ઉદારતા અને ઉપકારની નજરો છે કે તેં પોતાના મિત્રો એટલે કે ઔલીયાઓ (પવીત્ર ઈમામો અલૈહીમુસ્સલામ) ની મિત્રતાથી મને નવાઝયો છે અને એજ મહાન હસ્તીઓની વિલાયતના નૂરના પ્રકાશમાં કુરઆનના ખજાનાઓ પ્રાપ્ત થઈ શકે છે, અલહમ્દોલિલ્લાહ !

૩. આના પછી ગુઝારીશ એ છે કે ૧૯૮૬માં બીજીવાર ચીનના પ્રવાસનું સદ્‌ભાગ્ય સાંપડયું જોકે આ પ્રવાસ મર્યાદિત અને ટૂંકો હતો પરંતુ ખુદાના ફઝલથી તેમાં ધાર્યા કરતાં વધારે સફળતા અને બેહદ આનંદ મળ્યા. તેમાં સૌથી પ્રથમ જે વખાણવા લાયક વસ્તુ નો અનુભવ થયો તે ચીનની પ્રગતી છે. યારકંદ મારા માટે ઘણુંજ બરકતવાળું શહેર છે કેમકે એ સત્ય અને હકીકત છે કે (મોમીનોના પગની ધુળ) આ બંદાએ ત્યાં ફકત થોડિક કરામતો નહીં પરંતુ નૂરે ઈસ્લામના ભરપૂર ચમત્કારોની એક કાયનાત જોઇ છે. કુરઆને હકીમમાં આવેલ કાફ, તે, મીમ હેઠળ તમો જોઇ લ્યો કે શું ઈલ્મોહિકમતની ભાષામાં આ ચમત્કારો તરફ ઈશારો નહીં કરવો જોઈએ ? શું હક (સચ્ચાઇ) અને શહાદતને છુપાવી લેવા જોઈએ? (૨/૧૦૦, ૨/૪૨, ૨/૨૮૩) હરગીઝ નહી, હરગીઝ નહી.

૪. યારકંદના પ્રવાસ પછી આ ખાકસાર સેવકને લંડનના મિત્રોથી મળવા માટેનું નક્કી થયું. તે ઈમામતના ચીરાગના પરવાનાઓ મારફતના નૂરના પ્રકાશમાં એક ભવ્ય અને સફળ મઝહબી અને ઇલ્મી ઝીંદગી વિતાવી રહ્યા છે. તેઓને ઊચ્ચ

દરજજાની આ સોનેરી તક પ્રાપ્ત છે કે દીને ઈસ્લામ અને ઈસમાઈલીય્યતની કલમી અને ઈલ્મી ખિદમત કરે. તેઓ એક એવા દેશમાં રહે છે, કે જ્યાં જાહેરી ઈલ્મ (જ્ઞાન) અને ભૌતિક પ્રગતીઓનું તોફાન ચાલી રહ્યું છે અને તેના પરિણામ રૂપે ઘણાય સવાલો ઉદ્ભવી શકે છે જેના ઉપર તેઓ વખતો વખત મળીને પ્રકાશ પાથરે છે અને કયારે કયારે આ દરવેશ બંદાને પણ આ ઈલ્મી મહેફીલમાં ભાગ લેવાને માટે આમંત્રણ આપે છે.

૫.એ તો દરેકને ખબર જ છે કે જ્યાં ઈલ્મની સપાટી વધુ અને વધુ ઊંચી હોય, ત્યાં હકીકી ઈલ્મનું જાહેર થવું કુદરતી રીતેજ એજ ધોરણ પર થઇ જાય છે. આ ઈલ્મની એક બીજી શરત આજીઝી અને પુષ્કળ પ્રમાણમાં ઝીકર અને બંદગી છે. જો તમો ઇચ્છો તો ઈલ્મની લાગણીથી ભરપૂર થઈને તથા તેને પૂરી એકાગ્રતાથી સાંભળીને ઈલ્મના જલ્વાને માટે ખેંચાણ પેદા કરી શકો છો. પછી એ કેમ થઇ શકે છે કે આપણે બંદાઓ રૂહાની અને ઈલ્મી ભૂખ અને તરસના માર્યા ગીરીયાઝારી તથા ફરિયાદ પર ફરિયાદ કરતા રહીએ અને ખુદાતઆલાને એ દુ:ખભરેલી હાલતની જાણજ ન હોય. જો કે કુરઆને કરીમમાં વારંવાર ફરમાવેલું છે કે "ખુદા તમારા (કાર્યો) આમાલોથી ગાફેલ (બે ખબર) નથી." (૧૧/૧૨૩)

૬. જો એમ માનવામાં આવે કે આ સેવક એક શિક્ષક (ઉસ્તાદ) છે, તો ચોક્કસપણે એ ઉપમા પણ તદ્દન વ્યાજબી થઇ જાય છે કે દરેક શિક્ષક એક દૂધ પીવડાવનાર મહીલાની જેમ છે અને તેની પોતાની (વ્યકતિગત) જાણકારીઓ ઈલ્મી દૂધ કહેવાય છે, પણ તેમાં એક મોટો તફાવત પણ છે, તે એ કે જાહેરી સ્ત્રી અને માદા જાનવરનું દૂધ મર્યાદિત પ્રમાણમાં હોવાની સાથે સાથે એક નક્કી સમયના

માટે હોય છે પરંતુ ઈલ્મનું દૂધ અમર્યાદિત પણ છે અને કાયમનું પણ, માટે દાખલા તરીકે જો તમો કોઈ કાબેલ ટીચરને ઘરમાં કેદ કરી દયો છો તો તે ગરીબ જ્ઞાની મહીલાનું કિંમતી દૂધ સદાને માટે સુકાઈ જશે અને એ સ્વરૂપમાં તેનું વ્યકિતગત રીતે તથા કોમનું સામુહિક રીતે નુકસાન થઈ શકે છે.

૭. અલહમ્દોલિલ્લાહ ! મારા અતીશય મહેરબાન ઈમામેઝમાન સલ્વાતુલ્લાહ અલૈહી વ સલ્લમની પાક નૂરાની દુઆ અને જબરદસ્ત મદદથી મારાં પૂર્વે અને પશ્ચિમના ઘણા મિત્રો, પ્રીયજનો અને વિધાર્થીઓએ આ મીઠા દૂધ ને ન ફકત ચાલતુ જ રહેવા દીધુ બલ્કે સાથે સાથે તેમાં વધારો અને પ્રગતી ના માટે પણ તકો મેળવી આપી, જેમકે સંસ્થાના સ્વરૂપમાં મળીને કામ કરવું, જેમા પુસ્તક લખવાનું (લેખ), તરજુમા, કેળવણી દેવાનું તથા લેકચર્સ (ભાષણો)નો પ્રબંધ, ફાયદામંદ ઈલ્મી સવાલો, પ્રવાસની ફરજો, જમાત અને સંસ્થાઓની ખામોશ ખિદમત વિગેરે વિગેરે સમાઈ જાય છે. આમ આ ઈલ્મી ખિદમતનો સઘળો સવાબ મારાં પ્રીયજનો (મિત્રો)ને પ્રાપ્ત છે અને તેનાથી મને અનહદ ખુશી છે.

૮. પાક અને પવીત્ર ઈમામ અલૈહિમુસ્સલામ ની નૂરાની દુઆ કેવી રીતે કામ કરે છે તેના વિષે એક હંમેશનો વિષય હોવો જોઈએ, કેમકે દરેક મોમીન ની સરળતા એજ મુબારક દુઆની બરકતો ના થકી પ્રાપ્ત થાય છે તેથી લંડન જેવા મહાન અને અતીશય સુંદર શહેરના કોઈ પવીત્ર ઘરમાં એકલતા, સખ્ત મહેનત ઈબાદત અને મુનાજાત નું સદ્ભાગ્ય સાંપડયું, તે સિવાય અમોએ અમારાં ફરીશ્તા જેવા ગૂણોવાળા પ્રીયજનો ની સાથે પણ ઘણીવાર અશ્રુઓના ચમકતા મોતીઓ વરસાવતાં મુનાજાત અને દુઆ કરી જેનાથી

IIS
Institute for
Spiritual Wisdom
and
Luminous Science
Knowledge for a united humanity

હૃદયની શાંતિ પ્રાપ્ત થઇ અને આ રૂહપરવર ક્રમ લગભગ એક મહિના સુધી ચાલતો રહ્યો, એજ એતકાફ જેવી મુદ્દતમાં આ પ્રીય પુસ્તીકા જેને હકાઈકે આલીયા (ઊંચી હકીકતો)નું નામ આપવામાં આવેલું છે તે લખાણી અને પુસ્તીકાનું આ નામ અમારાં મહાન મિત્રોના પ્રસ્તાવ થકી નક્કી થયું.

૯. કુરઆની હિકમતનું કહેવું છે કે દરેક વસ્તુમાં ઈલ્મ છે, અર્થાત દરેક ઉપમા માં ઈલ્મનોજ ઉલ્લેખ મૌજૂદ છે (૪૦/૭, ૬/૮૦) તો તે સલ્વાત કે જે અલ્લાહતઆલા અને તેના ફરીશ્તાઓ ઈમાનવાળાઓ ઉપર મોકલે છે, તે ઈલ્મનું એક સ્વરૂપ છે કે જેથી તેઓને અજ્ઞાનતાના અંધકારમાંથી બહાર કાઢીને મારફત ના નૂરની તરફ લઈ જવામાં આવે (૩૩/૪૩) અને સલ્વાત પણ ઈલ્મનીજ એક પરિસ્થિતિ છે કે જે રસૂલે અકરમ સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વ સલ્લમના તરફથી મોમીનોને પ્રાપ્ત થાય છે (૯/૧૦૩) અને હવે એજ ઈલ્મ, વખતના ઈમામ અલૈહિસ્સલામ તરફથી મળી શકે છે. કેમકે એજ હેતૂના માટે ખુદા તથા રસૂલે, ઈમામ (અ.સ.)ને નિયુકત કરેલા છે (૫૭/૨૮).

૧૦. ખુદાવંદ તબારક વ તઆલાએ ચાર ઠેકાણે ઈમામના વખાણ કરેલા છે. તે છે લાહૂત, જબરૂત મલકુત અને નાસૂત. આલમે નાસૂતમાં ઈમામે આલી મુકામની જે મારફત છે તેના ત્રણ દરજજા છે. એટલે કે ઈમામના વખાણ પયગમ્બરોની સાથે પણ છે, તેના પછી પણ અને મોમીનોની સાથે પણ.

સવાલ : નબુવ્વતના નૂર અને ઈમામતના નૂરના એકજ મુકામ ઉપર હોવાની ઉપમા અને દલીલ શું છે ?

જવાબ : (અ) જુઓ તે ખીલાફતે ઈલાહીયા ની અવ્વલ જાહેરાતને, જેમાં ખુદાની ઈચ્છા નબુવ્વત અને ઈમામત બંન્ને છે (૨/૩૦). (બ) હઝરત ઈબ્રાહીમ અલૈહિસ્સલામ પયગમ્બર પણ હતા અને ઈમામ પણ જેનાથી નબુવ્વત અને ઈમામત એક મુકામ પર રહેવાની સાબિતિ મળી જાય છે (૨/૧૨૪). (ક) હઝરત મૂસા અને હઝરત હારૂન અલૈહિસ્સલામ બંન્ને ઉપર વહી નાઝીલ થતી હતી. તેમાંથી પહેલી વહી 'જલી' (જાહેર) છે અને બીજી વહી 'ખફી' (છુપાયેલી), અને સૌ જાણે છે કે હઝરત હારૂન અ.સ. ઈમામ હતા (૨/૨૪૮, ૨૧/૪૮).

૧૧. સવાલ : પયગમ્બરના પછી ઈમામનું હોવું શા માટે જરૂરી છે? અને તેની શું સાબિતિ છે ?

જવાબ : (અ) દરેક પયગમ્બરનો એક વઝીર અને જાંનશીન (વારસદાર) હોય છે કે જેથી લોકોને આસમાની પુસ્તકની હિકમતથી જાણકાર કરી દેવામાં આવે (૭/૧૪૨, ૨૫/૩૫). (બ) પ્રત્યેક આસમાની પુસ્તકનો એક ખાસ વારસ હોય છે અને તે ઈમામ જ છે (૩૫/૩૨). (ક) રસૂલ (સ.અ.સ.)ના પછી ઉલીલ અમ્રનો ક્રમ (સીલસીલો) ચાલતો રહ્યો છે (૪/૫૯). (ડ) આસમાની પુસ્તકની સાથે સદાય ને માટે નૂરે મુનઝઝલ (નાઝીલ થયેલ નૂર)નું હોવું પણ ઘણુંજ વધારે જરૂરી છે (૫/૧૫).

૧૨. સવાલ : જે ઈમામ, અંબીયા અલૈહિમુસ્સલામ ની સાથે હોય અને તેમના પછી પણ હોય, તે મોમીનોની હાર (લાઇન)માં કેવી રીતે આવી શકે ?



ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

જવાબ : (અ) હઝરત ઈમામ અલૈહિસ્સલામ, સાહેબે અમ્ર, (વલીએ અમર) મોમીનોના સરદાર છે (૪/૫૯). તેથી જાહેરમાં અને બાતિનમાં ઈમાનવાળાઓની પ્રથમ હરોળમાં બલ્કે તેનાથી પણ આગળ તેમનું હોવું જરૂરી છે, કે જેથી પયગમ્બરના પછી, ઉમ્મત વખતના ઈમામની (પાછળ ચાલી શકે) પૈરવી કરી શકે. (બ) કુરઆને હકીમમાં જ્યાં જ્યાં ખુદાવદે આલમે દરેક ઝમાનાના મોમીનોને સંબોધન કર્યુ છે જેમકે "યા અય્યુહલ્લઝીના આમનુ" (અય ઈમાન વાળાઓ), ત્યાં ઈમામે આલી મકામ, અમીરૂલ મોમીનીનની હેસીયતે આગળ આગળ છે. (ક) સુરહ હદીદમાં ફરમાવેલું છે (તરજૂમો) "જે દિવસે તમો મોમીનો અને મોમીનાતને જોશો કે તેમનું નૂર તેમના આગળ તથા જમણી બાજુએ દોડતું હશે." આ હુકમ હઝરત ઈમામો, મોમીનો તથા મોમીનાતમાં એક જેવો (સામાન્ય) છે. એટલે કે આ નૂરાની કેળવણીમાં ઈમાનવાળા પુરૂષો અને સ્ત્રીઓની સાથે ઈમામ પણ છે, જેના લીધે નજાત (મુકિત)વાળાઓનો આ અકલી નૂરનો દરજજો સો ગણો મહાન હોવાનું કારણ નજરે આવે છે. પાક પવીત્ર ઈમામ (અ.સ.)ની જે મારફત (ઓળખાણ) નાસૂતમાં એટલે કે જીસ્માની જગતમાં છે, તે મૂળભૂત હોવાને કારણે ખૂબજ જરૂરી છે અને જે વખાણ અને ખૂબીનું વર્ણન મલ્કૂત, જબરૂત અને લાહૂતમાં કરવામાં આવ્યું છે તે તેના પછીની વસ્તુ છે અને તે આનાજ તાબામાં છે. હવે (આથી વધુ) આ પ્રસ્તાવનામાં આના ખુલાસા માટે અવકાશ પણ નથી.

૧૩. આ સેવકના લેખો, ઘણુ કરીને આ વિષયો સંબંધે છે "કુરઆને હકીમ, ઈસ્લામ, તૌહીદ, (ખુદાની ઓળખ) નબુવ્વત, (પયગમ્બરની ઓળખ) ઈમામત (ઈમામની ઓળખ), આસ્માની મોહબ્બત એટલે કે ખુદા, રસૂલ (સલ.) અને ઈમામ (અ.સ.)ની

મોહબ્બત, ઈસમાઈલીયતના તરીકા, તકવા, ઝીકર અને ઈબાદત તથા ગીરીયાઝારી, ઈતાઅત અને ફરમાનબરદારી, નૂર અને નૂરાનીયત, રૂહ અને રૂહાનીયત, તસવ્વુફ, હિકમત, બાતીનીયત, ખુદાની દરેક વસ્તુ જીવંત છે, સુન્નતે ઈલાહી, કુદરતનો અભ્યાસ, હદૂદે દીન, ઈલ્મુલ ઈશારાત, ઈલ્મુલ આદાદ, ઈલ્મુલ તાવીલાત, ઈલ્મુલ અસરાર, ઈલ્મુલ નૂકુશ (ડાયાગ્રામ્સ), અસરારે અંબીયા વ અઈમ્મા, એક હકીકત (MONO REALITY), આલમે ખયાલ, આલમે ખ્વાબ, આલમે ઝર્રે (રજકણનું જગત) આલમે શખ્સી, (આલમે સગીર), હિકમતે તસનીયા એટલે કે બે (એક પછી બે)ની હિકમત, અનાએ ઉલવી અને અનાએ સીફલી કયામત, ઈબ્દા અને ઈમ્બીઆસ, તખલીક દર તખલીક, અઝલ અને અબદ, લા મકાન અને દહર, ઈન્સાન અને ઈન્સાનીયત, વહદતે ઈન્સાની, ઉડતી રકાબીઓ (FLYING SAUCERS), જીસ્મે લતીફ રૂહાની મશ્કે (પ્રેકટીસ), કીસ્સાએ મોઅજીઝાત, રૂહાની ખુશ્બુઓ, રૂહાની સાયન્સ, મઝહબ અને સાયન્સ, કુરઆની અને ઈલ્મી ઈલાજ, જીવંત બહેશ્ત, સવાલ અને જવાબ, રૂહ અને માદ્દા (ભૌતિકતા) દાયરાએ દાઈમીયત, લા ઈબ્તેદા અને લા ઈન્તેહા," વિગેરે વિગેરે.

૧૪. ઉપર વર્ણવેલાં લેખોમાંથી અમુક અનુક્રમે ગોઠવેલા તથા એકત્ર કરેલા છે, અમુક એ મુજબ નથી પરંતુ તેનાં વિભાગો અન્ય વિષયના લેખોમાં વિખરાયેલાં છે જેમકે "કીસ્સાએ મોઅજીઝાત" કે જે એકત્ર કરેલ વિષય નથી પણ ઠેક ઠેકાણે ઘણા વધારે પ્રમાણમાં, ન ફકત ઈશારાઓમાં પણ સ્પષ્ટ શબ્દોમાં પણ તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. માટે અહીં આ લેખો આ સિવાયની અનુક્રમણિકા વાંચનારાઓની જાણકારી ખાતર બતાવવામાં આવી છે.

(૧૫) જેમકે દરેક સંસ્થાનો એજ સિધ્ધાંત છે કે દરેક પ્રોગ્રામ અને દરેક કામ ઊચ્ચ ઓફીસર એટલે કે પ્રમુખની તજવીઝ અથવા હુકમ અથવા મંજૂરી અને દેખરેખ વગર પૂર્ણ નથી થઇ શકતું તેમ છતાં સાચી વાત તો એ છે કે અમારા બંને પ્રમુખ સાહેબો આ રસમી ગુણથી વધીને સુંદર કાર્યો કરતા આવ્યા છે, તેઓને સૂકી બુઝુર્ગી જરા પણ પસંદજ નથી. તેઓ આજના પૂર્વ તથા પશ્ચિમના પ્રગતી પામેલા માનવોની જેમ જબરદસ્ત સોશ્યલ વર્કરો, બલ્કે તેઓ તો ઇલ્મી મુજાહીદોના સરદાર છે, અને ખુદાના ઇલ્મમાં આ વાત સ્પષ્ટ છે કે હું જાનોદીલથી તેઓના હજારો અહેસાનો તથા તેઓની ખિદમતોની કબૂલાત કરી રહ્યો છું. અર્થાત જનાબ ફતેહ અલી હબીબ, પ્રમુખ ખાનાએ હિકમત અને જનાબ મહમદ અબ્દુલ અઝીઝ, ઇદારાએ આરીફના પ્રમુખનો બેહદ શુકર ગુઝાર છું કે ઇમામે ઝમાનના આ આશીકોએ પોતાના પૂર્વ તથા પશ્ચિમના એટલે કે આજુ બાજુના સઘળા સાથીઓની ભરપૂર મદદ વડે મારી મર્યાદિત ઇલ્મી ખિદમતને અ-મર્યાદિત અને કદી ખતમ ન થનાર (અનંત) બનાવીને આલમે ઇસ્લામ તથા ઇસ્માઇલીયતમાં ફેલાવી દીધી, વળી મહોતરમા એડવાઇઝર ગુલશકર ફતેહઅલી તથા મહોતરેમા સેક્રેટરી યાસમીન મહમદનો પણ ખૂબજ આભારી છું કે આ ચાર જીસ્માની ફરીશતાઓએ બીજા અમલદારો અને મેમ્બરોની સહાય વડે અતીશય ફાયદો દેનારા કાર્યો બજાવ્યા છે, તેની કયાંય ઉપમા નથી મળતી. તેઓના સદ્‌ગૂણો અને કમાલીયતને વર્ણવવા માટે કેટલાંય મહિનાઓનો સમય પણ ઓછો છે. ટૂંકમાં એટલું કે એ મુશ્કેલ અને ગૂંચવણભર્યા સંજોગોમાં આ સૌથી મુશ્કેલ કામ (એટલે કે ઇલ્મી ખીદમત) કરવા માટે ખુદાવંદની આંખોએ દુનિયાભરના લોકોમાંથી તેમને તથા તેમની આજુબાજુના કાર્યકરોને પસંદ ફરમાવેલ છે. તેની સાથે સાથેજ તે સઘળાઓને ઊચ્ચ હિમ્મત તથા આત્મવિશ્વાસ પણ અર્પણ કરેલ છે.

૧૬. અમારાં મિત્રો કે જેઓ પાક પવીત્ર ઈમામ (અ.સ.)ના નૂરાની ઈલ્મની બરકત વડે રૂહાની કણોના રહસ્યોથી ખૂબ સારી રીતે જાણકાર છે, તેઓ એ હકીકત ઉપર વિશ્વાસ રાખે છે કે આપણે સઘળા કણના સ્વરૂપમાં આપણી દરેક વ્યકિતની અંદર મૌજૂદ છીએ, માટે કોઈ એકના વખાણ, અસલમાં સઘળાના વખાણ છે, તેમ છતાં અત્રે એ વ્યાજબી છે કે ઈદારાએ આરીફની લંડન બ્રાંચના ચેરમેન અમીન કોટડીયા અને સેક્રેટરી મરીયમ કોટડીયાનો ખાસ કરીને શુકર અદા કરીએ કે "હકાઈકે આલીયા" પુસ્તકમાં જે મોતીઓનો ખજાનો છે તે એ રહેમતના વરસાદના મોતીઓ વિખેરવા થકી એકઠો થયો છે કે જે મૌલાના ઈશ્કના સમુદ્રથી ઉપડી ઉપડીને મિત્રોના ખયાલોની હવાઓમાં છવાયેલો રહીને વરસતો રહેતો હતો, સુબ્હાનઅલ્લાહ ! શાહે વિલાયતની નૂરાની કરામત જુઓ કે પૂરા લંડનમાં શરદીની મોસમ જોર પકડી રહી છે પરંતુ તેનો એક ખૂણો એવો પણ છે કે જેમાં અમુક દરવેશોની દીલની ખુશીના ખાતર રૂહપરવર વસંતની વર્ષા થઈ રહી છે.

૧૭. અંતમાં અમો સઘળા 'આરીફ'ની અમેરીકાની બ્રાંચના ચેરમેન નુરૂદ્દીન રાજપારીની ઈલ્મી મિત્રતા તથા ખૂબ જ કિમતી ખિદમતનો હૃદયના ઊંડાણથી આભાર માનીએ છીએ. એજ રીતે કો-ઓર્ડીનેટર માહેમહેલ બદરૂદ્દીન અને કો-ઓર્ડીનેટર યાસ્મીન નૂરઅલીના પણ હાર્દિક આભારી છીએ કે આ મિત્રો પોતાના મૌલાએ બરહકના હકીકી ઈલ્મનો પ્રકાશ દૂર દૂર સુધી ફેલાવવા માટે બુલંદ અને ઊચ્ચ તથા મજબૂત દીવાદાંડી (LIGHT HOUSE) છે. ખુદાવંદે આલમ સઘળા મોમીનોને બેઉ જહાનની સલામતી અને સફળતા ઈનાયત ફરમાવે ! આમીન ! !

***–નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઈ.***
***સોમવાર ૪ જમાદીલ અવ્વલ ૧૪૦૭.***
***૫ જાન્યુઆરી ૧૯૮૭.***

# રૂહાની-હકીકી ફૂલો

(૧) ફરીશ્તા જેવા ગૂણોવાળા અમારા બંન્ને પ્રમુખો ફતેહઅલી હબીબ અને મહમદ અબ્દુલ અઝીઝ કે જેઓ ખુદાવંદી અહેસાનો તથા ઈનામો માંથી હોવાના કારણે અમોને અતીશય વહાલા અને માનનીય છે અને અમારાં અન્ય સઘળાં અમલદારો તથા કાર્યકરો જેઓ એજ અર્થમાં ખૂબજ વહાલાં છે, તે સઘળાને અને ઊત્તરીય વિસ્તારના સઘળાં મિત્રોને હૃદયના ઊંડાણથી યાદ કરતાં યા અલી મદદની પાક દુઆ કરૂં છું. પરવરદીગાર તેને કબૂલ ફરમાવે!

(૨) પાક પવીત્ર ખુદાવંદના ફઝલો કરમથી તથા આપ સઘળા મિત્રોની નિખાલસ તથા મારફતવાળી દુઆથી આ દરવેશ બંદો ૨૪ નવેમ્બર ૧૯૮૯ની સાંજે છ વાગે લગભગ અઢાર કલાક પછી લંડન એરપોર્ટ ઉપર ઊતર્યો. જો કે આ મુસાફરી સારી જેવી લાંબી હતી પણ ખુદાનો શુકર છે કે કોઈ તકલીફ ન થઈ. આ ગરીબને સત્કારવા માટે મિત્રો આવ્યા હતા : ડોકટર ફકીર મહમદ સાહેબ હુંઝાઈ, તેમની ધર્મપત્ની માનવંત બેગમ રશીદા, પ્રમુખ અમીન કોટડીયા, તેમની ધર્મપત્ની માનવંત મરીયમ તેમના વહાલા ફરઝંદ સલમાન કરીમ, મારાં પ્રીય મિત્ર અબ્દુલ રહેમાન તથા માનવંત ગુલશન. આ સહેબો પશ્ચિમના સઘળાં શિષ્યોનું પ્રતિનિધિત્ત્વ કરી રહ્યા હતા. તેમણે ખુદાવંદી તૌફિકના અવાજ વગરના ઈશારાઓથી એક અતીશય હિકમત ભરેલ ભેટ રજૂ કરી, એ હતો ગુલે યાસમીનનો એક સુંદર ગુલદસ્તો જે એક ખૂબસૂરત કાગળમાં વિંટાળેલ હતો કે જેથી યાસમીનના ફૂલોની સુગંધ ભરેલી નરમ, નાજુક અને સ્વચ્છ

પાંખડીઓ તાજી રહે. મેં કદાચ ઝીંદગીમાં પહેલીવાર યાસમીનના ફૂલને આવી સ્થિતિમાં બિલકુલ નવીન અને તાજા જોયા.

(૩) જો અંતરચક્ષુથી કામ લેવામાં આવે તો આ કાયનાતની વસ્તુઓના એકબીજામાં હળવા મળવા અને વહેદત એટલે કે એક હોવાના વહીવટને જોઇને ઘણું આશ્ચર્ય થવા લાગશે અને એમ શા માટે ન થાય જ્યારે કે કુદરતના હાથ વારંવાર આસમાનો તથા ધરતીને સઘળી વસ્તુઓ સહીત લપેટતા તથા સમેટતા રહ્યા છે. અને ખુદાના આ કાર્યમાં એટલી વધારે હિકમતો છે કે તેને જીન, ફરીશ્તા તથા મનુષ્યો ગણી નથી શકતા, માટે મને એ વાતનો ભરોસો છે કે મહેકતા યાસમીનના ફૂલના સ્વરૂપમાં આ નમ્ર બંદો પૂર્વ અને પશ્ચિમની ઘણીય પાક પવીત્ર રૂહોને સુંઘી સુંઘીને હૃદય અને મગજને તર કરી રહ્યો હતો. આ એક ખૂબજ જરૂરી સવાલ છે કે જેના વિષે ખૂબ ગંભીરતા વડે વિચાર કરવો જોઇએ કે રહેમતે આલમ સલ્લલ્લાહો અલૈહી વ સલ્લમ ખુશ્બુ એટલે કે સુગંધને ભૌતિક વસ્તુઓમાં આટલું વધારે મહત્ત્વ શા માટે આપતા હતા ? અમારો વિશ્વાસ એ કહે છે કે આમાં કેટલીય મહાન હિકમતો છુપાયેલી હશે, અને તેમાંથી એક હિકમત એ છે કે જ્યારે પવીત્ર રૂહની ઝહૂરાતો થાય છે તો તેમાંથી એક ઝહૂરાત જુદીજુદી સુગંધોના સ્વરૂપમાં આવે છે. આવી સુગંધો સુક્ષ્મ શરીર છે તેથી તે શરીર પણ છે અને રૂહ પણ, કે જેથી શરીર અને રૂહ બંન્ને માટે ખુશીનું તથા આનંદનું કારણ તથા શકિતનું સાધન સાબિત થાય.

(૪) અમો કુરઆને હકીમની દરેક આયતોને એક FORMULA માનીએ છીએ અને યુસુફના કુરતામાં પયગમ્બર તથા ઇમામ સલ્વાતુલ્લાહ અલૈહીમના સુક્ષ્મ શરીરનો ઉલ્લેખ

ફરમાવેલો છે જેમાં બહેશ્તની અતીઘણી ખુશ્બુઓ હોય છે અને હઝરત મહમદ (સ.અ.સ.)ની પવીત્ર સુન્નતમાં સુગંધની મહત્ત્વતાનો હેતૂ એજ છે કે દરેક હોશમંદ, રૂહ અને યુસુફ (અ.સ.)ની હવા (સુગંધ) (૧૨/૯૪)ની હકીકતને ઓળખી લ્યે.

(૫) ગંધ અને રંગની આ દુનિયામાં જાહેરી રીતે સુંદર દેખાનારા ફૂલો તો ઘણાંય છે પણ મોટાઈ તે ફૂલોની છે કે જે રંગીનીઓ સિવાય અત્તર (બનાવવા માટેના) ખજાના પણ ધરાવે છે, અને લોકો આવા ફૂલોને ઘણાજ પસંદ કરતા હોય છે પણ કારણ જાહેર નથી કે શા માટે ? અને આની પાશ્ચાદ ભૂમિકા શું છે ? તેમ છતાં જ્ઞાનીઓ જાણે છે કે આમ શા માટે છે, તેઓ જાણે છે કે મનુષ્ય જે સ્વભાવને લઈને પેદા થયો છે તે એક સંપૂર્ણ અને પરીપૂર્ણ કુદરત છે, જેના હિકમતની ભાષામાં વખાણ કરવામાં આવ્યા છે. (૩૦/૩૦). આ ફિતરત એટલે કે સ્વભાવ, એ ગૂણ છે કે જેને બહેશ્તની પાક માટીથી ગુંદવામાં આવેલ છે. અને જન્નતની ધરતીથી ફૂલોનો સીધેસીધો સંબંધ હતો જેની યાદદાશ્ત (સ્મરણ શકિત) માનવીય સ્વભાવમાં દફનાવવામાં આવેલી છે. આજ કારણ છે કે મનુષ્ય ફૂલોથી મહોબ્બત તો કરે છે પરંતુ તે એનું કારણ વર્ણન નથી કરી શકતો.

(૬) બીજો દાખલો એ છે કે જે રીતે લોકો રૂહાની કણોના સ્વરૂપમાં નૂહની કિશ્તીમાં સવાર હતા (૩૬/૪૧, ૧૭/૩). એજ રીતે તેઓ હ:આદમ (અ.સ.)ના વંશથી સંબંધિત રહીને બહેશ્તના બાગમાં પણ રહી ચૂકયા છે (૭/૧૧, ૭/૧૮૯). આ મહાન બનાવો તેઓને યાદ નથી, જેમ "અલસ્ત"નો બનાવ આજે કોઈને યાદ નથી પરંતુ કુરઆનેહકીમ યાદ દેવરાવે છે, કેમકે માનવીથી કણોના જગતમાંની લાંબી ઝીંદગી બીલ્કુલ વિસરાઈ ગઈ છે તેમ

છતાં તેના સ્વભાવમાં તે જગતની ન્યામતોથી એક ખામોશ તથા છુપાયેલ સંબંધ બાકી છે જેને લીધે તે એ વસ્તુઓને ચાહે છે પણ તે એનું કારણ જણાવી નથી શકતો.

(૭) ઈલમનો તે ભાગ સહેલો છે, જે અમલી અને ઐતિહાસિક પ્રકારનો હોય, અર્થાત લોકોને ઈલમની એવી વાતો સારી રીતે યાદ રહ્યા કરતી હોય છે કે જે મહત્ત્વના પ્રસંગો અને તેમના નેક પ્રયત્નોના પ્રત્યાઘાત પાડતા હોય, માટે અમારી ફરજ છે કે અમારાં સઘળા મિત્રોના રજૂ કરેલાં ફુલો અને સુંદર તથા ખૂબસૂરત ફુલો જેવા કાર્યોને ન ફકત મોઢા ઉપર યાદ કરીએ પરંતુ ઈલ્મો હિકમતની ભાષામાં તેની રજૂઆત કરવા માટે પ્રયત્નો પણ કરીએ, કેમકે મીસગાર, હુંઝા, ગીલ્ગીટ, કરાચી, લંડન, કેનેડા, અમેરીકા વિગેરેમાં અમારાં મિત્રો ઈલ્મે ઈમામતના ફુલો ઉગાડી રહ્યા છે, કે જેથી એક દુનિયા મધની મીઠાશ તથા અત્તરની દોલતથી માલામાલ થાય, એજ કારણ છે કે અમારા મિત્રો અમુક જગ્યાએ જાહેરી ફુલોને પણ ભેટ તરીકે રજૂ કરે છે કે જેથી અસલ હિકમતની નીશાની તથા દલીલ હોય અને જાણવા વાળા લોકો આના અર્થો તથા ઈશારાઓને સમજી શકે.

(૮) આ ફાની દુનિયા એકંદરે આલમે બાકી એટલે કે અનંતની દુનિયાની એક પ્રકાશીત દલીલ છે. અહીંના કરમાઈ જનારા ફુલો સ્થિતિ (હાલત)ની જીભથી કહી રહ્યા છે કે ઈલ્મ અને રુહાનીયતના ફુલ સદાબહાર રહેતા હોય છે, જેની સુગંધ કયારેય ઓછી નથી થઈ શકતી તે ફુલ ફકત એક જ છે, પણ હજારો બલ્કે અગણિત ફુલોના સ્વરૂપમાં તેના રુપ નજરે પડે છે કે જેથી એકમાંથી અનેકની ઝહુરાત તથા એકના કારણે અનેકની રજૂઆતની હકીકત

પર પ્રકાશ પડે, જે રીતે ખુદાનો હાથ કાયનાત તથા તેમાં મૌજૂદ દરેક વસ્તુને દરેક વખતે ફેલાવે પણ છે અને મુઠ્ઠીમાં લપેટી પણ લ્યે છે કે જેથી પાછા ફરવું તથા શરૂ કરવાનો ક્રમ એક સાથે ચાલતો રહે.

(૯) દરેક વસ્તુ અને દરેક ચહેરો પોતાના અંતના લીધે એ હકીકત તરફ ઈશારો કરતો રહે છે કે દરેક વસ્તુ અંત પામી જાય છે પરંતુ ખુદાનો ચહેરો અંત પામવાથી અને ફના થવાથી અલગ અને ઊપરવટ છે. વળી લોકોનું અંત પામવું બે પ્રકારે હોય છે, જહાલત એટલે કે અજ્ઞાનતા અને નાદાનીના અંધકારમાં તથા ઈલ્મ અને મારફતના પ્રકાશમાં, તો જ્યાં અંધકાર છે ત્યાં કંઈ પણ નજરે નહીં પડે અને જે ઠેકાણે નૂર (સંપૂર્ણ પ્રકાશ) હોય ત્યાં ખુદાના ચહેરામાં દરરેક ચહેરો ફના થઈ જતો દેખાશે. અને એથી વધીને કોઈ સદ્‌ભાગ્ય નથી થઈ શકતું કે કોઈ શખ્સ આજ રીતે પોતાના અસલમાં વાસલ થઈ જાય અને પોતાની અના એટલે કે પોતાપણાને અઝલના (અનંતતાના) મરતબામાં જુએ.

(૧૦) "અઝલ" જાહેરીમાં તો ત્રણ અક્ષરોનો એક શબ્દ છે પણ તેની હકીકતમાં અલ્લાહતબારક તઆલાનો સૌથી મોટો ભંડાર છુપાયેલો છે, જેમાં મારફતના સઘળા મોતીઓ એકઠાં થયેલાં છે તે એ રીતે કે જે રીતે કોઈ બાદશાહના સૌથી મોટા ખજાનામાં સીક્કા સ્વરૂપે તથા મિલ્કત અને ઝવેરાત સઘળું સમેટાયેલું વર્તમાન (હાજર) હોય છે અને અઝલના ભેદોથી વધીને કોઈ ભેદ નથી પણ ખૂબ અજબ વાત તો એ છે કે ત્યાં જેટલા શબ્દો અને નીશાનીઓ (TERMS) નક્કી છે તે સઘળી ખુદાના ચહેરા તથા તેની અતી ઘણી તજલ્લીઓના માટે છે, કેમકે તે સ્થળ એવું નથી કે ત્યાં વજહુલ્લાહ

(અલ્લાહના ચહેરા) સિવાય કોઈ વસ્તુ રોકાઈ શકે (૨૮/૮૮, ૫૫/૨૭). માટે અઝલ, અબદ અને દહર ખુદાના ચહેરાની (અનંત) હકીકતના નામ છે, જેમાં માનવીને એ રીતે ફના થઈ જવું છે કે તેના માનવીપણાનું નામો નિશાનજ મટી જાય અને તે બિલ્કુલ વર્ણવવા જોગ વસ્તુજ ન રહે (૭૬/૧).

(૧૧) જો અઝલ જેટલા દૂરથી પણ દૂરતમ (વધુ દૂર) ભૂતકાળનો કોઈ અતીશય પહેલાનો સમય હોત તો સમય વિતી જવાની સાથેસાથે લોકો તેનાથી છેટે થતા ચાલ્યા ગયા હોત. પરંતુ ખુદાએ મહેરબાને એવું નથી કર્યું અને તેથી કુરઆને હકીમનું ફરમાન છે કે અલ્લાહતઆલા મનુષ્યની જીવન-નસ કરતાં પણ વધુ નજીક છે (૫૦/૧૬). તો પછી ખુદા જ્યાં આટલો નજીક હોય ત્યાં અઝલ અને દહર કેમ દૂર હોઈ શકે છે, કેમકે એ જાહેર બાબત છે કે જે છેલ્લી મંઝીલમાં ખુદાવંદી દીદારની સૌથી મહાન ખુશનસીબી પ્રાપ્ત થઈ જાય છે તેજ મંઝીલમાં સર્વકાંઈ મૌજૂદ છે, અને એ કેવી રીતે થઈ શકે છે કે કોઈ મોટો અથવા નાનો ભેદ દીદારના મુકામથી હટીને હોય, જ્યારે કે કુરઆનની હિકમત એમ ફરમાવે છે કે દરેક વસ્તુને ઈલ્મ તથા ઈરફાની રીતે (મારફતની રીતે) ખુદાના ચહેરા પર કુરબાન કરી દયો (૫૫/૨૭, ૨૮/૮૮). કે જેથી તમો તેની ઝહુરાત અને તજલ્લીઓમાં દરેક વસ્તુ જોઈ શકશો અને સુરહ રહેમાનનો સ્પષ્ટ ખુલાસો તથા હેતૂ એજ છે.

(૧૨) જુઓ અને ધ્યાનપૂર્વક સાંભળો કે કુરઆને હકીમમાં અઝલનો ઉલ્લેખ મૌજૂદ છે, જ્યારે હઝરત મૂસા (અ.સ.)એ રબ્બે કરીમના સૌથી મોટા દીદાર માટે દરખાસ્ત કરી, તો તે વખતે રૂહાની હાલતથી અઝલનું સ્થાન આપ સાહેબ (અ.સ.)ની સામે હતું, આપ

(અ.સ.) અઝલના રહસ્યોનો અનુભવ કરી રહ્યા હતા અને અચંબાના દરિયામાં ડૂબી રહ્યા હતા, સમજો કે અલ્લાહ જલ્લેશાને પોતાની અનૂપમ તજલ્લીનો ભારી બોજ અકલના પહાડ ઉપર નાખી દીધો કે જેથી તે (પહાડ) ટૂકડે ટૂકડા થઈને અગણિત જવાહિરોમાં વહેંચાઇ ગયો, જેથી હઝરત મૂસા (અ.સ.)ના માટે આ ઇલ્મી દીદાર કે જે ઘણા બધા ભાગોમાં છે તે સરળ થઇ જાય. આમજ હકીકી ઇલ્મની અંદર મહાન ખુદાના નૂરનો રંગ તથા રૂપ અને ખૂબસૂરતી મૌજૂદ છે અને દરેક ઇરફાની (મારફતના) ભેદમાં તેનો એક દીદાર છુપાયેલો છે.

(૧૩) હુઝુરે અકરમ, ફખ્રે બની આદમ, રહેમતે આલમ સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસ્લમે જે શાનથી અઝલ તથા અબદની હકીકતો અને મારફતોનો અનુભવ કર્યો તેનું એક હિકમત ભરેલું વર્ણન સુરહ નજમ (૫૩/૧થી ૧૮)માં ફરમાવેલું છે. આ અઢાર પવીત્ર આયાતોમાં જે રીતે સરદારે રસુલ (સ.અ.સ.)ની મએરાજ, અઝલના મરતબાની સાથે મળેલી નજરે આવે છે તે અતીઘણી અજાયબી ભરેલી છે, જેમ સીતારાઓનું પડવું એટલે કે અકલના મોતીનું પ્રદર્શન અને બીજી મિસાલમાં કુદરતની કલમનું અઝલી (હમેશનું) હલનચલન, પછી હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)નું વ્યકિતગત રીતે માર્ગ પામવું અને સમૂહગત માર્ગદર્શનની તારીફ, જેમાં ન ફકત હુઝુરે અનવર (સ.અ.સ.)ના અઝલ તથા અબદ સુધી પહોંચવાના ઇશારા મૌજૂદ છે બલ્કે આપ સાહેબની સફળ હિદાયત અને માર્ગદર્શનનો ઉલ્લેખ પણ છે, કેમકે અલ્લાહતઆલાએ આ છેવટની મંઝીલના અનુસંધાનમાં પોતાના મહેબૂબ પયગમ્બર (સ.અ.સ.)ને મોમીનોના રૂહાની રફીક (મિત્ર) (તમારો સાથી) કહીને યાદ કર્યો છે, અને એમાં કાંઇ શંકા નથી

કે પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ના આ મુબારક નામમાં અને આ આયાતે કરીમામાં ઈમાનવાળાઓ માટે એ ખુશખબરી છે તેઓ રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસ્સલ્લમની (ફરમાનબરદારીમાં) પેરવીમાં– તેની પાછળ ચાલવામાં –અઝલના ખજાના સુધી પહોંચી શકે છે કે જે નબુવ્વત તથા ઈમામતના રહસ્યોના મોતીઓથી ભરેલા છે.

(૧૪) હઝરત પયગમ્બર (સ.અ.સ.)ની રૂહાની મએરાજ તથા અઝલના મુકામનો બીજો ઉલ્લેખ સુરહ બની ઈસરાઈલ (૧૭/૧)માં ફરમાવેલો છે, જેમાં અલ મસ્જીદ અલ અકસા (અતીશય દૂરની મસ્જીદ અથવા આસમાની મસ્જીદ)નો હેતૂ છે. અઝલનો દરજ્જો, કે જે ઈલ્મો હિકમતની અતીઘણી બરકતોનું ઝરણું તથા તેના નીકળવાનું સ્થાન છે અને તે મસ્જીદનો મરતબો એ અર્થમાં છે, કે ત્યાં પયગંબરાના ઔલીયાઈ અને આરીફાના ઈબાદત થતી હોય છે. દૂરની મસ્જીદની એક બીજી તાવીલ છેલ્લો ઈસ્મે આઝમ છે.

(૧૫) અંબીયા તથા ઔલીયા (ઈમામો)ની પવીત્ર હસ્તી જે રીતે અઝલ અને અબદના રહસ્યો સુધી પહોંચીને તેના મારફતનો અનુભવ કરી લ્યે છે, તેમાં કોઈ શંકા નથી. પરંતુ એ વિચારવું અને જાણવું અતીશય મુશ્કેલ કાર્ય છે કે શું મોમીનોને કયારેય આ હકીકતો તથા મારફતનો અનુભવ તથા જાણકારી થઈ શકે છે કે નહીં ? તો આવો આપણે આ વિષયમાં કુરઆને હકીમમાં જોઈએ.

(૧૬) કુરઆને કરીમની સૌથી વધારે ફેંસલો કરવાવાળી આયાત તે છે જેમાં સાફ રીતે નૂરનો ઉલ્લેખ મૌજૂદ છે,

ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

અને નૂર તો ખુદા, રસુલ (સ.અ.સ.) તથા ઈમામ (અ.સ.)નું છે. પરંતુ ઈતાઅત એટલે કે તાબેદારી કરવાની શરતે, એજ નૂર મોમીનોનું પણ થઇ જાય છે. આ માટે જોઇ લ્યો સુરહ હદીદ (૫૭/૧૨, ૫૭/૧૯) તથા સુરહ તહરીમ (૧૬/૮). હવે તમારૂ પૂર્ણ ધ્યાન દોરવવા માટે એ સવાલ કરૂં છું કે નૂરના કાર્યના વર્તુળમાં કયા કયા કાર્યો રહેલાં છે ? અને કયા કયા કામો આ વર્તુળની બહાર છે ? તમે હરગીઝ એ નથી કહી શકતા કે આ નૂર અઝલ અને અબદના ભેદો ઉપર પ્રકાશ નથી નાંખી શકતું, વળી એ પણ નથી કહી શકતા કે નૂરનું વર્તુળ મર્યાદિત છે. જ્યારે કે નૂરનો પ્રકાશ સર્વને પહોંચનાર અને સર્વને પોતાના ઘેરામાં લેનાર છે. આ વર્ણનથી સ્પષ્ટ છે કે નૂર દરેક દરજ્જાના અનુભવો તથા એક સંપૂર્ણ મારફતના માટે નક્કી થયેલ છે.

(૧૭) નૂરના ઘણા દરજ્જાઓ છે, તેમ છતાં સરળતાના માટે ત્રણ મોટા દરજ્જાઓના નામ બતાવીશું, ઈલ્મુલ યકીન, ઐનુલ યકીન અને હક્કુલ યકીન જેવા નૂરના સૂર્યના ત્રણ દરજ્જાઓ છે. (અ) સુબ્હો સાદીક, વાદળાઓની સાથે રોશની, વૃક્ષોની નીચે રોશની, (બ) તડકો, જેમાં કોઇ છાંયડો નથી. (ક) સૂર્ય પોતે જે રોશનીનું મૂળ છે. અહીં અસલ ચર્ચા હક્કુલ યકીનના વિષે છે કે ત્યાં સુધી મોમીનો પહોંચી શકે છે કે નહીં ? પણ ઉપર જણાવેલ પવીત્ર આયાતોમાં સારી રીતે ધ્યાન દયો તો જણાય છે કે જે નૂર મોમીનોના આગળ તથા જમણી તરફ દોડે છે તે હક્કુલ યકીનનું નૂર છે, એટલે કે તે તડકો નથી પણ સૂરજ પોતેજ છે. મારો હેતૂ એ છે કે રૂહાનીયતના ઉચ્ચ જગતમાં નૂરેવહેદત ના નૂરનું ઊદય થવું અને અસ્ત પામવું થઇ રહ્યું છે કે જેથી અઝલની સવારથી લઈને અબદની સાંજ સુધી જે કંઇ હકીકતો અને મારફત તથા મહાન રહસ્યો છે તે ઉપર પ્રકાશ પડે એટલે કે એજ અકલના

નૂરનું જાહેર થવું છે કે જેમાં સઘળા લા મકાની તથા લા ઝમાની રહસ્યો સચવાયેલાં છે.

નોટ : ગુલહાએ મઆનવી ( હકીકી ફુલો) ન ફકત એક ઈતિહાસ બનાવનાર વિષય છે બલ્કે ઈલ્મ અને મારફતના હિસાબે પણ આનું ઘણું મોટું મહત્ત્વ છે માટે તમો આના મતલબને ખૂબજ ધ્યાનમાં રાખી લ્યો. જે આયાત બાબત લખેલ છે તેને કુરઆનમાં તપાસી જુઓ.

*–નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઈ*
*લંડન. ૨૭ નવેમ્બર ૧૯૮૬*

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# લાં મકાન નું જગત

(૧) બંને જગતમાંથી એક તો મકાન છે, એટલે કે જીસ્માની જગત જેના ત્રણ તરફ એટલે કે લંબાઇ, પહોળાઇ, ઊંચાઇ હોય છે અને બીજું લા મકાન/રૂહાની જગત છે જે ઘણા ગૂણોમાં જાહેરી જગત કરતાં વિરૂધ્ધમાં છે, કારણ કે તે ભૌતિકતા વગરનું, મકાન વગરનું સુક્ષ્મ છે. માટે તેના વિષયમાં હકીકતમાં એવો કોઇ સવાલ ઉદ્‌ભવી નથી શકતો કે જે (સવાલ)નો સંબંધ જીસ્મથી અથવા મકાન અને ઝમાનથી હોય. જેમકે કોઇ એમ પૂછે કે લા મકાન કયાં છે ? આ સવાલ ગેરવ્યાજબી અને તર્ક વગરનો છે. જ્યારે કે "લા મકાન"ના અર્થમાં મકાનપણું એટલે કે જગ્યા તથા દિશા વિગેરે વસ્તુ નથી – છેજ નહીં. વળી લા મકાન માટે એ પૂછવું પણ વ્યાજબી નથી કે તે કયારે પેદા થયું ? અથવા કયારથી મૌજૂદ છે ? એટલા માટે કે આ સવાલ ભૌતિક વસ્તુઓથી સંબંધ રાખે છે. પણ હા, કાયદા પ્રમાણે તેનું કોઇ વર્ણન હોઇ શકે છે અને તેના પ્રકારની ઉપમા તથા મીસાલો હોઇ શકે છે.

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

(૨) જો આપણે થોડી વાર માટે આંખો બંધ કરીને આ બ્રહમાંડના અંતની અને ફના થઇ જવાની કલ્પના કરીએ તો તેની સાથે સાથેજ ઝમાનાના અસ્તિત્ત્વ ધરાવવાની કલ્પના પણ અંત પામી જશે. કારણ કે ઝમાનો તથા સમય એકંદરે આસમાન તથા ગ્રહો ના ગતીમય હોવાના (ફરવાના) લીધે બને છે. તેના વગર દિવસ રાત, મહિના અને વર્ષનું કોઇ અસ્તિત્ત્વ નથી. તો આ પરથી સ્પષ્ટ છે કે જે રીતે આ દુનિયા, શરીર અને મકાન તથા ઝમાન છે, તેજ રીતે તેના વિરૂધ્ધમાં બીજું જગત કે જે રૂહ અને લા મકાન તથા

લા-ઝમાન છે. મતલબ કે તે કોઈ ભૌતિકતાની જગ્યા નથી અને ન તો તેમાં ભૂત, વર્તમાન કે ભવિષ્યકાળ છે. પણ નિ:શંક તેમાં "દહર" છે, એટલે કે (રોકાઈ ગયેલ ઝમાનો) કે જે વિતતો નથી.

(૩) સુભુ સાદિકના થોડા વખત પછી જ્યારે સૂરજ નજરે પડે છે તો ટેવ મુજબ લોકો કહેવા લાગે છે કે સૂર્યનો ઉદય થઈ ગયો. અથવા કહે છે કે સૂર્ય નીકળી ગયો અને સાંજના સમયે જ્યારે (સૂર્ય) દેખાતો નથી ત્યારે કહેવામાં આવે છે કે સૂર્ય ડૂબી ગયો. જ્યારે કે સાચી સ્થિતિ કંઈક જૂદીજ છે. તે એ કે સૂર્ય પોતે ન કદી ઊદય પામે છે અને ન કયારેય અસ્ત. કારણકે તે પોતાની જગ્યાએ સ્થીર ઉભેલો છે. બલ્કે ધરતીજ ફરતી રહે છે, જેને કારણે રાત્રિ-દિવસનું નક્કી થવું તથા જુદાજુદા સમયનું જાહેર થવું સામે આવે છે. આમ હકીકતો અને મારફતના સંબંધે લોકોનું દ્રષ્ટિબિંદુ બે પ્રકારનું હોય છે. એક કે જે આદત, રીવાયત અને જાહેરી દ્રષ્ટિ પ્રમાણેનું હોય છે અને બીજું દ્રષ્ટિબિંદુ એ કે જે અસલ હકીકતની સ્થિતિ પ્રમાણે નું હોય. માટે કુરઆને હકીમે હિકમતના તરિકે પ્રથમ દ્રષ્ટિબિંદુને એક ઉપમા અથવા મિસાલ તરીકે લીધો અને બીજાને મમ્સુલ એટલે કે હકીકતનો દરજ્જો અર્પણ કર્યો છે. જેમકે સુરહ રહેમાનમાં એક ફરમાન છે (૫૫/૫) કે "સૂર્ય અને ચંદ્ર એક નક્કી કરેલા હિસાબથી (ચાલી રહ્યા) છે." સ્પષ્ટ છે કે સૂર્ય એ રીતે નથી ચાલતો કે જે રીતે ચંદ્ર ચાલે છે. પણ આ આલમે દીનના ત્રણ દરજ્જાઓના સૂર્ય અને ચંદ્રની ઉપમા છે. એટલે કે પ્રથમ દરજ્જાના સૂર્ય અને ચંદ્ર અકલે કુલ અને નફસે કુલ છે, બીજા દરજ્જાના સૂર્ય અને ચંદ્ર નાતિક (સલ.)અને અસાસ (અ.સ.) છે અને ત્રીજા દરજ્જાના સૂર્ય તથા ચંદ્ર ઈમામ (અ.સ.) તથા બાબ (હુજ્જતે આઝમ) છે, કેમકે સૂરજ અને ચંદ્રના ત્રણ મુકામો છે રૂહાની આલમ, નબુવ્વતનો ઝમાનો અને ઈમામતનો યુગ.

(૪) જે રીતે મારફતે નફસ (રૂહ/હસ્તી) એટલે કે પોતાની જાતની ઓળખાણ એ હઝરતે રબ્બે ઈઝઝતની ઓળખાણનો એક માત્ર વસીલો છે, તેજ રીતે એ ઓળખાણ લા મકાનના રહસ્યોની જાણકારીનું સાધન પણ છે અને તેથી વ્યકિતગત જગત એટલે કે આલમે શખ્સીના ઉલ્લેખ વગર લા મકાન અને લા ઝમાનની હકીકતો અને મારફતને પૂરેપૂરી રીતે સમજવું અને સમજાવવું મુશ્કેલજ નહિ પણ અશકય છે. માટે અહીં આ અતીશય મહત્ત્વના વિષયના માટે જરૂરી રીતે પર્સનલ વર્લ્ડ એટલે કે વ્યકિતગત જગતનો હવાલો દેવામાં આવે છે, જેમાં અલ્લાહતઆલાની સઘળી નીશાનીઓ, મહાન મોઅજીઝાઓ અને અઝલ તથા અબદના રહસ્યો છૂપાયેલાં છે (૫૧/૨૯, ૪૧/૫૩). જે રીતે કુરઆને કરીમનો એક ખૂબજ આલીશાન વિષય છે "આલમીન" જેનો કુરાને પાકમાં ૭૩વાર ઉલ્લેખ થયેલો છે, અને હઝરત ઈમામ જાફર સાદિક અલૈહિસ્સલામનું ફરમાન છે કે આલમીનનો અર્થ છે ઈન્સાન (મનુષ્ય) કેમકે દરેક મનુષ્ય પોતાના વ્યકિતત્ત્વમાં (રૂહમાં) એક હંમેશનું જગત (દુનિયા) છે, જેમાં જો હકીકત નીહાળનાર દૃષ્ટિ વડે જોવામાં આવે તો અકલી, ઈલ્મી અને રૂહાની હાલતોમાં ખુદાની બાદશાહીનું સર્વે કાંઈ મૌજૂદ છે અને બ્રહ્માંડ તથા તેમાં મૌજૂદ વસ્તુઓમાંની કોઈ પણ ચીજ એવી નથી કે જેનો નમૂનો વ્યકિતગત જગતમાં ન મળતો હોય.

(૫) હવે આપણે યકીને કામીલ એટલે કે સંપૂર્ણ વિશ્વાસથી એ કહી શકીએ છીએ કે માનવીની અકલ અને રૂહ એ લા મકાનનું જગત છે, કે જે મકાન અને ઝમાન એટલે કે સ્થળ અને સમયથી ઊપર છે, જેનો એક સામાન્ય દાખલો છે ખયાલનું જગત તથા સ્વપનનું જગત. આ બેઉ કોઈ સ્થળ નથી (કોઈ મકાન નથી) અને ન તો તે જાહેરી ઝમાનાની જેમ કોઈ ઝમાનો છે પરંતુ ખરેખર રીતે

વિચાર પણ અને સ્વપ્ન પણ લા મકાન અને લા ઝમાનનો એક સ્પષ્ટ નમૂનો છે. કેમકે આ બન્ને સ્થિતિઓ ઈલ્મ અને અમલની શરતે રૂહાનીયતના મરતબાની સાથે મળી જાય છે. જેમકે અંબીયા અલૈહિમુસ્સલામના વિચાર અને સ્વપ્ન. કેમકે જો આ સ્થિતિમાં પવીત્ર રૂહની રૂહાનીયત શકય ન હોત, તો આ માનવંત સાહેબોને સૂતેલી અવસ્થામાં કોઈ આસમાની ઈશારો ન હોત.

(૬) યાદ રહે કે ઈસ્લામ દીનનો અસાસી અને મૂળભૂત સિધ્ધાંત અલ્લાહતઆલાની સુન્નત છે અને એની પાક અને પાકીઝા સુન્નતનો એક ખાસ ખુલાસો એ છે કે ખુદાવંદ આલમીન "રચના અંદર રચના" કરે છે (૩૯/૬). * (અ) આજ એ ઈલાહી સિધ્ધાંત છે કે જેને કુરાને હકીમે ફિતરત એટલે કે કુદરતનું નામ દીધું છે (૩૦/૩૦). આને તમો ફિતરતુલ્લાહ કહો કે સુન્નતુલ્લાહ કહો (૧૭/૭૭), જે પણ હોય પણ જે પયગમ્બરો ખુદાના તરફથી મોકલવામાં આવ્યા હતા તેવણ માનવંત સાહેબોની પૂર્ણતા, શારીરિક રીતે પણ અને રૂહમાં પણ રચના અંદર રચનાની સુન્નત પ્રમાણે થઈ હતી (૧૭/૩૭). અને જો કોઈ મિત્રને આ બાબતમાં શંકા હોય તો સંબંધિત પાક આયાતોમાં ગંભીરતાથી તપાસ કરી શકે છે, કે જેથી આજ મૂળભૂત બાબત ઉપર અહીં હવે જે હકીકતો તથા મારફતોનું વર્ણન થવાનું છે તેને સમજવામાં કોઈ અડચણ ન આવે.

---

* (અ) "ખલકમ્મીમ બાદે ખલક" (૩૯/૬) અત્રે જોઈ લ્યો સાત રચનાઓ :- પ્રથમ રચના "સુલાલાં" બીજી રચના "નુતફા", ત્રીજી રચના "અલકા", ચોથી રચના "મુઝગા", પાંચમી રચના "ઈઝામ", છઠ્ઠી રચના "લહમ" અને સાતમી રચના "ખલકે આખીર" (૨૩/૧૨-૧૪).

(૭) જાહેરી કાયનાત હોય કે દીનનું જગત અથવા વ્યકિતગત જગત, કોઈ પણ જગત પછી તે ખલકી એટલે કે રચના કરેલ હોય અથવા અમ્રી એટલે કે હુકમથી બનેલ (આલમે અમ્રમાં રચના અંદર રચનાનું ફકત પ્રદર્શન થાય છે) દરેક સ્થિતિમાં તે કુદરતના કાયદા હેઠળ થાય છે અને તેમાં "રચના અંદર રચના" નો અમલ અથવા તેનો નમૂનો ચાલતો રહે છે, જેને લીધે તેમાં કેટલીય પ્રકારની વિશાળતા પેદા થઇ જાય છે. દાખલા તરીકે તેના બનાવો તથા ઇલ્મમાં વિશાળતા કે પહોળાપણુ પેદા થઇ જાય છે જેમકે કુરઆને કરીમમાં ફરમાવેલું છે "અને અમોએ આસમાનને અમારાં હાથો વડે બનાવ્યું અને નિ:શંક અમો વિશાળતાવાળા છીએ (૫૧/૪૭). આ હિકમત ભરેલી આયાતમાં હસ્તી અને કાયનાતના ઘણા રહસ્યો છુપાયેલાં છે. તેમાંથી એક ઇશારો એ છે કે રચના અંદર રચનાના કારણે દરેક જગતમાં રૂહાની અને ઇલ્મી વિશાળતા પેદા થઇ જાય છે જેમ દીનનું જગત હ:આદમ (અ.સ.)ના વખતમાં પેદા થયું હતું પણ તે પછીના નાતીકોની શરીયતોથી પણ એની રચના થતી ચાલી આવી, તેમજ હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસલ્લમની પવીત્ર જાહેરાત સુધી દીનના જગતમાં કુલ છ વાર રચના અંદર રચના થઇ, જેના વિષે ફરમાવવામાં આવેલું છે કે "અલ્લાહ તબારક વ તઆલાએ આસમાનો તથા ધરતીઓને છ દિવસમાં પેદા કરી" (૭/૫૪, ૧૦/૩, ૧૧/૭, ૨૫/૫૯, ૩૨/૪, ૫૦/૩૮,૫૭/૪).

(૮) પરવરદીગારે આલમે પોતાના વહાલા રસૂલ (સ.અ.સ.)ને ન ફકત મહાન કુરઆનની અમર દૌલતથી માલામાલ કર્યા પરંતુ તેવણને સબઇમસાની પણ અર્પણ કરી દીધી (૧૫/૮૭) કે જેથી હુઝુરે અનવર (સ.અ.સ.)નું દાવતે હકકનું કાર્ય કયામત સુધી ચાલુ રહે. આ સબઇમસાની (દોહરાવવામાં આવનારી સાત વસ્તુઓ) કે

જે પવીત્ર કુરઆન સિવાય છે. એ આલે મુહમ્મદ (સ.અ.સ.)ના પવીત્ર ઈમામો છે, જેઓ ખુદાના હુકમથી પોતાના ક્રમમાં સાત સાતના અદવારે કહીન બનાવતા આવ્યા છે (અદવારે કહીન અર્થાત નાના દોર (અરસા), જેમાંથી દરેકમાં સાત ઈમામોનો એક અરસો હોય છે) અને રસુલે ખુદાના ઈલ્મો હિકમતથી કે જેનો દરવાજો ઈમામતનો મરતબો છે, છેલ્લી વાર આલમે દીનની રચના થઈ ગઈ. કેમકે હઝરત નબી સાહેબ (સ.અ.સ.) અંબીયા તથા ઈમામોના કેન્દ્ર છે માટે તેવણનો દીન ભૂતકાળ અને ભવિષ્યકાળના સઘળા અરસાઓ ઉપર છવાઈ ગયો, અને તેવણ નામદારનો સમય હકીકતમાં મહાન સમય ગણાવવામાં આવ્યો. આ પરથી અંબીયા તથા રસૂલોના સરદાર (સ.અ.સ.)ના દીનનું જગત કે જે હ. આદમ (અ.સ.)ના વખતથી લઈને કયામત સુધી છે, તે આઠ દિવસોમાં સંપૂર્ણ થઈ ગયું જેમકે પાક કુરાનમાં (૪૧/૯થી૧૨) તેનો ઉલ્લેખ મૌજૂદ છે.

(૯) હઝરત આદમ (અ.સ.) અને હઝરત નૂહ (અ.સ.)ની શરીયતો એ બે દિવસના દાખલાઓ છે જેમાં દીનના જગતની જમીન બનાવવામાં આવી. હઝરત ઈબ્રાહીમ (અ.સ.), હઝરત મૂસા (અ.સ.), હઝરત ઈસા (અ.સ.) અને હઝરત મહમદ (સ.અ.સ.)ની શરીયતો એ ચાર દિવસો છે જેમાં દીનની જમીન ઉપર પર્વતો પેદા કરવામાં આવ્યા અને તેમાં જુદીજુદી ઘણી બરકતો તથા શકિતઓ રાખવામાંઆવી અને ઈમામત તથા કયામતના મરતબાઓ એ બે દિવસો છે કે તેમાં રૂહાનીયતના સાત આસમાનો અસ્તિત્ત્વમાં આવ્યા.

(૧૦) વ્યકિતગત જગતનો સૌથી પરિપૂર્ણ નમૂનો ઈન્સાને

કામીલ એટલે કે પરીપૂર્ણ માનવી છે જેની બરકતવંતી હસ્તીના બે પાસાઓ હોય છે, એટલે કે તે શરીર અને શારીરિકપણાના કારણે મકાન અને ઝમાન એટલે કે સ્થળ અને સમય હેઠળ પણ છે અને રૂહ તથા રૂહાનીયતના લીધે લા મકાન અને લા ઝમાન પણ છે, જેને લીધે તેનું પાક અને પવીત્ર અસ્તિત્વ મકાન અને લા મકાનની વચ્ચે પૂલની જેમ અને (નીચેના જગતથી ઊંચેના જગત) આલમે સીફલીથી આલમે ઉલવી સુધી સીડીની જેમ કાર્ય કરી શકે. આરંભથી લઈને હાલ સુધી જેટલાં પણ ઈન્સાને કામીલ થઈ ગયા છે તે સઘળા શારીરિક રીતે જુદા જુદા સમયથી સંબંધ રાખે છે. પરંતુ અકલ અને રૂહના જે મકામ ઉપર સ્થળ અને સમયના સઘળા અંતરો અંત પામી જાય છે ત્યાં તેઓ સઘળા નફસે વાહીદા એટલે કે એક રૂહની જેમ એક થઈ જાય છે (૩૧/૨૮).

(૧૧) જો એમ કહેવામાં આવે કે સઘળા માનવીઓ અઝલના મુકામ પર એકજ નૂરાની વ્યકિતના સ્વરૂપમાં અસલ ચહેરાથી મળેલાં હતાં, પછી તે ચહેરાની અગણિત તસ્વીરો બનાવીને આ જગતમાં લાવવામાં આવી તો એ વાત એક પ્રકાશિત હકીકત હશે. તેમ છતાં તેની સાથે એ પણ જાણવું છે કે તસ્વીર બનાવવી કે ફોટાઓ બનાવવાથી અસલ (ORIGNAL)માં કોઈ ઓછપ નથી આવી શકતી. તેથી અઝલના મુકામ ઉપર લોકો હજુ પણ એમજ એકત્રિત તથા શખ્સે વાહીદ (એક માત્ર વ્યકિતત્ત્વ) છે જેમ દુનિયામાં આવવા અગાઉ હતા. અને આ મુદ્દો તેવણ માનવંતોના માટે વધુથી વધુ સુંદર અને મનપસંદ હોઈ શકે છે, જેઓ એને સમજવાની લાયકાત ધરાવે છે. ટૂંકમાં કહેવાનું કે ઈન્સાનનું પોતાના અસલની તરફ રજૂ થવું ફકત ઈલ્મી અને મારફતના સ્વરૂપેજ શકય છે અને આ વાત ખુદ શનાસી એટલે કે પોતાની ઓળખ હેઠળ આવે છે.

(૧૨) આપણા માટે આ પહેલો પાઠ છે કે કોઈ પણ કોઈનાથી પેદા નથી થયો કેમકે પેદા થવું એ ખલકી જગત (જાહેરી દુનિયા)માં છે અને આલમે અમ્ર એટલે કે રૂહાની દુનિયામાં નથી તેથી ત્યાં જે કંઈ પણ અનુભવમાં આવે છે તે ફક્ત એક નૂરાની પ્રદર્શન (DEMONSTRATION) છે, કે જે મારફતના હેતૂના ખાતર દેખાડવામાં આવે છે જેમાં સઘળી હકીકતો અને મારફતની ઉપમાઓ એકત્રિત છે. અને અત્રે એ પણ યાદ રહે કે આ હિકમતના વર્તુળ (GLOBULER WISDOM)માં કયારેક ખુદાનું કાર્ય પહેલાં નજર આવે છે, કયારે ગૌહરે અકલ અને કયારે "કલીમાએ કુન" જેનું કારણ છે દાઈરાએ દવાઈર વર્તુળોનું વર્તુળ (દાઈરાએ દવાઈર સૌથી છેલ્લો દાયરો (વર્તુળ) છે, જેમાં સઘળા વર્તુળો દાખલ છે, જે હિકમતના વર્તુળના દાયમી (હંમેશ રહેનાર) કાર્યથી બને છે) જેના ઉપર નિરંતર એ જાહેર થતા રહે છે, જેને અગર સંપૂર્ણ નજરે જોવામાં આવે તો તેમાં કોઈ ન આગળ છે અને ન કોઈ પાછળ કારણ કે આ સઘળું લા મકાન અને લા ઝમાનનું પ્રદર્શન છે

*–નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઈ*
*લંડન ૨ ડીસેમ્બર ૧૯૮૬*

# રૂહ અને જીસમ

શું એ કલ્પના વ્યાજબી છે કે રૂહ અને જીસમ બેઉ જુદીજુદી વસ્તુઓ છે ? કે પછી એ અસલમાં એકજ વસ્તુ છે ? જો એ બેઉ જુદીજુદી છે અને તેના હકીકી એકપણાનું કોઈ ઠેકાણુંજ નથી તો પછી તેઓની વચ્ચે જે સીમાઓ રહેલી છે તે કયાં છે ? અને શું છે ? અને જો આ એકજ હકીકતના બે નામ છે, તો એ હકીકત શું છે ? શું અઝલમાં રૂહ હતી ? કે જીસમ હતું ? જ્યારે ખુદાના ચહેરાની સામે દરેક વસ્તુ નાશ પામશે તો એ વખતે રૂહ અને જીસમની શું સ્થિતિ હશે ? શું આલમે ઝર્રે એટલે કે રજકણોની દુનિયામાં ધાતુ-પથ્થરોની રૂહો પણ હાજર હોય છે ? શું પથ્થર અને લોઢા જેવી વસ્તુઓમાં પણ રૂહ છૂપાયેલી હોઈ શકે છે ? જો તેમાં રૂહ મૌજૂદ છે તો તેનો ખુલાસો કરો. આવા કોયડાઓ અને દલીલોની ચર્ચા કરવા માટે (ઈન્શાઅલ્લાહ) નીચે મુજબ અમુક દલીલો રજૂ કરવામાં આવે છે :-

દલીલ નં. ૧. રૂહ અને જીસમ જોકે જાહેરી રીતે બે વસ્તુઓ છે અને સામાન્ય કલ્પના પણ એવીજ છે, તેમ છતાં હકીકતમાં તે એકજ વસ્તુ છે. દાખલા તરીકે બરફ અને પાણી જાહેરી રીતે અને તેની સ્થિતિ મુજબ જુદા જુદા નજરે આવે છે, તો તેથી શું થયું, જ્યારે કે બરફ પીગળી જવાથી પાણી બની જાય છે અને પાણી જામી જવાથી બરફ બની જાય છે. આ સિવાય આ બેઉ વસ્તુની અસલ એકતા વાદળાઓમાં મૌજૂદ છે. તો તે મુજબ જીસમ એક જામી ગયેલ રૂહની સ્થિતિ છે અને રૂહ જીસ્મની ઓગળેલ સિથતિ અને આ બંનેના એકપણાનું કેન્દ્ર છે સુક્ષ્મ શરીર, જેણે પૂરી

કાયનાતને પોતાની અંદર ડૂબાવી લીધેલ છે. જેને પૂરાણા હાકેમોએ હયુલા નામ દીધું અને વર્તમાન વિજ્ઞાનનિકોએ તેને ઈથર કહેલ છે.

દલીલ નં. ૨. કુરઆને શરીફમાં સુરહ ૨૪ આયાત ૩૫ના ફરમાવવા પ્રમાણે ખુદાએ બરહકનું નૂર રોશનીઓનો (પ્રકાશનો) એક એવો અતી મહાન સમૂદ્ર છે કે જેમાં આસમાન તથા ધરતીના કણે કણ અંદરથી પણ અને બહારથી પણ ડૂબેલાં છે અને કોણ કહે છે કે આ જાને જાનાનના નૂરની અંદર જીવનની ગરમી નથી અને તે હંમેશા દરેક નાનાથી નાના કણને એક ગુપ્ત અને ખામોશ જીંદગીની ચમક અર્પણ નથી કરી શકતી. એ કેવો ઇન્સાન હશે કે જે આ વિચાર કરી શકે કે અલહૈય્યુલ કૈય્યુમનું નૂર ઊંચાઇ અને નીચાપણાના દરેક એટમ (કણ) અને દરેક રજકણને પ્રકાશિત નથી કરી શકતો. માટે આ વાત પરથી એ જાહેર છે કે કાયનાતના પ્રત્યેક કણમાં રૂહ નૂર સ્વરૂપે છૂપાયેલું છે.

દલીલ નં. ૩. આ જગત શું છે ? અને કયા હેતૂસર બનાવવામાં આવેલ છે ? આ જાણે કે કુદરતનું એક જીવંત કારખાનું છે જેમાં જુદાજુદા દરજજાના જીવનની રચના થતી રહે છે. દુનિયાવાળાઓએ અત્યાર સુધી કોઇ એવી મીલ (ફેકટરી) નથી બનાવી કે જે કાચા માલની મોહતાજ ન હોય અને હંમેશા પોતે પોતેજ કામ કરતી રહે પણ ફકત કુદરતનું કારખાનુંજ એવું છે કે જે એકંદર રીતે પોતેજ ઝીંદગીની મીલ પણ છે અને પોતેજ તેનો માલ પણ છે અને આ કારખાનું ખુદાના હુકમથી પોતે પોતેજ હંમેશા ચાલતું રહે છે. જો કાયનાતનું કારખાનું પૂરી રીતે જીવંત અને રૂહથી ભરપૂર ન હોત તો પ્રાચીન સમયના હાકેમો તેના જુદા જુદા ભાગોને જીવંત મખ્લુકની ઉપમા ન દેત જેમકે તેમણે કહ્યું "નવ (૯) બાપ

(નવ આસમાન) ચાર માતાઓ (ચાર તત્ત્વો) અને ત્રણ બચ્ચા) (ધાતુ, વનસ્પતી અને હેવાન) એનાથી આ હકીકત જાહેર થઇ કે આ જગત અંદરથી જીવંત છે અને એજ કારણસર એ ઝીંદગીના કારખાનાનો દરજજો ધરાવે છે.

દલીલ ૪. સુરહ હદીદ (૫૭/૨૫)માં કુરઆની ઈરશાદ છે કે અલ્લાહતઆલાએ લોઢું ઊતાર્યું. પણ જ્ઞાનીઓ જાણે છે કે આસમાનથી લોઢાના પહાડો નથી ફેંકાયા પણ ઠેક ઠેકાણે લોઢાની રૂહ ઊતારવામાં આવી, જેનાથી લોઢું પેદા થયું. એજ રૂહના કાનૂન મુજબ રૂહથીજ સઘળાં ખનીજો અને જવાહિર પેદા થયા, જેમકે તમને જાણ છે કે મોતી અને મોંગા બન્ને પથ્થર જેવા હોય છે, જોકે આમાંથી પહેલું હેવાની રૂહની પેદાવાર છે અને બીજુ વનસ્પતી રૂહની. આ પરથી સાફ જાહેર છે કે દરેક વસ્તુઓની રૂહ છે. એજ રીતે ખનીજની પણ રૂહ છે.

દલીલ ૫. કુરઆને હકીમમાં છે કે જ્યારે અલ્લાહતઆલા કોઇ વસ્તુને 'કુન' (થઇ જા) ફરમાવે છે તો તે થઇ જાય છે. જેમ તે પાક અને ઊચ્ચ હસ્તીએ નમરૂદની આગને ફરમાવ્યું "કૂની બરદન" (૨૧/૬૯) તુ ઠંડી થઇ જા, તો તે ઠંડી થઇ ગઇ. એજ રીતે ખુદાવંદ તઆલાએ બની ઇસરાઇલના કંઇક નાફરમાન લોકોથી કહ્યું "કુનુ કીરદતન" (૨/૬૫) તમે વાંદરા બની જાઓ, તો તેઓ વાંદરા બની ગયા અને આ સર્વે કાંઇ રૂહાની રીતે વધુ સાચું છે, આમ જો ખુદા કોઇની રૂહને પથ્થર કે લોઢું બનાવવા ઇચ્છે તો તે હુકમ કઇ રીતે અશકય થઇ શકે છે, જેમ સુરહ બની ઇસરાઇલ (૧૭/૫૦)માં આનો એક સ્પષ્ટ ઇશારો મોજૂદ છે કે જીસમ નહીં પણ રૂહનું સ્વરૂપ બગડી જાય છે એટલેકે રૂહ પથ્થર, લોઢું વિગેરે બની જાય છે.

દલીલ ૬. હ. નૂહ અલૈહિસ્સલામનું સૌથી મોટું અને વિશ્વવ્યાપી તોફાન રૂહાની સ્વરૂપે આવેલું હતું અને ખુદાવદે આલમે સમયસર તેવણને હુકમ દીધો કે "અય નૂહ અ.સ. દરેક પ્રકારની વસ્તુઓ (એટલે કે ખનીજ પદાર્થ, વનસ્પતી અને હેવાનોના) રૂહોના રજકણોથી નર અને માદાની જોડીઓ એટલે કે બે લઇ લ્યો (૧૧/૪૦) અને હઝરત નૂહ અ.સ. પોતાની હસ્તીના વહાણ (રજ ના જગત)માં કુલ વસ્તુઓની દરેક પ્રકારની રૂહોથી બે બે જોડીઓને લીધી, કે જેથી આ નાશ કરનારા તોફાન પછી એક નવી દુનિયા વસાવવામાં આવે કે જેની દરેક વસ્તુ ખુદાના ખજાનાથી હોય (૧૫/૨૧). જે તે વખતે હઝરત નૂહ અ.સ.માં રાખેલ હતી, અને આ ખૂબજ અજાયબીની વાત છે કે એજ પ્રમાણે સઘળી વસ્તુઓની પ્રતિનિધિત્વ કરનાર રૂહો કામીલ એટલે કે પરીપૂર્ણ માનવીની અંદર એકઠી થઇ જાય છે અને એજ ખુદાનો ખજાનો છે (૧૫/૨૧) અને ત્યાંથી દરેક વસ્તુ દુનિયામાં ફેલાઇ જાય છે.

દલીલ ૭. સુરહ બની ઈસરાઇલ (૧૭/૪૪)માં એ હકીકત તરફ ધ્યાન દોરવવામાં આવ્યું છે કે આસમાન અને ઝમીનમાં કોઇ વસ્તુ એવી નથી કે જે ખુદાતઆલાના વખાણ અને તેની તસ્બીહ ન કરતી હોય. નિ:શંક ખુદાએ પાકની આ તસ્બીહ, દરેક વસ્તુઓ એક પ્રકારે પોત પોતાની જગ્યા પર પણ કરે છે પણ તેની રૂહોના કણો જે રીતે પરીપૂર્ણ માનવીના વ્યકિતગત જગત/કણોની દુનિયામાં તસ્બીહ પઢે છે, એ એક મહાન રૂહાની ચમત્કાર છે. એજ તસ્બીહ કરવાની વાત છે કે જેને હ. દાઉદના સૂરીલા અવાજનો ચમત્કાર કહેવામાં આવે છે (૩૮/૧૮, ૩૪/૧૦, ૨૧/૭૯) અને હાં, તેમાં સુરે અસરાફીલનો કમાલ પણ છે.

દલીલ ૮. સુરહ હજ્જ (૨૨/૧૮)માં ફરમાવેલું છે, જેનો સાર છે કે જે લોકો આસમાનોમાં છે અને જે લોકો ઝમીનમાં છે અને સૂર્ય, ચંદ્ર, તારાઓ, પર્વતો, વૃક્ષો, ચારપગાં અને ઘણા લોકો પોત પોતાના સ્થાન ઉપર પણ અને રૂહાની કણોના સ્વરૂપમાં વ્યકિતગત જગતમાં પણ ખુદાને સીજદો કરે છે. કેમકે કુરાનની આયાતની એ વાત “શું તમોએ એ નથી જોયું”થી સ્પષ્ટ છે કે હઝરત પયગમ્બર (સ.અ.સ.)ને સંબોધીને આ ફરમાવવામાં આવ્યું છે, માટે અમો એ હકીકતને પૂરતા વિશ્વાસ સહીત વર્ણવશું કે રસૂલે કરીમ (સ.અ.સ.)ના રૂહાની કણોની દુનિયામાં અહીં ઉલ્લેખાયેલ મખ્લુકાતના રૂહોના કણો ખુદાએ બરહકને સીજદો કરતા હતા અને એ સીજદો ખાસ કરીને ઇતાઅત અને ફમાનબરદારીના અર્થમાં છે.

દલીલ ૯. આથી પહેલાં તમોએ બે (૨)ની હિકમતને વાંચી અને યાદ રાખી હશે કે દરેક વસ્તુઓ બે, બેની જોડીઓમાં છે અને આ જોડીના કાયદાથી કોઇ ચીજ અપવાદરૂપ નથી (૫૧/૪૯, ૩૬/૩૬, ૧૩/૩). તો જે રીતે સીજદાના બે સ્થાન છે એજ રીતે પૂરી કાયનાતને ફરમાનબરદાર બનાવવાનું પણ બે જગ્યાઓ ઉપર થાય છે, જેમાંથી એક તો જાહેરી જગત છે અને બીજી કણોની દુનિયા અથવા વ્યકિતગત જગત. વ્યકિતગત જગતમાં રૂહોના કણોની કાયનાત તાબે થઇ જાય છે અને આ બનાવ અમલી રીતે પણ છે અને શકિત રૂપે પણ. સંબંધિત પાક આયાતોમાં સીન, ખૌ, રે ના હેઠળ કુરઆને મજીદના શબ્દોને જુઓ. જેમકે સુરહ જાસિયાહ (૪૫)નું એક ફરમાન (આયાત નંબર ૧૩) છે “ અને જે કંઇ આકાશોમાં છે તથા જે કંઇ જમીનમાં છે તે સર્વને ખુદાએ તમારા કામમાં લગાડી દીધા છે, બેશક તેમાં તે લોકો માટે કે જેઓ ધ્યાન દઇ ચિંતવન કરે છે (ખુદાના કુદરતની) ઘણી નીશાનીઓ છે.” તો

ઈમામશનાસી બાબતમાં આ હકીકતને જાણવી ઘણીજ જરૂરી છે.

દલીલ ૧૦. કેમકે ખનીજની અંદર બ હદે કુવ્વત (એક હદ સુધી) રૂહ રહેલી છે અને વનસ્પતીના મૂળ માટીમાં મજબૂત છે તેથી આપણને એ વિચારવું ન જોઇએ કે અહીં ભૌતિકતા અને રૂહની વચ્ચે ઘણું છેટું છે, જ્યારે બકરા/ઘેટાની કુરબાની કરવામાં આવે છે તો તેનો જીવ/રૂહ નીકળી જાય છે અને થોડાં સમય પછી તે બિલ્કુલ ઠંડો થઇ જાય છે. આ સ્થિતિ જોઇને કદાચ કોઇ વિચાર કરે કે આ જીસમ અને રૂહની વચ્ચે એક સ્પષ્ટ હદ સુધીનું અંતર છે, પણ એવું નથી. કેમકે તે પછી પણ તે બકરા/ઘેટામાં અમુક હદે રૂહ રહે છે, જેને અમલી રીતની બનાવવા માટે ગોશ્ત ખાવામાં આવે છે, અને અમુક કારણોસર એ ગોશ્ત વધારે સમય સુધી પડયું રહે તો તેમાં કીડા પેદા થશે, કેમકે તેમાં જીંદગી જાહેર થવાની શકિત (આવડત) મૌજૂદ છે. આ પરથી એક હકીકત સ્પષ્ટ થઇ કે ભૌતિકતા અને રૂહની વચ્ચે કોઇ છેટાપણું નથી.

દલીલ ૧૧. જગતની રચના સંબંધે બે મુદ્દા છે, તે એ કે જો અમુક અંશે જોવું છે તો દુનિયાનો આરંભ પણ છે અને અંત પણ, અને જો સમગ્ર રીતે અનુભવ કરવો હોય તો તેનો ન તો કોઇ આરંભ છે અને ન તો કોઇ અંત. અને કુરઆને હકીમનો એજ ફેસલો છે. હવે વાત એમ છે કે જે પ્રકારે આરંભનો એક છેડો મળે છે તે રીતે એમ કહેવું વ્યાજબી છે કે અઝલના મુકામ પર ખુદાએ સૌથી પહેલાં નુરે અકલને પેદા કર્યુ, પછી તેણે અકલથી નફસે કુલ્લીને અને તેનાથી જીસ્મે કુલ્લીને અસ્તિત્ત્વમાં આણ્યું. આનો અર્થ એમ થયો કે અલ્લાહે જે રીતે આ કાયનાત ફેલાવી છે તે એને એજ રીતે વીંટી પણ લ્યે છે (લપેટી પણ લ્યે છે) અર્થાત જીસ્મ રૂહમાં ફના થઇ

જાય છે અને રૂહ અકલમાં. તો એ બાબત જણાઈ કે રૂહ અને જીસમ જો કે જાહેરીમાં બે છે પણ અસલમાં તો એકજ છે.

દલીલ ૧૨. સંપૂર્ણ માનવી એટલે કે ઈન્સાને કામીલ ACTUALLY (કાર્યોની હદ સુધી) અને બીજાં સઘળાં POTENTIALLY (શકિતની હદ સુધી) ખુદાનું એક એવું જીવંત અને બોલનારૂં પુસ્તક છે કે તેમાં બન્ને જગતની સઘળી હકીકતો અને મારફતોના સઘળા નમૂના એકઠા કરીને ઉલ્લેખવામાં આવ્યા છે (૭૮/૨૯) "અને અમોએ દરેક વસ્તુ એક કિતાબમાં નોંધી લીધી છે." અને એજ કિતાબ સઘળી કરણીનો લેખ પણ છે (૧૭/૧૩, ૧૮/૪૯). અને કોઈ નમૂનો તેનાથી જુદો નથી માટે આ કિતાબ (વ્યકિતગત જગત) ઉપર દ્રષ્ટિ નાખવાથી જણાય છે કે જે રીતે આલમે કબીર (મોટી દુનિયા) એક મોતીથી બનાવેલી છે એજ રીતે આલમે સગીર (નાની દુનિયા) એક જોહર (સત)થી પેદા થઈ છે અને ત્યાં પર્વતોમાં રૂહ જામી પણ ગઈ છે અને ખનીજોને પેદા કરવામાં કાર્યરત પણ છે. અહી હાડકાઓના અંદર સ્થિર પણ છે અને હલનચલન કરનાર પણ. જેમ વૃક્ષોની જીંદગી વનસ્પતીની રૂહ થકી છે તેમ માનવીના વાળની હસ્તી પણ તેવીજ છે.

દલીલ ૧૩. જોકે રૂહ જીવંત છે અને જીસ્મ મૃત, પરંતુ કુરઆને હકીમ વારંવાર કહે છે અને જ્ઞાનીઓ જુએ છે કે ખુદા તે છે કે જે સઘળી એકબીજાની વિરુધ્ધ વસ્તુઓને એકબીજા થકી પેદા કરે છે અને એજ સિધ્ધાંતને સામે રાખીને ફરમાવવામાં આવ્યું છે (તરજુમો) અને તે કોણ છે જે મરેલામાંથી જીવતાને કાઢે છે અને જીવતામાંથી મરેલાને કાઢે છે (૧૦/૩૧). અને એ રીતે ધરતી જીસમ છે અને મૃત છે (૩૦/૧૯, ૩૬/૩૩) જે રૂહ વડે બનાવાઈ છે અને

જ્યારે તે સમગ્ર રીતે ફના થઇ જશે ત્યારે રૂહ બનીને જીવંત થઇ જશે, જે રીતે દર વર્ષે પાનખર ઋતુમાં થોડીથોડી મરી જાય છે અને વસંત ઋતુમાં જીવતી થઇ જાય છે (૨૨/૫).

*–નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઇ*
*લંડન. ૬ ડીસેમ્બર ૧૯૮૬.*

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# ખુદાના ચહેરાની રોશનીમાં

(૧) ઉપર જણાવેલાં વિષયના કેટલાંય મહાન અર્થો છે, એક વાકયમાં કહીએ તો તેનો અર્થ એ પણ છે કે અહીં કુરઆને હકીમની તે શાનદાર અને હિકમત સભર આયાતના પ્રકાશમાં અમુક ખાસ હકીકતો અને મારફતનું વર્ણન કરવામાં આવે કે જે વજહુલ્લાહના વિષય અને ખુદાવંદી દીદાર સંબંધે ઉલ્લેખાયેલી છે કેમકે આ નૂરાની આયાતોમાં મારફતના રહસ્યો અને વહેદતની તજલ્લીઓનો સૌથી મોટો ભંડાર સમાયેલો છે, જેની શોધમાં જગતના ધર્મોના સધળા લોકો જાણે કે અજાણે લાગેલાં છે. અને કોણ છે જે આ છૂપા ખજાનાને કોણ નથી ચાહતો.

(૨) આ અઝમતવાળા વિષયની મહત્ત્વતા અને જરૂરિયાતને પ્રકાશમાં લાવવા, અને તેની તરફ યથાશકિત પૂર્ણ ધ્યાન દોરવવા માટે અહીં અમુક સવાલો ઉલ્લેખવામાં આવે છે.

(અ) અસાસી રીતે (મૂળમાં) "વજહ" (ચહેરા)નો શું અર્થ થાય છે ?

(બ) વજહુલ્લાહનો અસલ મતલબ શું છે ? શું આનાથી ઝાતે ખુદા (ખુદાની હસ્તી) એવો હેતૂ છે કે તેનો મૂળ અર્થ (ખુદાનો ચહેરો) વ્યાજબી છે ? જ્યારે શબ્દ "ઝાત" પણ અરબી છે તો તે પોતે આ કુરઆની આયતમાં દાખલ થઇને "ઝાતુલ્લાહ" કેમ ન કહેવાણો?

(ક) જો તમારા હિસાબે વજહુલ્લાહનો અર્થ ખુદાનો ચહેરો છે, તો પછી બતાવો કે બે મિસાલ ઝાતે સુબ્હાન ચહેરો કેવી રીતે શકય થઇ શકે છે ? જો કોઇ શખ્સ ખુદાના ચહેરાની જગ્યાએ (અવેજી ચહેરા તરીકે) કામ કરનાર છે અથવા તેનું પ્રતિનિધિત્ત્વ કરે છે તો દલીલ આપીને બતાવો કે તે કોણ છે ?

(ડ) દીદારે ખુદાવંદીના પ્રકરણમાં કુરઆને પાકનું શું ફરમાન છે ? સુરહ કયામત (૭૫)ની આયત (૨૩) મુબારકનો અર્થ શું થઇ શકે છે "પોતાના પરવરદીગારને જોઇ રહ્યા હશે." (૭૫/૨૩).

(૩) આ ઇસ્લામ દીનની મૂળભૂત માન્યતા પણ છે અને હકીકત પણ, કે હક સુબ્હાન વ તઆલા શારીરિક ભાગો - હાથ, પગ વિગેરેથી ઊપરવટ છે. પરંતુ એ મહાન અમ્રની સૌને જાણ છે કે કુરઆને હકીમ અને દીને ફિતરત (ઇસ્લામ)માં ખુદાના ખલીફાનો અતીશય બુલંદ મરતબો પણ એક અસાસી (મૂળભૂત) હકીકત છે અને એજ ખિલાફતના સિધ્ધાંત અને પ્રતિનિધિના કાયદામાં આ સફળ અને સ્પષ્ટ હુકમ મોજૂદ છે કે જે રીતે ખલીફાએ ખુદા, રૂહુલ્લાહ, યદુલ્લાહ, લીસાનુલ્લાહ વિગેરે કહેવાય છે બિલ્કુલ એજ રીતે વજહુલ્લા (ખુદાનો ચહેરો) પણ છે જેમકે હદીસમાં ("જેણે મને જોયો તેણે ખરેખર ખુદાને જોયો") છે. તેનાથી એ સચ્ચાઇ સારી રીતે સામે આવી જાય છે કે સાચેજ હઝરત પયગમ્બર (સ.અ.સ.) ખુદાનો મુબારક ચહેરો હતા. આ કલ્પના વગર વજહુલ્લાહની આયાતની હકીકી તફસીર (ખુલાસો) શકયજ નથી. મિસાલના માટે જોવામાં આવે:

(૪) કુરઆનની એક હિમતથી ભરપૂર આયત વજહુલ્લાહનો તરજૂમો આમ છે "ખુદાના ચહેરા સિવાય દરેક ચીજ ફના થઇ જનારી

છે (૨૮/૮૮)." હવે જો ખુદાના ચહેરાથી હેતૂ ખલીફાએ ખુદા અથવા ખલીફાએ રસૂલ લેવામાં આવે તો એની તફસીર અને તાવીલ બંન્ને પોત પોતાની જગ્યાએ સાચી અને વ્યાજબી હશે, નહીં તો એનો અર્થ અને સાર એ હશે કે દરેક વસ્તુ ફાની છે, એટલે સુધી કે ખુદાના ભાગો પણ (નઉઝ બિલ્લાહ) ફના થનાર છે, પરંતુ ફકત તેનો ચહેરો જ બાકી રહેશે. પણ મિત્રો! આ માન્યતા કેમ વ્યાજબી હોઈ શકે છે ? વળી જો આપણે એમ કહીએ કે ફકત ખુદાની હસ્તીજ બાકી છે તો પછી તેનું તર્ક એ હશે કે બીજી સઘળી વસ્તુઓની સાથે સીફાતે ઈલાહીયા (અલ્લાહના ગૂણો) પણ (નઉઝો બિલ્લાહ) નાશ પામી જાય છે, પણ એ માન્યતા કઈ રીતે સાચી હોઈ શકશે.

(૫) દરેક પયગમ્બર અને દરેક ઈમામ ખરેખર પોતાના ઝમાનામાં ખુદાના ચહેરાનું કામ કરે છે અને આ કોઈ અન્યનો સિધ્ધાંત હરગીઝ નથી પણ અલ્લાહતઆલાનો નક્કી કરેલો સિધ્ધાંત છે. અને આમ હઝરત નૂહ (અ.સ.) પોતાના સમયમાં ખુદાનો ચહેરો હોવાનો દરજ્જો રાખતા હતા, તેમના તોફાનની પાછળ એક રૂહાની કયામત આવી (ઉભી થઈ) હતી જેણે ન ફકત અગણિત નાફરમાન લોકોનેજ ગર્ક અને નાશ કરી દીધા બલ્કે વજહે ખુદાની આયતના ફરમાન મુજબ તે (તોફાન)થી દરેક મખ્લુક અને દરેક વસ્તુ ફના થઈ ગઈ પણ જે મોમીનો ઝાહેર બાતિનની કીશ્તીમાં સવાર થયા હતા અને જેટલાં રૂહાની કણો ખુદાના ચહેરાની હિકમતની કિશ્તી (કણોના જગત)માં દાખલ થઈ ગયા હતા (૨૩/૨૭, ૧૧/૪૦) તે દરેકે દરેક, સર્વ પ્રકારે સલામત રહ્યા, કેમકે અલ્લાહતઆલાની એ હિકમતવાળી અને રહસ્યોના ભંડારથી ભરેલી સુન્નત અને આદતમાં કોઈ ફેરફાર થનાર ન હતો. (૩૩/૬૨, ૧૭/૭૭) માટે ખુદાતઆલા રૂહ અને રૂહાનીયતના કાનૂન મુજબ પોતાની એજ સુન્નત અને

આદત દરેક વખત અને દરેક ઝમાનામાં ફરી ફરીને અમલમાં લાવે છે અને કોઇ સમય ખુદાના આ કાનૂનથી અલગ નથી.

(૬) નબી સાહેબ (સ.અ.સ.)ના ફરમાન મુજબ, જ્યારે કુરઆને કરીમની દરેક આયાત એક જાહેર અને એક બાતિન વગર શકયજ નથી, તો પછી કુરઆનની જે આયાતમાં જાહેરી તોફાનનો કિસ્સો છે, તેના બાતિનમાં રૂહાની તોફાન/કયામતનો ઉલ્લેખ કેમ ન થાય, માટે એ વાત યાદ રહે કે જાહેરી મીસાલ બાતિની હકીકતના માટે પર્દાનું કામ દયે છે, કે જેથી જેટલાં પણ મહાન રહસ્યો છૂપાયેલાં છે, તે સઘળા રહસ્યના સાંચામાંજ રહીને વર્ણવી શકાય. કહેવાનો મતલબ કુરઆને મજીદમાં જેટલી પણ બળવાખોર અને નાફરમાન કોમોની તબાહી અને બરબાદીનો ઉલ્લેખ આવેલો છે, જોકે તેમની તબાહીના જાહેર દાખલાઓ જુદાજુદા છે, પણ બાતિનમાં તે સઘળા ઉપર એકજ આઝાબ નાઝીલ થયો અને તે રૂહાની કયામતનો આઝાબ હતો.

(૭) ખુદાના ખલીફા, પછી તે કોઇ પયગમ્બર હોય કે ઈમામ, કયા અર્થમાં ખુદાનો ચહેરો હોઇ શકે છે ? કેમકે તે મુબારક અને બરકતવંતી હસ્તીઓનો બરકતવંતો દીદાર હઝરતે રબ્બે કરીમના દીદારનો પ્રતિનિધિ છે, તેઓની નૂરાની મારફતમાં બારીતઆલાની તૌહીદની મારફત છૂપાયેલી (સમાયેલી)છે, તેઓ હ. નૂહની કિશ્તીની જેમ નજાતનું સાધન છે, તેમનું અસ્તિત્ત્વ ઇલાહી કલામનું તાદશ રૂપ છે, જેમકે હદીસે કુદસીનું ફરમાન છે કે ખુદાવંદી નૂર તેમના માટે જાહેર અને બાતિનની શકિતનું કામ કરે છે, અને જે લોકો તેઓમાં ફના થઇ જાય છે તેમના માટે ફનાફિલ્લાહનો મરતબો ચોક્કસ થઇ જાય છે. (સહી બુખારી, ત્રીજો ભાગ કિતાબે રીકાક પ્રકરણ ૮૪૪, હદીસ ૧૪૨૨)

(૮) સુરહ કસસની છેલ્લી આયત (૨૮/૮૮)માં ફરમાવેલું છે "કુલ્લ શૈય્યીન હાલીકુન ઈલ્લા વજહાહુ" તેના પાક ચહેરા (અર્થાત નૂરના જાહેર સ્વરૂપ) સિવાય દરેક વસ્તુ ફના થઇ જનાર છે, અને આ ફનાની એક ખાસ વાત એ છે કે જ્યારે પરિપૂર્ણ માનવી (પયગમ્બર અને ઈમામ)ની રૂહાની કયામત આવે છે ત્યારે, તે વખતે ખનીજ, વનસ્પતી, હેવાન અને ઇન્સાન જેવી સઘળી વસ્તુઓના સુક્ષ્મ કણો પરીપૂર્ણ માનવીના વ્યકિતગત જગતમાં દાખલ થઇ જાય છે. જેમ હઝરત નૂહ (અ.સ.) વિષે ઉલ્લેખ થયો છે. અને હાં, તે દરમ્યાન વ્યકિતગત જગતમાં નિરંતર રીતે અસરાફીલનો સૂર (કયામત અને ફના માટે સુરે અસરફીલનું હોવું જરૂરી છે) વાગતો રહે છે અને દરેક વસ્તુ અહીં બેભાનીમાં ખુદાના ચહેરાના પ્રતિનિધિની અંદર ફના થઇ જાય છે, પણ તે પરિપૂર્ણ માનવી કે જે મહાન મરતબા ધારી છે, તે એ કણોની જેમ ફના નથી થતો, કેમકે તે જોકે જીસમાની પ્રકારે ફના થઇ જનાર વસ્તુઓમાં શામેલ છે. પણ નૂરાની મરતબાના કારણે તેઓ અતી ઊચ્ચ દરજજા ઉપર અને પરવરદીગારે આલમથી નિકટ અને મળેલાં છે.

(૯) ઉપર જણાવેલ વર્ણન બેભાની ફના અથવા નાશ થવા બાબત છે, હવે ધ્યાનપૂર્વક અને નૂરાની ફના બાબત કંઇક જણાવવામાં આવે છે કે દરેક પયગમ્બર અને દરેક ઈમામ શરૂ શરૂમાં પોતાથી પહેલાંની નૂરાનીયતમાં ફના થઈને ખુદાનો ચહેરો હોવાનો મરતબો પ્રાપ્ત કરી લ્યે છે. તમો સુરહ રહેમાન (૫૫/૨૪થી ૨૮)માં ધ્યાનથી જુઓ. સૂફીઓની ફના વિષે જે માન્યતા છે તે આજ છે એટલે કે "ફના ફિ શેખ" અથવા "ફના ફિલ મુર્શિદ", "ફના ફિર રસૂલ", "ફના ફિલ્લાહ" પણ આપણી પાસે ઈમામે ઝમાન (અ.સ.)જ પરીપૂર્ણ અને હકીકી

મુર્શિદ છે. અને, જોકે નૂરાની ફના ના દરરજજા ત્રણ છે પરંતુ તે એક સાથે છે.

(૧૦)હઝરત રસૂલ સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વ સલ્લમની મૂળ પાક સુન્નત એ હતી કે તેવણ (સ.અ.સ.) પોતાની જે નૂરાનીયત તથા ઈલ્મો હિકમતના તરફ લોકોને બોલાવતા હતા તેના માટે મૌલા અલી અલૈહીસ્સલામને દરવાજો ગણાવતા હતા અને તેનો હેતૂ એ હતો કે ખુદાતઆલાનો દરવાજો પયગમ્બર (અ.સ.) છે અને પયગમ્બર (અ.સ.)નો દરવાજો ઈમામે ઝમાન (અ.સ.). કેમકે દરેક વસ્તુનો એક દરવાજો હોય છે અને એનો અર્થ એ થયો કે જે શખ્સ હકીકત સાથે ઈમામે ઝમાન સલ્વાતુલ્લા અલૈહીના દરવાજાથી દાખલ થઈ જાય છે તેના માટે ખુદા અને રસૂલના સર્વ ખજાના ખૂલી જાય છે અને એજ ખજાનાઓમાં અઝલની હકીકતોનો ખજાનો પણ હોય છે. માટે લોકોના માટે ઈમામે આલી મુકામની ફરમાન બરદારી સૌથી મોટી ખુશકિસ્મતી છે.

(૧૧) આ અતી ઘણો આલીશાન મરતબો, જેને ખુદાએ પૂરનૂરનો ચહેરો અથવા રહેમાનની સૂરત કહેવામાં આવેલ છે તે આજથી નહીં પરંતુ અઝલથી છે એટલે કે સદાય મૌજૂદ છે, પણ તે અઝલના મુકામ ઉપર તેનું બીજું નામ શું હતું ? તે અઝલી અને અબદી હકીકતનું બીજું નામ “નફ્સે વાહીદા” છે. આમ તો એ નૂરના ઘણા નામો છે પણ અત્રે અમો એજ નામથી કુરઆનની આયતનું વર્ણન રજૂ કરીશું. સુરહ અન્આમ (૬/૯૮)માં જે શાનથી ફરમાવવામાં આવ્યું છે તેની હિકમત આ મુજબ છે : અને તે એજ ખુદા છે જેણે તમો લોકોને રૂહાની જગતમાં અને અઝલના મુકામ ઉપર નફ્સે વાહીદા (એક વ્યકિત)થી પૈદા કર્યા, પછી તે મહાન

હિકમતવાળાએ પોતાની અપાર રહેમતથી "બે"ના સિધ્ધાંતને બનાવ્યો (૩૬/૩૬, ૫૧/૪૯) અને સઘળાના માટે બે બે અનાઓ (ખુદી અથવા હું પણું) નક્કી કરવામાં આવી. એક અના ખુદાના હુકમથી મુસ્તકર્રના નામથી અઝલી અને ઈબ્દાઈ સ્થિતિમાં ત્યાં રહી, અને બીજી અના મુસ્તવદાના નામે આ દુનિયાના કસોટીના મેદાનમાં આવી. આમ, તે જે છે તે અસલ છે અને આ તેનો પડછાયો છે.

(૧૨) સવાલ : શું આ આદમ અને હવાનો કિસ્સો નથી? શું આપણે તેની ઔલાદ નથી ? એકજ વ્યકિત (ફર્દે વાહીદ) અથવા નફસે વાહીદાથી ઘણા બધા નફસ કેવી રીતે પેદા થઈ શકે છે ?

જવાબ : આ જાહેરી અને શારીરિક આદમ અને હવા તથા તેમની શારીરિક ઔલાદ કરતાં પહેલાંની વાત છે તેમ છતાં જો તમે નફસે વાહીદાને રૂહાની આદમ કહો તો એ હરગીઝ ખોટું નહીં હોય નફસે વાહીદાથી લોકોની રૂહો પેદા કરવાના બે દાખલાઓ મૌજૂદ છે. એક એ છે કે નફસે વાહીદા કે જે ખુદાનો ચહેરો પણ છે અને રહેમાનનું સ્વરૂપ પણ, તેની અગણિત જીવતી જાગતી તસ્વીરો બનાવવામાં આવી. બીજો દાખલો એ છે કે તેને ઈબ્દાએ કાલીબ (સાંચો) બનાવી તેમાં નૂરનો ઢગલો ઢાળવામાં આવ્યો અને તેની એટલી બધી કોપીઓ (નકલો) થઈ જેટલાં કે સઘળા માનવીઓ છે. આ બન્ને દાખલાઓમાં ફકત શબ્દોનો તફાવત છે પણ હકીકતમાં કોઈ ફરક નથી.

(૧૩) કુરઆને હકીમના સઘળાં શબ્દો હિકમતના ત્રાજવામાં તોળાઈને આવ્યા છે અને "વાહીદા" શબ્દ અમલ કરનારના વજન

પર છે માટે નફસે વાહીદા એ તૌહીદના કાર્યનો અમલ કરનાર છે, તે રૂહોંને પોતાની સાથે એક કરી લ્યે છે, કેમકે અઝલમાં સઘળા તેની સાથે એક હતા અને કાદીરે મુતલીકે (અલ્લાહતઆલાએ) આ કાર્ય તેની માટે સરળ બનાવી દીધું કે જે લોકો ઈસ્લામી શીક્ષણ મુજબ નફસને પાક કરવાનું કાર્ય કરે છે તેઓ ફકત કાલજ નહીં પણ આજે દુનિયામાં પણ નફસે વાહીદાથી વાસલ થઈ શકે છે, જો પૂરી રીતે નહીં તો થોડીક હદે અને અમલી રીતે નહીં તો ઈલ્મી પ્રકારે. અને આ વિષયમાં કુરઆની હિકમતોમાં ધ્યાન કરી અભ્યાસ કરવો અને મારફતના ભેદોની શોધ, એ ઘણી મોટી ઈબાદત છે.

(૧૪) તે સૌથી મોટા મુકામો કે જ્યાં આદમ તથા આદમીની રચના થઈ છે તે બે છે. આલમે અમ્ર અને આલમે ખલ્ક. આલમે અમ્રમાં ઈન્સાનોની જેવી ઉત્પત્તી થાય છે તે જીસમાની રીતે પેદા થવું નથી પણ ઈબ્દા છે કે જે "કુન" શબ્દના થકી જાહેર થાય છે, તેથી ત્યાં ઈન્સાનની માતા છેજ નહિ અને જ્યાં સુધી પિતાનો સંબંધ છે, તો તે પણ એક પ્રકારે હોય છે અને બીજા પ્રકારે નથી હોતો. એજ કારણ છે કે ઈન્સાનોની અમ્રી ઉત્પત્તી નફસે વાહીદાથી થઈ જેનો નમૂનો આ દુનિયામાંના તે અગણિત જીવંત જીવાણુંઓ છે કે જે એક યુવાન પુરૂષની હસ્તીમાં મળી આવે છે, જેની માતા જોકે હજુ સુધી ગૈબના પરદામાં છે. આજ પ્રમાણે આલમે ઝર્ર એટલે કે કણોના જગત તથા અકલના મુકામ ઉપર લોકો મૌજૂદ હતા પછી તેઓ આલમે ખલ્કમાં આદમ અને હવા થકી શારીરિક રીતે પણ પેદા થઈ ગયા.

(૧૫) જેમકે સુરહ અઅરાફ (૭) આયત (૧૮૯)માં ફરમાવેલું છે કે "હુવલ્લઝી ખલકકુમ મિન નફસીંવ્વાહીદતીન્વ જઅલ મિન્હાઝવ

જહાલી યસ્કુન ઇલૈહા." અર્થ : તે અલ્લાહજ તો છે જેણે તમોને (આલમે અમ્રમાં) એકજ વ્યકિતથી પૈદા કર્યા અને (અલમે ખલ્કમાં) તેનાથી તેઓનું જોડું પણ બનાવી કાઢયું કે જેથી તેને સંતોષ મળે (હઝરત આદમ (અ.સ.)ને આ બંદોબસ્તથી સંતોષ થયો કે તેમનાથી દુનિયામાં નૂરનો સીલસીલો ચાલતો રહેવાનો હતો). અહીં એક બીજો સવાલ ઉપસ્થિત થઇ જાય છે કે હઝરત આદમ (અ.સ.)થી બીબી હવા કઇ રીતે પેદા થઇ ? તમો ઉપર જણાવેલ આયતમાં ધ્યાનથી જોઇ શકો છો કે એક શબ્દ "ખલક" છે અને બીજો "જઅલ" અને તે બન્નેની વચ્ચે ઘણો મોટો ફરક છે. આખરે આ ફરક શા માટે ? એ માટે કે પ્રથમ શબ્દ રચના એટલે કે તખ્લીક માટે છે અને બીજા શબ્દમાં નીયુકિતનો અર્થ છે. અને જો આમ વાત ન હોત અને આદમના પાસામાંથી હવાની શારીરિક હસ્તી બની જાત તો આ અમ્ર કુદરતનો કાનૂન બની જાત અને આજે દરેક સ્રી પોતાના માતાપિતાથી નહીં પણ પોતાના પતીથી જન્મ લેતી હોત. પણ એ વાત નથી, હકીકત કંઇ બીજી છે, તે એ કે કોઇ પુરૂષ પતી નથી કહેવડાવી શકતો જ્યાં સુધી કે તેની પત્ની ન હોય અને કોઇ સ્રી પત્ની નથી બની શકતી જ્યાં સુધી કે તેનો પતી ન હોય. આમ જે રીતે પત્નીની સ્થિતિ પતી થકી બને છે તેજ રીતે પતીની આ વધારાની કિંમત અને મહત્ત્વતા પત્ની થકી પ્રાપ્ત છે તેથી તેમની નીયુકિત એક તરફી નથી પરંતુ બે તરફી હોય છે અને આમાં રૂહાની પતી-પત્નીની ઉપમા પણ છે.

(૧૯) સવાલ : મુસ્તકર્રની અના અને મુસ્તવદાની અનામાં શી હિકમત છે ? આ બેની અંદર શું ભેદ છે ? શું આ રૂહના બે છેડા છે ? આપણે આ હકીકતને કયા દાખલાઓ મારફત સમજી

શકીએ છીએ ? તમો આની વધુ સમજણ આપો

જવાબ : (અ) પવીત્ર કુરઆનનો ઇશારો છે કે દરેક વસ્તુનો પડછાયો હોય છે (૧૬/૮૧, ૨૫/૪૫) અને આમ માનવીની અનાએ ઉલવી (ઊચ્ચ અના) જાણે કે એક સૂર્ય છે અને (નીચલી અના) અનાએ સીફ્લી તેનો પડછાયો છે.

(બ)કુરઆનની હિકમતનું કહેવું છે કે રૂહ મૂળમાં કોઇ એવી વસ્તુ નથી કે જે મર્યાદિત હોય, પણ તે તો એક સર્વવ્યાપક હકીકત છે માટે તેને એકજ સમયે બેઉ જગતમાં હોવું જોઇએ.

(ક) અંબીયા અને ઔલીયા (ઇમામો) એજ બન્ને અનાના કારણે રૂહાની જગતને પણ જુએ છે અને આ દુનિયાને પણ. અને તેઓનો આ ગૂણ તે હકીકતની દલીલ છે કે દરેક શખ્સની બે અના હોય છે.

(ડ) મકાન હોય તો આવવું જવું થાય છે, લા મકાન હોય તો એવું નથી થતું. રૂહ જોકે લા-મકાની છે તેમ છતાં દાખલા તરીકે એમ કહેવું વ્યાજબી છે કે આ અના ઉપર જઇ શકે છે અને તે અના નીચે આવી શકે છે, કે જેથી બંને એક થઇ જાય (કુરઆનમાં રૂહ અને ફરીશતાઓના ઉપર જવાના અને નાઝીલ થવાના ઘણા દાખલાઓ મૌજૂદ છે. જેમકે સુરહ અને આયાત નંબર (૩૫/૧૦, ૭/૪૦, ૫૩/૭, ૧૫/૧૪, ૫૭/૪, ૫૮/૨૨, ૪૨/૫૨).

(૧૭) જો કે કુરઆને મજીદની દરેક આયાત આસમાની ઇલ્મો હિકમતના માણેક અને મોતીઓથી ભરેલી છે તેમ છતાં આવો,

એક અતીશય હેરતપમાડનાર રહસ્યને જોઇએ છીએ કે જે ઇન્સાની ઊચ્ચતાના સૌથી મોટા ખજાના સંબંધે છે. આ મુબારક અને પવીત્ર ફરમાનમાં સર્વ પ્રથમ તો એ ફરમાવવામાં આવે છે કે મોમીનો ખુદા અને રસૂલ સલ.ની ખાસ દાવતને કબૂલ કરે કે જેથી તેઓ રૂહાની ઝીંદગીમાં જીવતા થઇ જાય પછી તેઓને ઇલ્મ અને મારફતના પ્રકાશમાં એ જાણવું પડશે કે હિકમતવાળો અને સર્વ બાબત જાણનાર ખુદા પરીક્ષા અને કસોટીના માટે માનવી અને તેના દિલની વચ્ચે કઇ રીતે આવી ગયો છે, અર્થાત હકીકી દિલ કોને કહે છે ? તે કયાં છે ? અને તેનો મરતબો શું છે. આ સઘળા છૂપા રહસ્યો જેમાં ભરેલા છે તે એ વખતે જાહેર થશે જ્યારે કોઇ મોમીન વ્યકિતગત જગતમાં પોતાના પરવરદીગારને ઓળખતો હોય. યાદ રહે કે આ દિલનો અર્થ છે ઇમામે ઝમાન કે જે મોમીનની અનાએ ઉલવી પણ છે. (૮/૨૪).

(૧૮) જ્યારે કોઇ ખુશનસીબ અને સફળ મોમીનને ખુદા, રસુલ સલ. તથા ઝમાનાના ઇમામ (અ.સ.)ની હકીકી ફરમાન બરદારીના પરિણામે રૂહાનીયતનો સૌથી મોટો દીદાર પ્રાપ્ત થઇ જાય છે, તો તે દીદાર આપનાર શહેનશાહ કોણ હોય છે ? ખુદા ? રસુલ (સ.અ.સ.) ? ઇમામ (અ.સ.) ? મહાન ફરીશ્તો ? પોતાની રૂહ ? અનાએ ઉલવી ? બોલતી કીતાબ ? અઝલ કે દહર ? એક કે બધા? ઇબ્દા કે ઇમ્બીઆસ ? અવ્વલ કે આખર ? જણાવો કે તે કોણ છે કે જે દીદાર દઇ રહ્યા છે ? વલ્લાહ ! તે સર્વ કાંઇ છે અને સુફીઓની ભાષામાં તેનેજ "હમાઊસ્ત" કહે છે, ખુદાના ચહેરાની રોશની આજ છે. જેમાં સઘળી હકીકતો એકત્ર નજરે પડે છે. બલકે સર્વની એકજ હકીકત થઇ જાય છે જે "હકીકતે હકાઇક" અર્થાત હકીકતોની હકીકતના નામથી છે અને એક હકીકત પણ એજ છે.

(૧૯) દુનિયાની કોઇ વસ્તુ ઇશારાની ભાષા વડે કંઇ કહ્યા વગર નથી રહેતી અને જ્યારે બે માણસો સામસામે આવી જાય છે તો તે વખતે તેઓ એકબીજાની આંખોમાં નજરે આવે છે. એ આંખની કીકી છે કે જે ઇશારાની ભાષામાં કહે છે કે જ્યારે રુહાની દીદાર થાય છે ત્યારે અનાએ ઉલવી અને અનાએ સીફ્લી એટલે કે ઊચ્ચ અના અને નીચલી અના બેઉ એકબીજામાં દાખલ અને શામેલ થઇ જાય છે.

નોટ : આ લેખ ખૂબજ જરૂરી છે, તેને ખાસ ધ્યાનથી વાંચો અને વારંવાર વાંચીને તેની ઊંડાઇને સમજવા માટે પૂરેપૂરી કોશીષ કરો.

*–નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઇ*
*લંડન. ૧૧ ડિસેમ્બર ૧૯૮૬.*

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# પરદો અને જાહેર થવાની જગ્યા

(૧) આ કાયનાતના પાનાઓ અને દરેક હાજર વસ્તુઓના પુસ્તકમાં જોકે ફકત એકજ કાનૂન ઉપરવટ છે અને કાર્ય કરી રહ્યો છે અને તે કુદરતનો કાનૂન અથવા ફિતરતનો વહીવટ કહેવાય છે, પરંતુ ચોક્કસપણે તેનાંજ જુદાજુદા સ્વરૂપો અથવા જાતજાતની જાહેરાતો જાણે કે આ વિશાળ દુનિયાના કારખાના અને રંગારંગીમાં ઘણા બધા કાનૂનો એકબીજા સાથે મળીને કાર્ય કરી રહ્યા છે, જેમાં ખૂબજ મહત્ત્વના સાથેનો એક હિજાબ એટલે કે પર્દાનો દસ્તુર પણ છે અને જાહેર પણાનો કાયદો પણ છે, પણ જ્યાં આ બેઉ કાનૂનો ખુદાવંદતઆલા માટે ખાસ છે, તો ત્યાંથી એ પોતાના પવીત્ર પાલવમાં દીન અને દુનિયાની સઘળી બરકતો, ખુશનસીબીઓ એકત્ર કરીને અને ઈલાહી જ્ઞાનની સુંદર અને આકર્ષક તજલ્લીઓનું મૂળ બનીને આવે છે. આ તે લોકોનું સૌથી મોટું સદ્ભાગ્ય છે, જે આ ખુદાવંદી પરદા અને જાહેરને કાબાએ જાન અને કીબ્લાએ ઈમાન ગણે છે.

(૨) તે નૂર પોતે પરદો પણ છે, પોતે પોતામાં છુપાયેલો પણ છે, મઝહર એટલે દેખાનાર સ્વરૂપ પણ છે, જાહેર પણ છે. આશિક પણ છે, અને માશુક પણ છે. આ હકીકતનો એક વ્યાજબી દાખલો સૂર્ય છે, કે જે ભૌતિકપણામાં સર્વકાંઇ છેનું તેથીજ શીયાળાની ઋતુ એ સૂર્યની ગરમીથી દૂર હોવાનું તથા ગરમીના ઓછાપણાનું નામ છે, કે જેમાં ધરતી એક વાર મરી જાય છે પરંતુ સૂર્યના નૂરનું એ કેટલું મોટું પરાક્રમ અને કેવો મહાન ઉપકાર છે કે વહી ગયેલી વસંતને ફરીવાર લાવીને મરી ગયેલી ધરતીને ફરી

એકવાર જીવતી કરી દયે છે. ખાક એટલે કે માટીના પરદામાંથી વનસ્પતીની લીલોતરીની સુંદરતાને જાહેર કરીને તેના લીલા રંગની સુંદરતા સૌને બતાવે છે. હવે બગીચાના ફૂલોની કળીઓ વિષે સાંભળો કે તે (કળી) ન ફકત સુંદર ફૂલોના પર્દા એટલે કે ગુપ્ત રૂપ જ છે પરંતુ તે મનને આકર્ષનાર ફૂલોના જાહેર રૂપ પણ છે. આમ સૂર્યના નૂરે વસંતની હવાને એક મધ્યમ પ્રકારનો સ્વભાવ આપીને કહ્યું કે હવે તું બગીચાની સઘળી કળીઓને ગુદગુદી કરીને હસાવી દે કે જેથી રંગબેરંગી ફૂલો કે જે કુદરતની કારીગરી છે તે પરદામાં છુપાયેલા છે તેમાંથી જલ્વામાં એટલે કે જાહેરમાં આવે, પુષ્કળ પ્રમાણમાં રંગ અને ખુશ્બુની દોલત લુટાવી દીયે. અને એ સૂર્યનું નૂરજ તો છે કે જે સુરીલા અવાજવાળા પક્ષીને ફરીવાર બગીચાની સંગીતની મહેફીલના માટે બોલાવે છે કે જે (પક્ષી) ઠંડીની અતીશયતાને કારણે દ્રષ્ટિથી ઓઝલ અને છુપાયેલ બની ગયું હતું.

(૩) ફૂલની કળી જો ફૂલનો પરદો છે અર્થાત જો કળીમાં ફૂલ છુપાયેલું છે તો ફૂલ કાચા મેવાનો પરદો છે. કાચા અને પૂરી રીતે તૈયાર ન થયેલ મેવામાંજ પૂરેપૂરૂં અને પાકું ફળ તૈયાર થઇ જાય છે જેમાં ગોટલી રક્ષિત રહેલી હોય છે. તેમાં મગજ છુપાયેલું રહે છે જેમાં તેલ હોય છે અને તેલ પ્રકાશનો પરદો પણ છે તથા જાહેર રૂપ પણ, આ સઘળી વાત, આ સઘળો કિસ્સો શું છે ? પરદામાં પરદાની એક સુંદર ઉપમા છે. હવે પર્વતના વિષે જરા ધ્યાન કરો કે તેની બનાવટ કેમ પડ ઉપર પડ (એક સ્તર ઉપર બીજું સ્તર) હોય છે અને આ સ્તરોના ઘણા પરદા પાછળ અતી ઘણા જવાહીરાત છૂપાયેલાં હોય છે. સમુદ્રના કિંમતી મોતીઓ મુશ્કેલી ભર્યા પર્દાઓ વગર કેમ પ્રાપ્ત થઇ શકે છે. મતલબ કે દુનિયાની કોઇ પણ વસ્તુ પછી તે ખૂબજ કિંમતી હોય અથવા ઓછી, તે પરદા વગર નથી.

જી હાં, પરદાઓ કેટલાંય પ્રકારના હોય છે, દાખલા તરીકે ભૌતિક વસ્તુઓનું વચ્ચે આવી જવું, સમય અથવા સ્થળનું અંતર, દરેક પ્રકારની આડખીલીઓ મુશ્કેલીઓ, અજ્ઞાનતા, ગફલત, નાશુકરી, નાદાની વિગેરે.

(૪) તમો સુરહ "શુરા" (૪૨/૫૧) એક પછી એક હિકમતોમાં ડહાપણભરી દ્રષ્ટિ વડે નીહાળીને જાણી શકો છો કે ખુદાવંદ બેઉ જહાનનનો ન ફકત પર્દોજ છે બલ્કે મઝહર (જાહેર સ્વરૂપ) અને ઝહૂર પણ છે. અને તેના મહાન પર્દા માટે ઘણાબધા પર્દાઓ પણ છે. અને એ કાયદો યાદ રહે કે એ મહાન પર્દોજ છે કે જે મઝહરપણાની પાક અને પવીત્ર ફરજ પણ પૂરી કરે છે. સાથે સાથેજ એ પણ જાણવું જરૂરી છે કે ખુદા નૂર છે, માટે પવીત્ર નૂરનો નજીકનો પર્દો એટલે કે મહાન પર્દો (હીજાબે અકબર) એ કોઈ બીજી વસ્તુ નહીં પણ ફકત નૂરજ હોઈ શકે છે. જેમકે સૂરજ ભૌતિક નૂર છે, અને તેનો બહારનો ભાગ (ઉપરનું પડ) અંદરના ભાગનો પર્દો અને પ્રતિનિધિ છે, તેના સિવાય આ ભૌતિક જગતમાં કોઈ પણ એવી અતીઘણી શકિતશાળી વસ્તુજ નથી કે જે જગતને પ્રકાશનારા સૂર્યની કિરણોના પ્રચંડ મોજાઓની બિલ્કુલ સામે ઊભી રહી શકે અને તદ્દન નજીકના પર્દા અથવા કવરનું કામ કરી શકે.

(૫) ઉપર જણાવેલ કુરઆનની આયત (૪૨/૫૧)માં સમગ્ર રૂહાનીયતના ત્રણ દરજજાઓનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તેમાં સૌથી ઊચ્ચ દરજજો નૂરાની ઝહૂરાત, નજર (દર્શન), અવલોકન અને બહોળા અર્થવાળા ઈશારાઓ સંબંધે છે, જેમાં "ઈબ્દા" અને "ઈમ્બીઆસ", અઝલ અને અબદ અને અન્ય સઘળા અતીશય મહાન ચમત્કારો શામીલ છે બીજો દરજજો એ છે, જેના ચમત્કારો

પર્દાની પાછળથી સંભળાય છે અને ત્રીજો દરજ્જો જે સહુથી નીચે છે, તેમાં રૂહો અને મલાયકોના સઘળા આશ્ચર્ય ભરપૂર અનુભવો થાય છે.

(૬) લગભગ ૧૪૦૦ વર્ષ પહેલાં, કુરઆનના નાઝીલ થવા દરમ્યાન, ભવિષ્યની જાહેરી અને બાતિની ક્રાંતિઓની તરફ ઈશારો કરતાં ફરમાવવામાં આવ્યું હતું કે, આગળ જતાં કુરઆને કરીમની તાવીલ આવનારી છે (૭/૫૨-૫૩) આનો અર્થ એ થયો કે કુરઆની તાવીલ કે જે પહેલે અમુક ઊચ્ચ દરજ્જઓના માટે ખાસ હતી, તે સર્વના માટે સામાન્ય થઈ જશે, માટે આ વિષે મારો પાકો વિશ્વાસ એજ છે કે જે રીતે ઝમાનાએ હાજરમાં ભૌતિક પ્રગતિઓનું એક ખૂબ મોટું તોફાન આવેલું છે, એજ રીતે રૂહાનીયતમાં પણ એક મહાન ક્રાંતિ આવી ચૂકી છે, અને એજ તાવીલ છે. હવે તમો પોતે સુરહ અઅરાફની આયત ૫૨-૫૩માં ધ્યાન પૂર્વક જુઓ અને બતાવો કે આપણને આ મામલામાં શું કરવું જોઈએ. તમો અલબત એમજ કહેશો કે તાવીલ જ્યારે પણ હોય, જ્યાં પણ હોય, તે હિકમતવાળી અને પુષ્કળ ભલાઈવાળી છે. (૨/૨૬૯), માટે ખૂબજ કદરદાની સહીત તેને કબૂલ કરવી જોઈએ કે જેથી કુરઆન અને ઈસ્લામની હંમેશની ભવ્યતાની સાબિતી હોય

(૭) અલ્લાહ જલ્લેજલાલાએ સુરહ નૂર (૨૪/૩૫)માં જે ઈલ્મો હિકમતની શાન સહીત પોતાના પવીત્ર નૂરના દ્દષ્ટાંત તથા ઉપમાઓ વર્ણવ્યા છે તેમાં ઓળખ અને નિશ્ચય ની એક પ્રકાશિત દુનિયા મૌજૂદ છે, અને ત્યાં એજ પર્દા અને જાહેરપણાનો કાયદો અન્ય ઘણી હકીકતોની સાથે ચમકે છે, તે એ કે નૂરનો દીવો કાંચના ફાનસમાં છે, શું એ કાંચ પણ નૂર નથી, કે જેથી નૂરનો પર્દો અને તેનું જાહેર

સ્વરૂપ પણ નૂરાનીયતથી ભરપૂર હોય ? "ચોક્કસ" એમજ છે, કેમકે તે કાંચ ભૌતિકતાની કોઇ નિર્જીવ અને બુધ્ધિહિન વસ્તુ તો નથી હોઇ શકતી બલ્કે તે એક મુબારક અને પવીત્ર હસ્તી છે. કોઇ શંકા નથી કે તે પરીપૂર્ણ (કામીલ) ઇન્સાન છે, જ્યારે તેને નૂરોના નૂરની નજદીકી અને સંયોગનો આ ઊચ્ચતમ મરતબો પ્રાપ્ત છે ત્યારે તેને પોતેજ નૂર થઇ જવાનું અને હંમેશા પ્રકાશિત રહેવાનું છે.

(૮) મારાં વહાલા મિત્રો ! શું તમોએ કયારે નૂરન અલા નૂર (૨૪/૩૫)ના વિષે ઊંડાણથી વિચાર્યુ છે ? કેમકે તેમાં મોટાં મોટાં રહસ્યો છે. દાખલા તરીકે :-

(અ) નૂરન અલા નૂર (એક નૂર પછી બીજું નૂર ચાલતું રહે છે) અર્થાત અંબીયા અને ઇમામો અલૈહિમુસ્સલામ જેઓ પોતપોતાના સમયમાં ખુદાના નૂરના જાહેર સ્વરૂપ હતા, જ્યારે કે અલ્લાહ નૂરન અલા નૂર છે અને નૂરન અલા નૂરના હુકમથી ઝમાનાના હાદીમાં નૂરોની ઐકયતા હોય છે

(બ) પોતાના ખયાલની પાટી ઉપર એક (૧) ની સંખ્યા લખો. હવે બિલ્કુલ એજ સ્વરૂપની ઉપર એજ એકની સંખ્યા હજાર વાર લખો, પછી કલ્પનામાં જુઓ, કયાં છે એ હજાર વાર લખેલ સંખ્યા? કંઇ નથી, બસ ફકત એકજ છે. આ છે નૂરન અલા નૂરની એકતા.

(ક) નૂરના ચાર દરજજાઓ છે :- ખુદાઇ નૂર (૨૪/૩૫) નૂરે નબુવ્વત (૩૩/૪૬) નૂરે ઇમામત (૫૭/૨૮) નૂરે મોમીનીન (૫૭/૧૨) પરંતુ નૂરન અલા નૂરનો ઇશારો એ છે કે સઘળા નૂરો એક થઇ જાય છે. (જેમ ફનાફિલ્લાહ અને બકા બિલ્લાહ ની કલ્પના છે)

(૯) હઝરત મૂસા અલૈહિસ્સલામે જે વૃક્ષથી ખુદાના નૂરને જોયું હતું, તે વૃક્ષ હકીકતમાં શું હતું ?

તે જાહેર સ્વરૂપ (મઝહર) અને પર્દાની મુબારક હસ્તી હતી એટલે કે હઝરત મૂસા (અ.સ.)નું વ્યકિતગત જગત અને ઈમામ (અ.સ.)નું પવીત્ર વ્યકિતત્ત્વ, કેમકે કુરઆને હકીમમાં કેટલાંય ઠેકાણે પયગમ્બર અને ઈમામની ઉપમા વૃક્ષથી આપવામાં આવી છે. કારણ કે તેમની પાક પવીત્ર હસ્તી એ પવીત્ર વૃક્ષ છે જેનો ઉલ્લેખ સુરહ ઈબ્રાહીમ (૧૪/૨૪-૨૫)માં ફરમાવેલ છે. આ રૂહાનીયતની બહેશ્તનું સદાબહાર વૃક્ષ છે, જે દરેક વેળાએ પોતાના પરવરદીગારની આજ્ઞાથી ફળ દેતું રહે છે.

(૧૦) સવાલ : પરદાનો પડછાયો કોના ઉપર પડે છે ? શું આ પરદો નજરે આવનાર છે કે કાનથી સંભળાય તેવો ? કે પછી બન્ને ? સુરહ શુરા (૪૧/૫૧)માં કયા પ્રકારના પરદાનો ઉલ્લેખ છે?

જવાબ : પરદાનો પડછાયો નૂર ઉપર નહીં પણ નાફરમાન માનવીઓ ઉપર પડે છે. ધરતી અને વાદળાઓના પડછાયા સૂર્ય ઉપર નહીં દુનિયાવાળાઓ ઉપર પડે છે, કેમકે કોઈ જાહેરી અને ભૌતિક અંધકાર સૂર્યની તરફ નથી જઈ શકતો. જી હા, જાહેરી અને બાતિની ઈંદ્રીયોમાંથી દરેક ઈંદ્રી માટે એક પરદો હોય છે. સુરહ શુરામાં નજરે આવનાર પરદાનો ઉલ્લેખ છે કેમકે તે દરજજાથી ઉપર દીદારનો ઉલ્લેખ ફરમાવવામાં આવેલ છે.

(૧૧) સુરહ મઆરીજ (૭૦)ની આરંભની ૯ મુબારક આયાતોને દ્રષ્ટિ સમક્ષ રાખો, અને સર્વ પ્રથમ શબ્દ મઆરીજને લ્યો, જેનો

અર્થ છે પગથીયા (સીડીઓ), દરજજાઓ જેનું એક વચન છે મએરાજ. અલ્લાહતઆલાને "ઝીલ મઆરીજ" (દરજજાઓ વાળો) એ માટે કહેવામાં આવેલ છે કે તેની નજદીકીની બારગાહ સુધી પહોંચવા માટે માનવીઓ અને ફરીશ્તાઓને ઘણા બધા દરજજાઓ પસાર કરવા પડે છે. (કામૂસુલ કુરઆન) અહીં જે પ્રમાણે ફરમાવેલું છે તે મુજબ એક તરફ એક દિવસ છે અને બીજી તરફ પચાસ હજાર વર્ષ છે, અને પગથીયાઓના ઈશારાથી ખાત્રી થઈ ગઈ કે એજ પચાસ હજાર વર્ષ બીજી ઉપમામાં પચાસ હજાર દરજજાઓ અને પરદાઓ પણ છે, જેમાંથી પસાર થયા વગર ખુદાની ખાસ હુઝુર સુધી ન તો કોઈ માનવી પહોંચી શકે છે અને ન તો કોઈ ફરીશ્તો. પરંતુ કુરઆની હિકમત કહે છે કે કાદીરે મુતલક એટલે કે અલ્લાહના એકજ દિવસે, તે પચાસ હજાર વર્ષોને એક સામટા કરીને પોતાની અંદર મર્યાદિત અને ટૂંકા કરી દીધા છે, અને તે અલ્લાહતઆલાનો દિવસ (૭૦/૪) ઈમામે ઝમાન અલૈહિસ્સલામ છે. જેમ તાવીલના કાયદા મુજબ છ (૬) નાતિક અલૈહિમુસ્સલામ ખુદાવદે આલમના છ દિવસો છે, અને સાતમો દિવસ હઝરત કાયમુલ કયામત અલૈહિસ્સલામ છે. તમોને એ હકીકતની જાણ છે કે ખુદા એ છે કે જે પોતાની સંપૂર્ણ કુદરતથી ઝમાન અને મકાન એટલે કે સમય અને સ્થળના અંતરો અને વિશાળતાને લપેટી પણ લ્યે છે અને ફેલાવી પણ દયે છે (૩૬/૧૨, ૩૯/૬૭, ૨૧/૧૦૪) જેમકે તે અલીમ અને હકીમ, અગણિત વસ્તુઓને એક (૧) કરીને ગણત્રી કરી લ્યે છે. એટલે કે અલ્લાહતઆલાનું લોકોને અને સઘળી વસ્તુઓને ગણત્રીમાં લાવવું એમ છે કે તે પોતાની કુદરતના હાથો વડે સર્વેને લપેટીને એક (૧)ની સંખ્યામાં એક કરીને રાખે છે (૭૨/૨૮, ૧૯/૯૪).

(૧૨) પાક અને પવીત્ર ઈમામ સલ્વાતુલ્લા અલૈહિ જાહેરમાં

હિજાબે અકબર (મહાન પરદો) અને બાતિનમાં ખુદાનો અરીસો છે. તે યૌમુલ આખીર (છેવટનો દિવસ) અને યૌમુલ કયામત છે. અને કુરઆને મજીદમાં કયામત સંબંધે જેટલાં નામો છે, તે સઘળા ઈમામે આલી મુકામ (અ.સ.)ના તાવીલી નામો છે, જેમાંથી પ્રત્યેક નામ સંબંધિત આયતે કરીમાના ઇલ્મો હિકમતના ખજાનાના માટે દરવાજા, તાળા અને ચાવીનું કામ કરે છે, કેમકે દરેક એવી પવીત્ર આયત ખાસ કરીને કયામતના ભેદોથી ભરેલી હોય છે. તમોને ખાત્રી છે કે પયગમ્બર (સ.અ.સ.)નો રૂહાની મરતબો જ્ઞાનનું શહેર અને હિકમતનું ઘર છે, જ્યાં કુરાનની રૂહ અને રૂહાનીયત રક્ષિત અને મોજૂદ છે, જેનો દરવાજો એટલે કે પરદો અને જાહેરી રૂપ હઝરત ઈમામે ઝમાન (અ.સ.) છે. અને એ કુરાની કાનૂન હરગીઝ ભૂલી ન જાઓ કે આજ એ દરવાજો છે, જેનાથી ખુદાના હુકમ વડે કોઇ શખ્સ જાહેરથી બાતિનમાં જઇ શકે છે (જુઓ સુરહ હદીદ ૫૭/૧૩) કે જેથી કયામતના દિવસે કોઇને એ બહાનુ ન મળે કે તેના સમયમાં કોઇ એવો વસીલો મૌજૂદ નહીં હતો, જેનાથી તેની કુરઆની મુશ્કેલીઓ અને વર્તમાન કોયડાઓનો ઉકેલ આવી શકે.

*–નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઇ*

*લંડન. ૧૫.૧૨.૮૯*

# અંબીયા અને ઈમામોના રહસ્યો

(૧) માનવંત અંબીયાઓ તથા ઈમામો અલૈહિમુસ્સલામના અતીઘણા રહસ્યોના ભંડાર હઝરત આદમના સમય તથા કુરઆની કથાઓમાં છુપાએલા છે, અને આ હકીકતની સાબિતી એ છે કે અબુલ બશર એટલે કે હઝરત આદમ (અ.સ.)ના સંબંધે એટલા બધા સવાલો છે, કે જે ખૂબજ મહત્ત્વના હોવાને કારણે તેના જવાબો ક્રાંતિકારી પ્રકારના હોઈ શકે છે, દાખલા તરીકે :

(૨) હઝરત આદમ અલૈહિસ્સલામની શારીરિક રચના તથા રૂહાની પરિપૂર્ણતા કેવી રીતે થઇ ? સુરહ રૂમ ૩૦/૩૦માં યથાયોગ્ય વિચાર કરીને બતાવો કે શું ઈલાહી સુન્નત અને કુદરના કાનૂન (પૈદાઈશ)માં કોઈ ફેરફાર કે બદલાવ થઇ શકે છે ? ધરતીનો ગ્રહ કયારે પેદા થયો ? આ ગ્રહ ઉપર પ્રથમ માનવી કયાંથી અને કેવી રીતે ઊતર્યો ? શું તે ફકત એકજ આદમ એટલે કે માનવી હતો ? પછી જુદાજુદા ખંડોમાં તેનો વંશ કઈ રીતે ફેલાયો ? હઝરત આદમ (અ.સ.)ની ખીલાફત કયા જગતમાં હતી ? જાહેરી કાયનાતમાં કે દીની જગતમાં ? કે પછી વ્યકિતગત જગતમાં ? જો અબુલ બશરની ખીલાફત ફકત આ ધરતી ઉપર હતી, તો પછી ફરીશ્તાઓએ તેમને સિજદો કેવી રીતે કર્યો ? અને કેવી રીતે તેમનાથી મલકૂતી ઈલ્મ તથા મારફત પ્રાપ્ત કર્યા ? શું એ સત્ય છે કે શૈતાન આદમને સીજદો કરવા માટે ના પાડવાને કારણે આ ઈલાહી ઈલ્મથી વંચિત રહ્યો કે જે ખુદાના ખલીફા પાસે હતું ? એ જણાવો કે ખુદાની ખીલાફત હંમેશની હોય છે કે કામ ચલાઉ ? જો ખીલાફત સઘળા સમય ઉપર છવાયેલ હોય અને કયામત સુધી રહેવાની હોય તો જરા સ્પષ્ટતા કરો કે આ કેવી રીતે છે ?

(૩) અલ્લાહતઆલાની પવીત્ર હસ્તી તથા તેના દરેક ગૂણો કદીમ (હંમેશા) છે, તેના વચન અને કાર્યો પણ હંમેશા છે. તેનો સાફ મતલબ એ છે કે અલ્લાહ કોઇ પણ આરંભ કે અંત વિના હંમેશા ખાલિક છે (રચના કરનાર છે). (જે રીતે ખુદા હંમેશા અગણિત લોકોને પેદા કરે છે, એજ રીતે બે-હિસાબ દુનિયાઓને પેદા કરે છે) (૩૦/૩૦ નો સાર) માટે ખલ્કતની કલ્પના એક એવા વર્તૂળ ની જેમ છે કે જેનો કોઇ છેડો નથી. આવી એક સ્પષ્ટ દલીલ આદમ (અ.સ.)ના પોતાના કિસ્સામાં મૌજૂદ છે કે તેવણ (અ.સ.) આ જગતમાં પેદા થયા હતા, જેમકે કુદરતનો કાનૂન છે (૩/૭૭, ૧૭/૭૭,૩૦/૩૦) પછી ખુદાના હુકમથી બહેશ્તમાં ચાલ્યા ગયા, પછી જગતમાં આવ્યા અને પછી જન્નતમાં દાખલ થઇ ગયા. શું આ ફકત એકજ આદમની વાત છે ? પછી તો બે કાનૂન થઇ ગયા, એક હઝરત આદમ (અ.સ.)ના માટે અને બીજો બાકીના બધા માટે. નહિ હરગીઝ નહિ, ખુદાની સુન્નત એકજ છે, જેના પ્રમાણે ચોક્કસપણે આ અગણિત આદમોનો કિસ્સો છે કે બહેશ્તના છેવટના દરજ્જામાં પહોંચીને પ્રત્યેક આદમ ઊચ્ચ અનાને લઇને તો રહે છે, પરંતુ નીચલી અના (અનાએ સિફલી)ને લીધે આ જગતમાં આવે છે.

(૪) હઝરત આદમ (અ.સ.) કુદરતના કાનૂન મુજબ પૈદા થયા હતા, જેને સમજવા માટે કુરઆની આયતોનો હવાલો નોંધાઇ ગયો અને બાકી જેટલા મહાન ભેદોનો ઉલ્લેખ ફરમાવવામાં આવેલ છે, તે તેમની રૂહાની રચના બાબત છે, તે ભેદો સઘળા અંબીયાઓ અને ઇમામો સલ્વાતુલ્લા અલૈહીમની રૂહાની પરીપૂર્ણતા અને કમાલિયત બાબત સામાન્ય છે, કેમકે હઝરત આદમ (અ.સ.)ની બધી મહાનતા અને બુઝુર્ગી તથા ઇલ્મ અને ઊચ્ચતા ફકત ઇલાહી

ખિલાફતના કારણે પ્રાપ્ત હતી, માટે જ્યાં સુધી આ ખુદાઈ દરજ્જો લોકોની વચ્ચે મૌજૂદ છે, ત્યાં સુધી તેને કોઈ પણ ઓછપ વગર, પૂરી શાન સહીત રહેવાનું છે. આમ અંબીયા અને ઈમામોના વંશની દરેક ઉચ્ચ મરતબાવાળી વ્યકિત આદમની વારસદાર, વખત અથવા ઝમાનાનો ખલીફા અને ખુદાઈ ઈલ્મનો ખજાનો હોય છે, અને જો પરવરદિગારે આલમના આ હિકમત તથા મસલેહત (ગોઠવણ)ન હોત તો ફરીશ્તાઓનો એ વાંધો કે જે તેઓએ શરૂઆતમાં ઉપાડેલ હતો (નઅઉઝોબિલ્લાહ) તે વ્યાજબી સાબિત થઈ જાત કે ખુદાએ પોતાની દૂર સુધી ફેલાયેલી અને બ્રહ્માંડની ખીલાફતની જાહેરાત તો કરી દીધી પરંતુ તે થોડા સમય પછી શાંત થઈ ગઈ, તેનો ફાયદો ન જાહેરમાં થયો અને ન તો બાતિનમાં, પણ આ વિચાર કેમ સાચો થઈ શકે છે ?

(૫) વૈજ્ઞાનિકોના કથન મુજબ પૃથ્વીનો ગ્રહ અત્યારથી લગભગ ૪૫૫૦ મીલીયન વર્ષ પહેલાં પેદા થયો છે. એટલે કે ચાર અબજ પંચાવન કરોડ વર્ષ પહેલાં અમારી દુનિયા અસ્તિત્ત્વમાં આવી હતી. તેમ છતાં તે ઉપર આબાદી લાંબા સમય પછી થઈ હશે. પ્રથમ માનવી (ફકત મૌજૂદ ગ્રહના સંબંધે) દુનિયામાં કેવી રીતે આવ્યો ? આ અતીઘણો મુશ્કેલ સવાલ છે, પરંતુ કુરઆને હકીમ અને મહમદ (સ.અ.સ.)ની આલના પવીત્ર ઈમામ (અ.સ.) એ માટે મૌજૂદ છે કે જો આપણે તેવણથી પૂછવાની સમજ રાખીએ છીએ, તો અમોને બતાવે, કેમકે દરેક પરીપૂર્ણ માનવી પોતાના સુક્ષ્મ શરીરમાં ઝર્રા એટલે કે કણોનું એક જગત ધરાવે છે જેમાં જાતજાતની વસ્તુઓના આરંભના એટલે કે પ્રથમ મા-બાપના કણો એટલે કે ઈબ્દાના બીજ હોય છે. જેમ હઝરત નૂહ અલૈહિસ્સલામના રૂહાની તોફાનમાં દુનિયાની દરેક વસ્તુ નાશ પામી હતી, પરંતુ તેવણના

વ્યકિતગત જગતમાં સઘળી વસ્તુઓની દરેક પ્રકારની જોડી (એટલે કે નર અને માદા) મોજૂદ હતા (૫૧/૪૯, ૨૩/૨૭). માટે આ દુનિયા હઝરત નૂહથી ફરીવાર નવી રીતે આબાદ થઈ.

(૬) ઈન્સાને અવ્વલ કે જે શરૂ શરૂમાં ધરતીના ગ્રહ ઉપર ઉતર્યો તે બહેશ્ત, સુક્ષ્મ શરીર, આલમે અમ્ર અથવા તો એવા ગ્રહથી આવ્યો, જ્યાં સુક્ષ્મ શરીરની જન્નત આબાદ હતી, તે એક કણોની દુનિયા હતી, તે કાયનાત અને તેમાં મોજૂદ વસ્તુઓનો નીચોડ તથા ઈલાહી ખજાનો હતો, તેમાં સઘળી વસ્તુઓના ઈબ્દાઈ એટલે કે રૂહાની બીજ મોજૂદ હતા. જે રીતે વિજ્ઞાનના અનુભવો અને પ્રયોગો મુજબ માનવી CELLS અને જીવાણુઓથી ભરેલા હોય છે એજ પ્રમાણે રૂહાનીયતનો અનુભવ કહે છે કે સંપૂર્ણ માનવી એટલે કે કામીલ ઈન્સાન કણોની દુનિયાનો ઊચ્ચ દરજ્જો ધરાવે છે. જેના કણો કોઈ ગ્રહની ઉત્પતિ, ચણતર અને પ્રગતિ માટેના આરંભના બીજ પણ છે અને છેવટના ફળ પણ. જે રીતે ઝાડના ફળમાં એજ બે વાતો હોય છે કે તે કોઈ વૃક્ષનું ફળ પણ છે અને કોઈ વૃક્ષને પેદા પણ કરી શકે છે.

(૭) બ્રહ્માંડ અને માનવનો એકબીજાની સાથે એક ભારી, મજબૂત અને અટૂટ, અઝલી તથા અબદી અર્થાત હંમેશનો સંબંધ રહેલો છે. તે એ કે માનવ કાયનાત રૂપી વૃક્ષનું કિંમતી ફળ છે અને બ્રહ્માંડ અથવા કાયનાત એ ઈન્સાનીયતની પરીપૂર્ણતાના બીજમાંથી ઉગાડવામાં આવેલું વૃક્ષ છે. બીજી ઉપમામાં આ જગત એક ખામોશ આદમ છે, અને આદમી એટલે કે માનવી એક બોલતું જગત છે. અને ત્રીજી ઉપમામાં આ દુનિયા એક એવા સ્થળ સમાન છે જેમાં ઠેકઠેકાણે સોના અને હીરા જેવી અતી ઘણી કિંમતી વસ્તુઓ

વિખરાયેલી છે અને માનવી એક એવો ખજાનો છે જેમાં એ સઘળી દોલત પધ્ધતિસર એકઠી કરવામાં આવેલ છે. આમ વિશ્વ તથા આદમની એકતા અને અખંડતા એજ પ્રમાણે છે.

(૮) તમોએ સમયના છુટકારાનો લેખ વાંચ્યો હશે, તે એક ઘણું જ ક્રાંતિકારી રહસ્ય છે ("અલસ્ત"ના બનાવનો કુરઆની ઉલ્લેખ સમયના છુટકારા તરીકે છે, અર્થાત તેમાં અંબીયા અને ઈમામો અલૈહિમુસ્સલામની રૂહાનીયત અને નૂરાનીયતનો એક જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવેલ છે અને સમયને (ઝમાનાને) તેમની વચ્ચેથી ઉઠાવી લીધેલ છે). સુરહ અઅરાફમાં (૭/૧૭૨) જ્યાં અલસ્તના બનાવનો ઉલ્લેખ છે ત્યાં જુઓ. આ પવીત્ર આયતમાં આ (આદમની ઔલાદ) "બની આદમ" કોણ માનવંત સાહેબો છે ? અંબીયા અને ઈમામો અલૈહિમુસ્સલામ. કારણ કે આદમ (અ.સ.)ની ફઝીલતો અને પરીપૂર્ણતા (ખુબીઓ) એજ પવીત્ર હસ્તીઓમાં મોજૂદ છે અને ઈલાહી ખિલાફતનો નૂરાની તાજ એજ પરીપૂર્ણ માનવીને મળે છે. અત્રે એ ઘણોજ જરૂરી સવાલ છે કે અલસ્તનો કોલ કયારે, કોનાથી, કયાં અને કેવી રીતે લેવામાં આવે છે ? જવાબ છે કે દરેક પયગમ્બર તથા દરેક ઈમામની રૂહાની ક્રાંતિ દરમિયાન તે સમયના સઘળા લોકોને સુરે અસરાફીલ દ્વારા કણોના જગતમાં હાજર કરવામાં આવે છે, જ્યારે કે લોકો કણોના સ્વરૂપમાં હોય છે અને ત્યાં પરવરદીગાર તે સઘળાઓથી પોતાની રબૂબિયતનો કોલ લ્યે છે.

(૯) સવાલ : "વ અશહદ હુમ અલા અન્ફુસીહીમ"નો શું અર્થ થાય છે ?

જવાબ : (અ) અને તેઓને પોતાની રૂહો દેખાડી (બ) અને

તેઓને તેમના પોતાના ઉપર સાક્ષી બનાવ્યા (ક) અને તેઓને પોતાની ઊચ્ચ "અના"નો દીદાર કરાવ્યો (ડ) અને તેઓને ખુદાના ચહેરામાં ફના કરી દીધા, કેમકે પરવરદિગારની પાલન કરવાના દરજજાની ઉચ્ચતા યાને પૂર્ણતા એજ છે. તેઓ આરીફ હતા.

(૧૦) સુરહ નીસા (૪/૫૪)ના આ મુબારક ઈરશાદને દૃષ્ટિ સમક્ષ રાખો જેમાં અલ્લાહતઆલા તરફથી ઈબ્રાહીમ (અ.સ.)ની આલ પાસે પુસ્તક, હિકમત અને મહાન બાદશાહી મોજૂદ હોવાનો ઉલ્લેખ છે. નબુવ્વતના સમયમાં ઈબ્રાહીમ (અ.સ.)ની આલથી કોણ માનવંત તરફનો હેતૂ છે ? હવે કોણ છે ? અને તેની પાસે કેવા પ્રકારનું પુસ્તક, હિકમત તથા મહાન બાદશાહી મોજૂદ છે ? કોઈ પણ શંકાકુશંકા વગર એ સત્ય સ્પષ્ટ અને જાહેર છે કે ઈબ્રાહીમ (અ.સ.)ની ઔલાદનો ઈશારો રહેમતે આલમ સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વ સલ્લમ અને તેવણ માનવંતની આલ એટલે કે પાક ઈમામો અલૈહિમુસ્સલામ તરફ ઈશારો છે. અને પુસ્તક તો ચોક્કસપણે કુરઆને-પાક છે. હિકમત એ તેની જીવંત રૂહ છે, જે હંમેશા રબ્બાની શિક્ષકમાં છૂપાયેલી રહે છે. અને મહાન બાદશાહી એ ઈમામતની દીની અને રૂહાની સલ્તનતનો મરતબો છે. તેમાં હોશમંદી સહીત વિચારવાની જરૂરત છે કે પાક કુરઆનના કેટલાંય સ્થળો ઉપર હિકમતનો ઉલ્લેખ પુસ્તક સંબંધે પરંતુ એક જુદી વસ્તુ તરીકે શા માટે કરવામાં આવે છે. જોકે જાહેરી રીતે હિકમત પુસ્તકનીજ અંદર હોય છે ? એ પ્રકાશિત રૂહ છે (૪૨/૫૨) અને કુરઆનના માટે નૂર છે (૫૭/૨૮, ૭/૧૫૬, ૫/૧૫) કે જે હ. રસૂલે કરીમ (સ.અ.સ.) પછી બરહક ઈમામની પાક પેશાની એટલે કે કપાળમાં પ્રકાશિત છે કે જેથી તેના પ્રકાશની મદદ થકી કુરઆને હકીમની ઊંડામાં ઊંડી હિકમતો પણ સ્પષ્ટ જાહેર થઈ જાય.

(૧૧) જે રાજ્યને (હુકુમતને) ખુદાવંદ તઆલાએ મહાન કહ્યો છે તે દુનિયાની કોઇ બાદશાહી હરગીઝ નથી બલ્કે રૂહાનીયતની અતીશય મોટી હુકુમત છે કે જે બેનીયાઝ અને મહાન ખુદાના તરફથી દરેક ઝમાનાના ઈમામે બરહકને અર્પણ થતી રહે છે, આ એજ સહુથી મોટી ખિલાફત છે, જેનો સુંદર ઉલ્લેખ આદમના બનાવમાં ફરમાવેલ છે. જેમકે કુરાને કરીમમાં છે કે હઝરત દાઉદ (અ.સ.) સમયના ખલીફા હતા (૩૮/૨૬) અને પછી હઝરત સુલેમાન (અ.સ.) તેવણના વારસ થયા (૨૭/૧૬) આનો સ્પષ્ટ અર્થ એ થયો કે હઝરત સુલેમાન (અ.સ.) ન ફકત રૂહાનીયતની સલ્તનતના બાદશાહ હતા, પણ ખિલાફતનો મરતબો પણ તેવણને પ્રાપ્ત હતો.

(૧૨) તમો એ વાતનો સ્વીકાર કરી શકો છો કે હઝરત ઈમામે ઝમાન અલૈહિસ્સલામની બાતિની તથા રૂહાની હુકુમત ઘણા અર્થોમાં સુલેમાન (અ.સ.)ની બાદશાહી જેવી છે, પણ એ વાત યાદ રહે કે હઝરત સુલેમાન (અ.સ.)ની અસલ બાદશાહી રૂહાનીયતમાં હતી. અને જાહેરીમાં જે કંઇ પણ હતું તે પરદો હતો. કદાચ તમોને આજે એ તો જાણ થઇ ગઇ કે ઈમામે આલી મુકામને "શાહ"ના નામથી શું કામ યાદ કરવામાં આવે છે ? હવે એવું હોવું જોઇએ કે તમો કુરઆનના દર્પણમાં અંતરની આંખો વડે જુઓ કે તે રૂહાનીયતના સુલતાનના ફઝલ અને કમાલ તથા જાહોજલાલીની શું સ્થિતિ છે, કે જે ખુદાનો ખલીફા પણ છે, રસૂલ (સ.અ.સ.)નો નાયબ (પ્રતિનિધિ) પણ છે અને ઈમામે ઝમાન પણ છે.

*–નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઇ*

*લંડન. ૧૮.૧૨.૮૯*

# સંખ્યા વિષે કુરઆનનું જ્ઞાન (૧)

શુન્ય : નંબરોના ક્રમમાં સૌથી પ્રથમ શુન્ય (ZERO)નું સ્થાન છે. કેમકે, જોકે આ એકલો  કોઈ પણ મર્યાદા (જથ્થા)ને જાહેર નથી કરતું પરંતુ દરેક જથ્થા અને અંતરનું આરંભનું બિંદુ એજ શુન્ય હોય છે. આ આકૃતિને જુઓ :-

૦-૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦

તો કુરઆને હકીમના ઈશારાઓના ઈલ્મ પ્રમાણે શુંન્ય એ કંઈ નહી હોવાની નીશાની છે અને દીની હિકમત જાણનાર મુજબ કંઈ નહી હોવાનો અર્થ છે ઈબ્દા, કેમકે તે દરેક વસ્તુથી મુકત અને સમજથી ઉપર છે; પરંતુ શબ્દ "કુન"ની ઈચ્છા થકી તેનું જાહેર થવું ચાલુ રહે છે અને "થઈજા" ફરમાવવાવાળો શહેનશાહ જે વસ્તુને ચાહે તેજ વસ્તુ તેની સામે આવે છે. હવે શુન્યના વિષે વધુ ચર્ચા એ છે કે આ નીસ્ત એટલે કે કંઈ ન હોવું અથવા ઈબ્દાની સામે કઈ રીતે રહેલો છે. આ માટે જુઓ આયાત (૨/૨૮) "અને તમો નિર્જીવ હતા તો તેમણે તમોને જીવંત કર્યા" એટલે કે ઈબ્દાની સ્થિતિમાં તમો બધા જીવનના હલનચલન વગરના શાંત પડયા હતા. જેવી રીતે કોઈ શુન્ય એકલો હોય, ત્યારે તેની કોઈ કિંમત નથી હોતી. પછી તેણે તમોને જીવંત કર્યા, દાખલા તરીકે કોઈ શખ્સે કલમની અણી મારફત શુન્ય (૦) લખ્યું અને તેને નીચેની તરફ ખેંચીને (લાંબુ કરીને) એક બનાવી દીધો (૧) કુરઆને હકીમમાં ઈબ્દાનું એક બીજું નામ "ગૈર શૈઈ" (નહી હોવું) છે (૫૨/૩૫).

એક : જોકે એકનો ઈશારો અલ્લાહતઆલાના પવીત્ર અસ્તિત્ત્વ માટે હોઈ શકે છે, પણ તે તો એવો એક છે કે તેની કોઈ ઉપમા નથી, આમ તેણે નફ્સે વાહીદાને પેદા કર્યો અને તે વડેજ અથવા તે દ્વારાજ સર્વેને પેદા કીધા, તે એ રીતે કે એજ શખ્સમાં સઘળાની ઈબ્દા થઈને ઈમ્બીઆસ થઈ ગયું (૩૧/૨૮). (તમારૂં પેદા કરવું અને તમારૂં પાછું ઊઠાડી ઉભા કરવું કાંઈજ નથી કિંતુ માત્ર એક જીવને પેદા કરવા અને ઊઠાડી ઊભા કરવા સમાન છે). કે જેથી તેનું વ્યકિતગત જગત દરેક પ્રકારે પરીપૂર્ણ થાય, કેમકે જે માણસ બહેશ્તમાં દાખલ થઈ જાય છે, તે એકલો નથી હોતો, પણ તેના રૂહના અસંખ્ય કણો સાથે હોય છે, જેમાં લોકોની એક ઘણી મોટી દુનિયા મોજૂદ હોય છે, જે રીતે જ્યારે તમો સ્વપ્નની દુનિયામાં જાઓ છો ત્યારે એકલા નથી જતા.

આ કારણે એકની સંખ્યા નફ્સે વાહીદા (એકજ રૂહ)ની દલીલ છે. કેમકે તે સઘળાને પોતાની સાથે એક કરી લ્યે છે, એ નફ્સે કુલ્લી (સઘળા રૂહોની રૂહ)છે, અને હકીકી આદમ, વળી એક મુબ્દી (શરૂઆત કરનાર) પણ છે, અને હઝરત કાયમ અલૈહિસ્સલામ કે જેમાં અક્કલનું વિશ્વ એકઠું થયેલું છે તે અકલે કુલ્લી છે.

બે : વહેદત એટલે કે એકપણાના કાનૂન પછી બે (DUALITY)નો કાનૂન છે, જેને ખુદાવંદતઆલાએ પોતે બનાવ્યો છે, જેમકે કુરઆને કરીમ ફરમાવે છે કે હક સુબ્હાન વ તઆલાએ દરેક વસ્તુઓને જોડી જોડી પેદા કરેલ છે, અને આ નીયમથી કોઈ અલગ નથી, (૩૬/૩૬), વળી સુરહ ઝુખરૂફ (૪૩/૧૨)માં એક હિમત સભર ઈરશાદનો ઈશારો છે કે ખુદાએ સઘળી વસ્તુઓ બે બે બનાવી છે અને તમારા માટે વહાણ તથા સવારી માટેના ચોપગાંઓ પણ

જાહેરી અને બાતિની બે બે બનાવ્યા છે (૪૩/૧૨). બે નો અર્થ રૂહાની જગતમાં અકલે કુલ અને નફસે કુલ છે, નબુવ્વતના વખતમાં નાતિક સલ. અને અસાસ (અ.સ.) તથા ઈમામતના વખતમાં ઈમામ (અ.સ.) અને હુજજત, અને દરેક જાહેરની સાથે એક બાતિન હોય છે.

ત્રણ : રૂહાની હાલતમાં ત્રણ ઊચ્ચતમ દરજજાઓ છે. અને તે છે, કલમાએ બારી (શબ્દ કુન) અકલે કુલ્લી અને નફસે કુલ્લી. જીસ્માની આલમમાં પણ સૌથી મોટાં દરજજાઓ ત્રણ છે. નાતિક, અસાસ અને ઈમામ અલૈહિસ્સલામ. હૈયાતિ અથવા મૌજૂદ અસ્તિત્ત્વ ત્રણ પ્રકારના છે અકલી, રૂહાની અને જીસ્માની. અને પ્રકાશ તથા અંધકાર પણ ત્રણ જાતના છે (૭૭/૩૦, ૩૯/૬). હઝરત ઝકરીયા અલૈહિસ્સલામે અકલના જગતની ત્રણ રાતોમાં પૂર્ણ તંદૂરસ્તી છતાં લોકોથી વાત ન કરી શકવાનો મોઅજીઝો જોયો (૧૯/૧૦). જેમાં તેઓ માટે હિકમતની ભાષામાં એ હુકમ આપવામાં આવ્યો કે "કુન"નો શબ્દ, અકલનું મોતી અને નફસે કુલ્લી જે સઘળા શાંત રાત્રિની જેમ છૂપાયેલાં છે, તેના રહસ્યો બાબત લોકોથી વાતચિત ન કર., અને એજ મુકામ ઉપર એમણે બીજો મોઅજીઝો એ જોયો કે ત્રણ દિવસ સુધી ઈશારા સિવાય તેઓ લોકોની સાથે વાત નહોતા કરી શકતા (૩/૪૧). જેનો અર્થ એ હતો કે નાતિક, અસાસ અને ઈમામ અલૈહિમુસ્સલામ કે જેઓ દિવસની જેમ જાહેર (પ્રકાશિત) હોય છે તેના વિષે તમે લોકોની સાથે ઈશારામાં વાત કરો.

ચાર : ઉસુલે દીન ચાર છે : અકલે કુલ, નફસે કુલ, નાતિક સલ. અને અસાસ (અ.સ.) જેની તરફ ચારની સંખ્યાનો ઈશારો

છે. પરવરદીગારે આલમે ચાર દિવસમાં દીનના જગત એટલે કે આલમે દીનના પહાડો બનાવ્યા અને તેને બરકતો અને શકિતથી ભરી દીધા. આ ચાર દિવસ હજરત ઇબ્રાહીમ (અ.સ.), હઝરત મૂસા (અ.સ.) હઝરત ઇસા (અ.સ.) અને હઝરત મહમદ મુસ્તફા (સ.અ.સ.) છે, અને તે પહાડો તેવણ માનવંત સાહેબોના કુરઆની કીસ્સાઓ છે. જેમાં ઇલ્મ અને હિકમતની ઘણીબધી બરકતો છુપાયેલી છે (૪૧/૧૦). સુરહ ફાતરના આરંભમાંજ (૩૫/૧)માં છે કે પાક ખુદા ફરીશ્તાઓને પોતાના સદેશવાહક બનાવે છે, જેમની બેબે ત્રણત્રણ અને ચારચાર પાંખો હોય છે. એમાં (આયાતમાં) મોમીનોની રૂહોના જુદાજુદા દરજ્જાઓનો ઉલ્લેખ છે, જે પુષ્કળ ઝીકર, બંદગી, સારાં આમાલ અને હકીકી ઇલ્મ વડે બનતા જાય છે.

પાંચ : હદૂદે રૂહાની પાંચ છે. કલમ, લોહ, અસરાફીલ, મેકાઇલ અને જીબ્રાઇલ. હદૂદે જીસ્માની પણ પાંચ છે. નાતિક, અસાસ, ઇમામ, હુજજત અને દાઇ. એજ રીતે જાહેર અને બાતિન ઇંદ્રીયો પણ પાંચ છે. યાદ રહે કે હદૂદે દીનમાંથી કોઇને રૂહાની જ્ઞાન મળી જવાની ત્રણ ઉપમા છે : તે રાહે ઇસ્લામમાં જેહાદ એટલે કે ધર્મયુધ્ધ કરી રહ્યો હતો, તેમાં કાફરોની હાર થઇ અને ઘણોબધો માલેગનીમત તેને હાથ લાગ્યો. અથવા તેને એક ઘણોજ મોટો ખજાનો મળી ગયો. અથવા તેણે કયાંક ઝવેરાતની ખાણ શોધી કાઢી. હવે આવા માલમાંથી ખુમ્સ એટલે કે પાંચમો ભાગ કાઢવો પડશે અને અલ્લાહતઆલાના રાજીપા ખાતર પાંચ જીસ્માની હદૂદના દીની હેતૂઓ માટે વાપરવો પડશે (૮/૪૧).

છ : કુરઆને કરીમમાં ફરમાવેલું છે કે અલ્લાહતઆલાએ

છ દિવસમાં આસમાન તથા ઝમીનોને પેદા કીધા (૧૦/૩, ૧૧/૭). એ જાણવું જરૂરી છે કે આ હુકમ દીનના જગત તથા વ્યકિતગત જગતના બારામાં ખાસ છે, કે છ નાતિક પોતાના સમય – પોતાના ઝમાના– સહિત દીનના જગતના છ દિવસો છે. અને વ્યકિતગત જગત એટલે કે પર્સનલ વર્લ્ડમાં તેના નમૂના તરીકે રૂહાનીયતના છ દરજજા છે (છ પગથીયા છે), કે જેથી માનવીને પોતાના અસ્તિત્ત્વમાંજ ખુદા અને મહાન પયગમ્બરોની શનાખત પ્રાપ્ત થાય. ઈન્સાની શરીરની રચનાના પણ છ પગથિયા છે સુલાલા એટલે તત્ત્વ, નુત્ફા એટલે ધાત, અલ્કા એટલે ચોંટેલી વસ્તુ, મુદગા એટલે ગોશ્તનો લોથડો, ઈઝામ એટલેકે હાડકા અને લહમ એટલે કે માંસ અને છેવટની પેદાઈશમાં રૂહાનીયતની પરીપૂર્ણતાનો ઉલ્લેખ છે. વળી છ શરીયતો છે અને છ બાજુઓ છે (દિશાઓ) છે.

સાત : સુરહ તલાક (૬૫/૧૨)ના છેવટમાં કુરઆન ફરમાવે છે કે "ખુદાજ તો છે જેણે સાત આસમાન પેદા કર્યા અને તેજ પ્રકારે ઝમીનને પણ" મોટા યુગના દીની આસમાન આ છે : હઝતર આદમ (અ.સ.), હઝરત નુહ (અ.સ.), હઝરત ઈબ્રાહીમ (અ.સ.), હઝરત મૂસા (અ.સ.), હઝરત ઈસા (અ.સ.), હઝરત મહમદ મુસ્તફા (સ.અ.સ.) અને હઝરત કાયમ (અ.સ.). અને સાત ઝમીન આ છે, છ અસાસ અને હ. કાયમનો ખલીફા અને નાના યુગના સાત આસમાન : સાત ઈમામો છે અને સાત ઝમીન તેઓના "બાબ" છે (દરવાજા).

## એક ઘણો મહત્ત્વનો સવાલ :

રૂહાનીયતના આ સાત આસમાન કેવી રીતે છે? શું તેઓ

ભૌતિક વસ્તુઓની જેમ અલગ અલગ છે? કે એક થઇ ગયા છે? જો તેઓ એક થઇ ગયા છે તો તેની શું ઉપમા હોઇ શકે છે?

જવાબ : તેઓ અલગ અલગ નથી, કેમકે ખુદાએ તેઓને એક ઉપર બીજા પૈદા કરેલ છે (જેમ કપડાની એક ઉપર બીજી ઘડી કરેલી હોય) તેઓની એકતાની ઉપમા નૂરન અલા નૂર છે જેનો ઉલ્લેખ "હિજાબ ઔર મઝહર"ના વિષયમાં આવી ચૂકયો છે, અને અહી પણ એક ઉપમા આપેલી છે જેને જોઇ લ્યો.

-૧-૧-૧-૧-૧-૧-૧

આ એકની સંખ્યાના સાત જુદાજુદા સ્વરૂપો છે. આ સઘળાને તીરની દિશામાં આગળ લઇ જઇને છેલ્લા સ્વરૂપ ઉપર એ રીતે રાખી દયો કે આ એક ઉપર બીજા થઇને "એક" નજરે આવવા લાગે (૬૭/૩, ૭૧/૧૫). જેમકે આ સ્વરૂપ છે "૧" કે આ એક પણ છે અને સાત પણ, આનું એક હોવું જાહેર છે પણ સાત હોવાની દલીલ જોઇએ, અને તે દલીલ એ છે કે એકના કાનૂને સાતને એક કરી દીધા છે. ઉપમા સામે છે અને આપણે બધાએ જોઇ છે.

આઠ : તમોએ લેખમાં વાંચ્યું કે અલ્લાહ તબારક વ તઆલા પરદાથી પણ કામ લ્યે છે. આમ પવીત્ર ખુદાનો આ ઇરશાદ નમૂનાના પરદામાં છે. "વ અન્ઝલ લકુમ મિનલ અન્આમ.... (૩૯/૬) "અને તેણેજ તમારા માટે ચો પગાના આઠ જોડા નાઝીલ કીધા". જો તમો પૂરી આયતે કરીમાના સંબંધને જુઓ અને શબ્દ નાઝીલ (એટલે અન્ઝલ) :પર ધ્યાન આપો, તો વિશ્વાસ કરશો કે તેમાં હુદૂદે દીનનું ખુદાના તરફથી હોવાનો ઉલ્લેખ છે આર્થાત નાતિક,

અસાસ, ઈમામ અને હુજજતે આઝમના કાર્ય તથા નૂરાનીયતના મરતબા જાહેર પણ છે અને બાતિન પણ, માટે એવણ માનવંત સાહેબોની આઠ જોડી થઇ ગઇ. સુરહ અન્આમ (૬) આયાત ૧૪૨થી ૧૪૪ને જુઓ અને પુસ્તક વજહે દીન પણ જુઓ. સુરહ કસાસ (૨૮/૨૭)ને જુઓ. હઝરત મૂસા (અ.સ.)એ હઝરત શુએબ (અ.સ.)ને ત્યાં આઠ કે દસ વર્ષ સુધી બકરીઓ ચરાવવાની ખિદમત કરી. અને એની તાવીલી હિકમત એ છે કે એ દરમિયાન તેઓ રૂહના કણોની બકરીઓ પણ ચરાવતા હતા.

હવે સુરહ કહફ (૧૮/૯થી૨૬)ને તપાસો. કેમકે કઅફના અસહાબો સાત હતા અને આઠમો તેમનો કૂતરો હતો. આની તાવીલી ઉપમામાં અતી મહાન રહસ્ય છુપાયેલું છે કે ઈમામે ઝમાન સલ્વાતુલ્લાહ અલૈહિના નૂરાની દરજજાઓ સાત છે અને દરેક એ મોમીન કે જે ખિદમત, ગુલામી અને વફાદારીમાં ઈમામનો કૂતરો હોય, તે આ દરજજાઓમાં આઠમો ગણાય છે. એજ રીતે કહફના અસહાબો આઠ થઇ ગયા. આ મોમીનોની વ્યકિતગત દુનિયાની વાત છે કે તેમાં ઘણી જબરદસ્ત શકિતઓ સૂતેલી છે. અહી જ્યારે રૂહ સંપૂર્ણપણે જાગે છે ત્યારે જણાઇ આવે છે કે વ્યકિતગત જગતમાં સર્વ કાંઇ મોજૂદ છે. જોકે વિશ્વાસ કરવો એ કંઇ સરળ કામ તો નથી. છેવટમાં અમો એ જરૂર કહીશું કે જે જે મોમીનનું નામ સગે-અલી અથવા કલબે અલી (અલીનો કૂતરો) છે તો એ નામ હિકમતથી ખાલી નથી

*-નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઇ*

*લંડન ૨૧ ડીસેમ્બર ૧૯૯૬*

# સંખ્યા વિષે કુરઆનનું જ્ઞાન (૨)

આઠ : બહેશ્ત આઠ છે, તે જીવંત અને અકલ તથા રૂહની ઊચ્ચ કદ્રોથી ભરપૂર છે (૨૯/૬૪) તે જન્નતો અંબીયા તથા ઈમામો અલૈહિમુસ્સલામ છે અર્થાત છ નાતિક, હઝરત કાયમ અને હ. કાયમના હુજજત, સાત ઈમામો અને નાની ખિલાફત (જુઓ સુરહ નૂર (૨૪/૫૫) અને તેમાં ખૂબ ધ્યાન પૂર્વક વિચારો, વળી કહફના અસહાબ તથા તખ્તને ઊપાડવાવાળા વિષે પણ વિચારી લ્યો. જો મોમન ઈમામે ઝમાન (અ.સ.)માં ફના થઈ શકે છે, તો પછી ખુદાના ફઝલથી શું નથી થઈ શકતું. કેમકે બહેશ્તનું કામ દેવા માટે અલ્લાહતઆલાએ પરિપૂર્ણ માનવીથી સારી કોઈ મખ્લુક પેદા નથી કરી, અને કોઈ પણ (બુધ્ધીમાન) એવી જન્નતમાં જવાનું નથી ઈચ્છતો, કે જે અકલ તથા રૂહના પરિપૂર્ણતાના ગુણથી ખાલી હોય, અને આદમ તથા માનવીનું અન્ય દરેક મખ્લુકથી અશરફ તથા અફઝલ હોવા અને રહેમાની સૂરતનો સૌથી ઊચ્ચ મરતબો ધરાવવા સંબંધે ઘણી દલીલો રજૂ કરી શકાય છે, દાખલા તરીકે

(અ) રબ્બુલ ઈઝઝતે ચાર વાર કસમ ખાઈને ફરમાવ્યું કે તેણે માનવીને બહેતરીન તકવીમ એટલે કે ઊભો કરી દેવા તથા ઊચ્ચ મરતબા સુધી પહોંચાડવાના તરીકા પર પેદા કર્યો છે (૯૫/૧થી૪).

(બ) ખુદાએ કાયનાત તથા તેમાં મોજૂદ વસ્તુઓની દરેક પ્રકારની રચના તથા તૈયારી પછી માનવીને પેદા કર્યો અને તેને “ખલ્કે આખર” એટલે કે પૂર્ણતાની મખ્લુક ગણાવી અને તેજ સંબંધ

થી પોતાને ઊત્તમ રચેતા (અહેસનુલ ખાલીકીન) કહ્યો (૨૩/૧૪).

(ક) બે શક ખુદાએ દરેક વસ્તુને સુંદર બનાવી, પણ માનવીને દરેક પ્રકારની આવડતોથી જુદો પાડીને તથા ઊંચાઈ આપીને તેમાં પોતાની રૂહ ફૂંકી દીધી (૩૨/૭થી૯).

(ડ) અલ્લાહતઆલાએ આદમના વંશજોને બીજી સઘળી મખ્લુકાત ઉપર જેવી કરામત તથા વડાઈ અપર્ણ કરી છે, તેની સાબિતી એ છે કે પરવરદિગારે તેને કુદરતની પીઠ ઉપર ઊપાડીને જાહેરી તથા બાતિની, ધરતી તથા સમુદ્રની સહેલ કરાવી છે, અને શરીર તથા રૂહના માટે પાક રોજી આપી છે. આમ સ્પષ્ટ છે કે બહેશ્ત માનવીય સ્વરૂપની છે. એટલે કે દરેક પરિપૂર્ણ માનવી (ACTUALLY) હકીકતમાં બહેશ્ત છે અને બીજા બધા (POTENTIALLY) સંભવિત હદે બહેશ્ત છે.

કયામતના દિવસે અર્શને ઉપાડનારા આઠ હશે (૬૯/૧૭) અર્શનો અર્થ ચોક્કસપણે તખ્ત છે, પરંતુ અલ્લાહ સુબ્હાન વ તઆલાનું તખ્ત નૂર છે, માટે ઈમામે અવ્વલથી લઈને સાતમા ઈમામ સુધી તખ્તને ઉપાડનારા અલી કમવાર સાત થઈ ગયા અને એ સઘળા મોમીનો જેઓ નૂરની હિદાયતથી જોડાયેલાં છે તેઓ વ્યકિતગત જગતમાં વ્યકિતગત રીતે અને દીનના જગતમાં સમગ્ર રીતે આઠ (તખ્ત) ઉપાડનારાઓની હેસીયતે તેવણ માનવંતોમાં શામેલ હશે. (૬૬/૮, ૫૭/૧૯, ૫૭/૧૨). અત્રે એ મહાન રહસ્ય યાદ રહે કે ઊચ્ચ અર્શ હંમેશા ગતિમાં છે અને આ નૂરાની હલનચલનને લીધે બેઉ દુનિયા જીવંત છે.

નવ : અલ્લાહતઆલાએ હઝરત મૂસા અલૈહિસ્સલામને (૯) નવ ખુલ્લા ચમત્કાર અર્પણ કરી દીધા હતા (૧૭/૧૦૧) જેની વિગત આ છે. અસા (લાકડી) યદે બેઝા (સફેદ હાથ) (૭/૧૦૮, ૭/૧૦૯). કહેત (દુકાળ) ફળોની અછત (૭/૧૩૦). તોફાન, તીડો, જૂ, દેડકા અને લોહી (૩/૧૩૩). આ ચમત્કારોના ઈશારા આમ છે અસા (લાકડી)નો મતલબ છે ઈસ્મે આઝમ, સફેદ હાથ અકલના દરજ્જાનું પ્રદર્શન છે, દુકાળ એટલે રૂહાની ઈલ્મનું ન હોવું, ફળોની તંગી અર્થાત હદૂદે દીનથી ફાયદો ન મળવો, તોફાન એટલે રૂહાની ક્રાંતિ, તીડોનો ઈશારો એવી રૂહો તરફ છે કે જે સાચા દીન સંબંધેની માન્યતા (વિશ્વાસ)ના પાકનો વિનાશ કરી દયે છે. જૂ એટલે નૂકસાનકર્તા રૂહો, દેડકાઓનો આઝાબ પણ રૂહાની હતો, જેમાં ન ફકત તેમની અવાજ બલ્કે ચહેરાઓ પણ સતાવતા હતા, ચોખ્ખું સારૂ પાણી ફિરઓન અને તેની કોમના માટે લોહીના સ્વરૂપમાં બદલાઈ જતું હતું એટલે કે હઝરત મૂસા અને હઝરત હારૂન અલૈહિસ્સલામનું પાક અને પવીત્ર ઈલ્મ તેમના માટે શંકા કુશંકા ભરેલું બની જતું હતું.

દસ : દસ કે જે પરીપૂર્ણ સંખ્યા છે (૨/૧૯૬). તે હઝરતે નાતિક સલ્લલ્લાહો અલૈહિ વ આલેહી વ સલ્લમના માટે છે. કારણ કે તેવણ શારીરિક હુદૂદના પરીપૂર્ણ દરજ્જા ઉપર છે અને તે ક્રમ આ મુજબ છે.

૧. મુસ્તજીબ, ૨. માઝૂને અસગર, ૩. માઝૂને અકબર, ૪. દાઈએ મકફૂફ ૫. દાઈએ મુતલક, ૬. હુજ્જતે જઝીરા, ૭. હુજ્જતે આઝમ, ૮. ઈમામ અ.સ., ૯. અસાસ અ.સ. અને ૧૦. નાતિક સલ.

કુરઆને પાકમાં છે કે :- જે શખ્સ નેકી કરશે તો તેને એવી

દસ નેકીઓ મળશે (૬/૧૫૯). એટલે કે દાવતે હકને કબૂલ કરે, તેને ઊપર મુજબના દસ દરજ્જા ખજાના તરીકે મળશે, અને એ હિકમત પણ સાંભળી લ્યો કે શારીરિક હુદૂદ દસ છે અને મુસ્તજીબ એ આ સંખ્યા (૧૦)નો દસમો ભાગ છે, અર્થાત કુરઆનની ભાષામાં મીઅશાર (૧૦) છે (૩૪/૪૫). આમ અલ્લાહતઆલાએ ઈસ્લામના જાહેર થવા પહેલાં લોકોને જે કિતાબ અને હુદૂદ દીધા હતા, તે તેના દસમાં ભાગને પણ ન પહોંચ્યા એટલે કે તેઓ મુસ્તજીબ નહી બની શકયા, અને એજ કારણે તેઓએ ખુદાના પયગમ્બરોને નકારી કાઢયા. (૩૪/૪૫નો સારાંશ). સુરહ તાહા (૨૦/૧૦૩)માં ફરમાવેલું છે કે કયામતના દિવસે ગુનેહગારો પોતપોતામાં કહેતા હશે કે (દુનિયામાં) અમે લોકો તો બસ દસ દિવસજ રહ્યા હશું. આ દસ દિવસનો અર્થ છે દસ હુદૂદના વ્યકિતગત જગત. જે તેઓમાં સૌથી વધારે હોંશિયાર હશે તે બોલી ઉઠશે કે તમો બસ એક દિવસજ રહ્યા હશો (૨૦/૧૦૪). કેમકે હઝરત નાતિક અલૈહિસ્સલામ શારીરિક હુદૂદનો સરવાળો છે અને મોજૂદ ઈમામ (અ.સ.) તેવણના જાંનશીન (વારસ) છે. તેથી આ હિસાબે વ્યકિતગત જગત એકજ છે, આમ પાક ઈમામ (અ.સ.)ની વ્યકિત (હસ્તી) એક દિવસની મીસાલ છે. જેવી રીતે કે સુરહ રોમ (૩૦/૫૬)માં ફરમાવેલું છે કે લોકો ઈમ્બીઆસ સુધી ખુદાના (બોલતા) પુસ્તકમાં રહે છે અર્થાત વખતના ઈમામના વ્યકિતગત જગતમાં કણોના સ્વરૂપમાં રહેતા હોય છે.

અગીયાર : હઝરત યુસુફ અલૈહિસ્સલામે શરૂ શરૂમાં જે સ્વપ્ન જોયું હતું કે અગીયાર સિતારાઓ અને સૂર્ય તથા ચંદ્ર તેવણને સીજદો કરી રહ્યા છે (૧૨/૪). તેની તાવીલ એ છે કે તે વખતે તેવણ પણ એક સીતારો હતા અને હઝરત યાકૂબ (અ.સ.) પોતાના વખતના ઈમામે મુસ્તવદા હતા. તેવણના બાર ફરઝંદો બાર સીતારા

એટલે કે બાર હુજજત હતા. તેમાંથી એક સીતારા (હઝરત યુસુફ (અ.સ.))ને ખુદાવંદતઆલાએ ચંદ્ર અને પછી સૂર્ય (અર્થાત બાબ અને પછી ઈમામ) બનાવી દીધા તે માટે અગીયાર હુજજતો, પાછલા ઈમામ અને હુજજતે આઝમ તેમની તાબેદારી બજાવી લાવ્યા. પરંતુ અહીં અમુક જરૂરી સવાલો ઉદ્દ્‌ભવી જાય છે.

(અ) શુ આમાં રાતના હુજજતોનો ઉલ્લેખ છે ? કે દિવસના હુજજતોનો ? કે પછી બન્નેનો ? શુ દુનિયાના બાર ટાપૂઓ નથી હોતા ? અને પ્રત્યેક ટાપૂમાં હૂદૂદે દીન નથી ?

(બ) શું સઘળા દિવસ અને રાત્રિના હુજજતો ઈમામનાજ ઘરથી હોય છે જેમકે હ. યુસુફના કિસ્સાથી સ્પષ્ટ થાય છે ?

(ક) હઝરત યુસુફ અ.સ.ના ભાઈઓએ કયારે સીજદો કર્યો?

જવાબ : આમાં રાત્રિ અને દિવસ બન્ને હુજજતોનો ઉલ્લેખ છે. જી હા, પૃથ્વીના ગ્રહના બાર ટાપૂઓ છે અને દરેક ટાપૂ ઉપર હૂદૂદે દીન હોય છે. તેઓ ઘટ્ટ શરીરમાં પણ હોઈ શકે છે અને સુક્ષ્મ શરીરમાં પણ. ઈમામતના તખ્તનો વારસદાર તો ઈમામના ખાનદાનમાંથી હોય છે, બાકી હદૂદના માટે જગ્યા અને ખાનદાનની કોઈ શરત નથી. આમ તો પૂરૂં કુરઆને હકીમ ઉત્તમ કથાઓ છે પણ આ ઈરશાદ સુરહ યુસુફમાં (૧૨/૩)માં છે. અને એ ઈશારો પણ છે કે એમાં હુદૂદે દીનના વહીવટ તથા તાવીલના કાનૂન સંબંધે દરેક સવાલ માટે જવાબ મોજૂદ છે (૧૨/૭), તો આપણે વિશ્વાસ કરીશું કે ઈમામતના કેન્દ્રથી સઘળા ટાપૂઓના હુજજતોને દરેક વેળાએ નહીં તો કંઈક ખાસ વખતોમાં રૂહાની સંપર્ક હોય છે. એજ કારણ છે કે હ. યુસુફની કથામાં સઘળા હુજજતોને ઈમામ સાથે જોડીને રજૂ કરવામા આવ્યા છે. અર્થાત જાહેરી બનાવ કંઈક એમ લાગે છે કે જેમ આ સઘળો હ. યુસુફના ઘરનો મામલો હોય, પણ એમ વાત નથી. પણ હકીકતમાં આ હૂદૂદે દીનની કથા છે, જેમાં સઘળા હુજજતોની નકારાત્મક અને હકારાત્મક

હિકમતોનો એક જગ્યાએ ઉલ્લેખ કરેલો છે.

બાર : બની ઈસરાઈલના પ્રકરણમાં ફરમાવેલું છે "અને અમોએ તેઓમાંથી બાર સરદારો નિયુકત કર્યા". અહીં રૂહાની અને ઈરફાની મુદ્દાથી શબ્દ "બઅસા" વધુથી વધુ ધ્યાન આપવા લાયક છે, કેમકે તેનાથી જ જાણી શકાય છે કે તેવણ માનવંત લોકો કઈ અઝમત તથા કેવા મરતબાને લીધે સરદાર હતા. "બઅસા"નો અસલ અર્થ "ઈમ્બીઆસ" છે, જે રૂહાનીયતનો, કમાલીયત (પરીપૂર્ણતા)નો દરજજો છે. જ્યાં ઈબ્દાના મોઅજીઝા પણ છે. અને તમોએ વાંચ્યું છે કે ઈબ્દા અને ઈમ્બીઆસ શું હોય છે. તો એ બાર સરદારો હઝત મૂસા (અ.સ.)ના માનવંત હુજજતો હતા. તેઓમાંથી સર્વ પ્રથમ અસાસ અ.સ., ઈમામ અ.સ. અને બાબ હતા, અને હઝરત મૂસા (અ.સ.)એ ખુદાના હુકમથી તેઓ સઘળામાંથી, પ્રત્યેક વ્યકિતના અક્કલના પથ્થરમાં ઈસ્મે આઝમની લાઠી મારીને ઈલ્મો હિકમતનું એક પાક અને પવીત્ર તથા મધૂર ઝરણું વહાવી દીધું, અને એજ રીતે બાર હુજજતોના વ્યકિતગત જગતમાં કુલ બાર ઝરણા થઈ ગયા (૭/૧૬૦, ૨/૬૦). આ ખુદાઈ તાલીમમાં સમજદાર લોકોના માટે ઘણી મહાન હિકમતો મોજૂદ છે. એ માટે તમો અહીં એકબીજામાં સારી રીતે ચર્ચા કરો, અને પૂછો કે શું હઝરત મહમદ (સ.અ.સ.)ના સમયમાં આ હુદૂદ અને ઝરણા નહિ હતા ? અને તેમના પછી પણ ?

જેમ જાહેરી દુનિયાના પ્રતિ વર્ષમાં બાર મહિના હોય છે તેજ રીતે દીનના જગતનું એક વર્ષ બાર મહિનાનું હોય છે, પણ દીનની પ્રત્યેક વસ્તુ જીંદગી અને જ્ઞાન વગર નથી હોતી, માટે દીનના મહિનાઓ જીવંત તથા બોલતા હોય છે. તે નબુવ્વતના સમયના હુજજત છે, વળી ઈમામતના વખતના પણ હુજજત છે. બારમાંથી ચાર હુજજતોને મુકર્રબ (નજીકના) કહેવાય છે. તેઓ હુરૂમ (પૂજય) છે કારણ કે તેઓ રૂહાની (ધર્મ યુધ્ધ) જેહાદથી ફારેગ થઈ ચૂકયા

છે. જ્યારે વ્યકિતગત જગત બન્યું, અને જ્યારે દીનનું જગત પેદા થયું ત્યારથી બાર મહિનાનો એજ કાનૂન ચાલ્યો આવે છે, જુઓ સુરહ તૌબા (૯/૩૬). બાર હુજજતો સિવાય બાર દરજજાઓ પણ છે, જેમના નામો તથા હિકમતની સંખ્યા આ મુજબ છે.

| સંખ્યા | નામ |
|---|---|
| ૧. | મુસ્તજીબ |
| ૨. | માઝૂને અસગર |
| ૩. | માઝૂને અકબર |
| ૪. | દાઈએ મકફૂફ |
| ૫. | દાઈએ મુત્લક |
| ૬. | હુજજતે જઝીરા |
| ૭. | હુજજતે આઝમ અથવા બાબ |
| ૮. | ઈમામ (અ.સ.) ૧ |
| ૯. | અસાસ (અ.સ.) |
| ૧૦. | નાતિક સલ. |
| ૧૦૦. | નફસે કુલ્લી |
| ૧૦૦૦. | અકલે કુલ્લી |

*–નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઈ*
*લંડન. ૨૪.૧૨.૮૬*

(૧) નોટ : ખુદાતઆલાએ ઈમામે મુબીનને પોતાના ઈલ્મનું શહેર બનાવીને તેમાં હુદૂદે દીન સહીત સઘળી વસ્તુઓને મર્યાદિત કરી દીધી છે (૩૬/૧૨). નૂરે ઈમામતના પ્રકાશમાં હુદૂદના ઈલ્મનો અભ્યાસ કરવો કુરઆનની હિકમત માટે ઘણુંજ જરૂરી છે. અને તેના વગર કુરઆની તાવીલ શકય નથી.

# અલ્લાહ તરફ પાછા ફરવું

ચોક્કસપણે દરેક સમજદાર માનવી એ વાતને જાણે છે કે રુજૂઈલલાહ (અલ્લાહ તરફ પાછા ફરવા)નો વિષય જેટલો જરૂરી છે એટલો જ મુશ્કેલ પણ છે, તેમ છતાં કુરઆને કરીમ અને નૂરે ઈમામતના પ્રકાશમાં દરેક ઇલ્મી મુશ્કેલી ઈનશાઅલ્લાહ સરળ થઈ શકે છે, માટે એજ ઉમ્મીદ ઉપર નીચે મુજબની ઉપમાઓમાં નમ્રતા પૂર્વક પ્રયત્ન કરવામાં આવે છે :-

ઉપમા (૧) :- સઘળી રચના એટલે કે બધી વસ્તુઓ, દરજ્જાઓ ઉપર મૌજૂદ છે, અને દરેક દરજ્જાની જરૂરત પ્રમાણે એક હિદાયત નક્કી છે, એજ પ્રમાણે ધાતુઓ (જમાદાત) વનસ્પતી (નબાતાત), જાનવરો (હૈવાનાત) તથા માનવી (ઈન્સાન)માંથી કોઈ રચના, કોઈ મખ્લુક અલ્લાહની હિદાયત વગરની નથી, જેમકે સુરહ તાહા (૨૦/૫૦)માં ફરમાવેલું છે (સારાંશ) હ. મૂસા (અ.સ.)એ કહ્યું, અમારો પરવરદિગાર તે છે જેણે આલમે અમ્ર એટલે કે હુકમના જગતની દરેક વસ્તુને આલમે ખલ્ક એટલે કે રચનાના જગતમાં એક ભૌતિક સ્વરૂપ અપાર્ણ કરી દીધું. પછી મંઝીલે મકસુદ સુધી તેનું માર્ગદર્શન કર્યું. એટલે કે આલમે અમ્રમાં પાછી વાળી દીધી. આ સર્વમાન્ય કાનૂનથી એક સચ્ચાઇ જાહેર થઇ જાય છે કે દરેક વસ્તુ જ્યાંથી આવી હતી, છેવટે પાછી ફરીને ત્યાં જાય છે.

ઉપમા (૨) :-કયામતના દિવસે અવ્વલીન તથા આખેરીન દરેકે દરેક વ્યકિતગત જગતમાં એકઠા થઈ જાય છે. (૫૬/૪૯, ૫૦). પણ આ સૌથી મોટા મેળામાં દીલની દ્રષ્ટિવાળા અને દીલની દ્રષ્ટિ

વગરના, બે પ્રકારના લોકો હશે (૨૦/૧૨૪, ૧૭/૭૨) અને દીલની દ્રષ્ટિવાળાઓને તે દિવસે ખુદાનો દીદાર થશે, જેની ઇલ્મી તથા ઇરફાની બરકતોથી તેઓ ઉપર એ સૌથી મોટું રહસ્ય ખુલ્લુ થશે કે તે અઝલી અને અબદી (હંમેશા) રીતે અસલથી મળેલાંજ છે એટલે કે વાસલજ છે. અને રૂજુઇલ્લલાહ (ખુદાની તરફ પાછા ફરી જવું) ઇલ્મી સ્વરૂપમાં છે.

ઉપમા (૩) :- સુરહ અન્આમ (૬/૧૦૩)માં અલ્લાહતઆલાનું એ ફરમાન છે કે "તેને આંખો નથી પહોંચી શકતી અને તે (લોકોની) આંખોને પહોંચી શકે છે". આનો એ અર્થ નથી કે ખુદાનો દીદાર નથી થતો, પરંતુ આનો એ મતલબ છે કે જ્યારે પરવરદીગારનું પવીત્ર નૂર કોઇના દીલની આંખોને સ્પર્શી લ્યે છે તો એવા શખ્સને દીદાર થાય છે, અર્થાત અલ્લાહ પોતાની રહેમતથી માનવીની આંખો બની જાય છે. જેમકે હદીસે તકર્રૂબમાં ફરમાવેલું છે, કે જેને તમોએ ઘણીવાર સાંભળેલું છે કે "ખુદા પોતાના આશીકની જાહેર અને બાતિનની ઇંદ્રીયનું કામ પોતે કરવા લાગે છે," અને આ છે પાછા ફરવું.

ઉપમા (૪) :- અસલ પાછા ફરવું, જીંદગીમાંજ છે, જેને પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલૈહિ વ આલેહી વસલ્લમે અમલી રીતે કરીને દેખાડયું, અને તે છે મઅેરાજનો બનાવ, જેનો ઉલ્લેખ કુરઆને મજીદમાં કેટલીય પ્રકારે ફરમાવવામાં આવ્યો છે. મઅેરાજનો શાબ્દિક અર્થ છે સીડી (પગથિયા) અને સીડી, દરજ્જાઓ હુદૂદે દીનના હોય છે (૩/૧૬૩, ૭૦/૪, ૩૨/૫). જે રીતે ભૌતિક ઉપમામાં ભૂતકાળથી વર્તમાન સુધી અને ગામડાથી શહેરો સુધી પ્રગતિના કાયદાઓને જોવામાં આવે તો શરૂઆતમાં ઘણીજ મામૂલી સીડીઓ

નજરે પડે છે અને ત્યાર પછી એવી સીડીઓ નજરે આવે છે, જે પોતે પોતે (એટોમેટિક) ચાલે છે અને માણસને ઊપર સુધી પહોંચાડી દયે છે. જેને લીફ્ટ ELEVATOR અથવા ESCALATOR કહેવામાં આવે છે. એજ રીતે રૂહાનીયતના આરંભના પગથિયાઓમાં ખૂબ વધારે મહેનતની જરૂરત હોય છે, અને પછી ધીરેધીરે સરળતા પેદા થઈ જાય છે, એટલે સુધી કે ખુદાની જીવંત સીડીઓ રૂહાની મુસાફરોને ઊપાડવા લાગે છે.

ઉપમા (૫) :- સુરહ ફજરનો (૮૯/૨૭થી૩૦) એક આસમાની ઉપદેશ આમ છે "ઓ સંતોષ પામેલ આત્મા ! તારા પરવરદિગારની તરફ પાછો ફરી જા, એવી સ્થિતિમાં કે તું તેનાથી રાજી હોય અને તે તારાથી રાજી હોય. માટે તું મારા ખાસ બંદાઓમાં દાખલ થઈ જા, અને મારી જન્નતમાં ચાલ્યો આવ." "અહીં" (મારા ખાસ બંદાઓમાં દાખલ થઈ જા) નો મતલબ એ પણ થઈ શકે છે : મારાં અમ્બીયા, અને ઈમામોના વ્યકિતગત જગતમાં દાખલ થઈ જા, કે મારી જન્નત એજ છે અને પાછા ફરવાનું પણ એજ છે.

ઉપમા (૬) : અલ્લાહતઆલાની ઊચ્ચ બારગાહ સુધી માનવીનું શરીર નથી પહોંચી શકતું પરંતુ હકીકી જ્ઞાન અને નેક આમાલથી જોડાયેલાં રહીને દીલજ ત્યાં જઈ શકે છે. જેના માટે નેક આમાલનું એક સિંહાસન બની જાય છે જેની ઉપર એક પવીત્ર શબ્દ જઈ બેસે છે, જેમાં જ્ઞાન અને ઈબાદત તથા દીલની હકીકત મોજૂદ હોય છે. હવે આ વસ્તુને બુલંદ થઈને ખુદાવંદતઆલાના વચન અને કર્મથી વાસલ થઈ જવું છે. જુઓ સુરહ ફાતિર (૩૫/૧૦).

ઉપમા (૭) : શારીરિક મોતથી પહેલે જીવંત શહીદોની મોતે

મરવું અને નૂરથી વાસલ થઇ જવું એ પાછા ફરવાનું છે (૫૭/૧૨, ૫૭/૧૯, ૬૬/૮) અને એજ તે મહાન આનંદ છે. જેનો ઉલ્લેખ કુરઆનની જુદીજુદી ઉપમાઓમાં મોજૂદ છે. જેમ સુરહ તૌબા (૯/૧૧૧)માં ફરમાવેલું છે કે અલ્લાહતઆલાએ મોમીનથી તેઓની રૂહો તથા તેઓના માલને એ કિંમત ઉપર ખરીદી લીધા છે કે તેઓને જન્નત આપવામાં આવી રહી છે. હવે આ હુકમ મુજબ જે રીતે ઈસ્લામની જાહેરી જેહાદ (ધર્મયુધ્ધ) જરૂરી અને શહાદત શકય છે તેજ રીતે બાતિની જેહાદ જરૂરી–ફરજિયાત અને રૂહાની શહાદત શકય છે.

ઉપમા (૮) : કોઈ પણ મોમનને એ હકીકતના વિષે કોઈ શંકા નથી કે કુરઆને હકીમ ન ફકત જાહેરી જગતમાં મોજૂદ છે બલ્કે કુરઆને મજીદ રૂહ અને રૂહાનીયતની સ્થિતિમાં લોહે મહેફૂઝમાં પણ છે (૮૫/૨૧, ૨૨). એજ રીતે આ છૂપાયેલા પુસ્તકમાં પણ છે. (૫૬/૭૫થી૮૦) જેને ફકત એજ લોકો સ્પર્શી શકે છે, જેઓને પાક કરવામાં આવ્યા છે. હવે તમે કુરઆનનાજ પ્રકાશમાં બતાવો કે નબુવ્વતના સમયમાં મોમીનોને કોણ પાક અને પવીત્ર કરતું હતું? અને કઇ રીતે ? તમો ચોક્કસપણે એજ કહેશો કે રસૂલે અકરમ સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસલ્લમ. ઇલ્મ અને હિકમત શીખવાડીને તથા અન્ય માર્ગોથી મોમીનોને પાક કરી દેતા હતા (૯/૧૦૩, ૬૨/૨, ૨/૧૫૧) અને આપ (સ.અ.સ.)ના પછી આ અતી જરૂરી કાર્યને કોણ પૂરું કરી શકે છે ? શું હવે આ કામ માટે કોઈ નથી ? આ ખાસ કાર્ય ફકત અને ફકત એજ માનવંત લોકોનું છે, જેમને અલ્લાહતઆલાએ એજ હેતૂને સામે રાખીને પોતાના મહેબૂબ પયગમ્બરની સાથે સાથે બધી રીતે પાક અને પવીત્ર કરીને રાખ્યા છે (33/33), અને તેઓ પવીત્ર અહેલે બૈતના ઈમામો છે, જેનો

નૂરાની પ્રતિનિધિ ઈમામે ઝમાન સલ્વાતુલ્લાહ અલૈહી છે. અને પરિણામે જે મોમીનો છૂપાયેલાં પુસ્તકને સ્પર્શી શકે છે, તેઓ ખુદા તરફ પાછા ફરેલા છે.

ઉપમા (૯) : પાછા ફરવું બે પ્રકારનું છે, એક પાછા ફરવું એ છે જે અનાએ ઉલવી એટલેકે ઊચ્ચ અનામાં અઝલના મરતબા પર થઇ ચુકયું છે. બીજું પાછા ફરવું અનાએ સીફલીથી સંબંધિત છે, જેને જીંદગીમાંજ પૂરૂં કરવું જરૂરી છે. નહીં તો ખુશીનું પાછા ફરવું નહીં હશે બલ્કે જબદસ્તીનું પાછું ફરવું હશે (૩/૮૩).

ઉપમા (૧૦) : જ્યારે સૂર્ય પૂર્વ અથવા પશ્ચિમમાં હોય છે, ત્યારે એવી સ્થિતિમાં માણસનો પડછાયો દૂર સુધી જાય છે પરંતુ સૂર્ય જ્યારે બિલ્કૂલ માથા પર હોય છે તો એ વખતે પડછાયો પોતાના કેન્દ્ર તરફ પાછો ફરી જાય છે. આ પરથી એ હકીકત પ્રકાશિત થઇ કે નૂરની નજદિકી વગર અનાએ સીફલીનું પાછા ફરવું અશકય છે.

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

ઉપમા (૧૧) : મહાન ખુદાએ લોકોના અંહમ એટલે કે નીચલી અનાને ફેલાવી દીધી છે કે જે નફસે વાહીદા એટલે કે એકમાત્ર રૂહની કણો અથવા તેનો ભાગ તથા તેના પડછાયા છે. ખુદા જ્યારે ઇચ્છે ત્યારે તે પડછાયાઓને પરીપૂર્ણ માનવી એટલે કે ઇન્સાને કામીલમાં એકઠા કરી દયે છે, પછી ખૂબજ સરળતાથી કુદરતના હાથની મુઠ્ઠીમાં લઇને પોતાના તરફ ઊંચા કરી લ્યે છે (૨૫/૪૫-૪૬). એ મુજબ માનવીના ત્રણ સ્થાન થયા. પહેલું એ કે તેઓ શરીરોમાં ફેલાયેલાં છે. બીજું એ કે પરીપૂર્ણ માનવીમાં કણોના સ્વરૂપે એકઠા છે. અને ત્રીજું એ કે અકલના નૂરમાં એક થઇ ગયા છે, અને આ

અનૂભવની શરતે પાછા ફરવાનું એટલે કે "રૂજૂ" છે.

ઉપમા (૧૨) : તમો કુરઆને હકીમમાં ધ્યાનપૂર્વક જૂઓ કે રૂજૂઈલલ્લાહની સાથે ખૂબજ મહાન કાર્ય છે, અને તેની શરતો કેટલી બધી મુશ્કેલ છે. દાખલા તરીકે ખુદાના તરફથી બંદાઓની આ કસોટી, દરેક પ્રકારનો ભય, માલ તથા જાનનું નુકસાન, ફળોની અછત, આ સઘળું અને તે સિવાય અન્ય મુસીબતોમાં ધીરજ રાખીને ખુદાને યાદ કરવું અને એમ કહેવું કે :અમે તો ખુદાનાજ છીએ અને અમો તેનીજ તરફ પાછા ફરવાના છીએ (૨/૧૫૫,-૧૫૭).

ઉપમા (૧૩) : ખુદા પાસે દરેક વસ્તુનો એક નક્કી કરેલો જથ્થો (QUANTITY) છે. (૧૩/૮) અને રૂજુ એટલે પાછા ફરવાના માટે ઈલ્મ તથા ઈબાદત તથા નેક કાર્યોનો એક ખાસ જથ્થો છે. માટે જ્યાં સુધી કોઈ મોમનમાં તે જથ્થો પૂર્ણ ન થાય તો તે બંદા ઉપર "કુન" (થઈ જા)નો હુકમ લાગુ નથી પડતો. અને જો ઉપર જણાવેલ શરતો મુજબ તેને "કુન" ફરમાવવામાં આવે તો તે માનવી, કુરઆનના કહેવા પ્રમાણે ઉમુર (અમ્રનું બહુવચન)માંથી એક અમ્ર બની જાય છે, એટલે કે એવી મખ્લુક (એવી રચના) કે જે "કુન"ના શબ્દ વડે "ઈબ્દા" મારફત પેદા થઈ જાય છે. અને એવી રચનાઓજ - એવા ઊમુરજ ખુદાની તરફ પાછા ફરી જાય છે. (૨/૧૧૭, ૩/૧૦૯).

ઉપમા (૧૪) : પ્રત્યેક કામીલ ઈન્સાન જીંદગીમાંજ એ રીતે પાછો ફરી જાય છે કે જીવતાજીવત રૂહાનીયતની રહસ્યભરી મોતનો સંપૂર્ણ અનુભવ કરી લ્યે છે, અને અમુક તબક્કાઓ પછી તેઓ અક્કલના મુકામ ઉપર ફનાફિલ્લાહ થઈને પોતાને આલમે વહેદત એટલે કે એકપણાના જગતમાં જુએ છે, જેમાં ખુદાવંદતઆલાના

એ સઘળા જાહેર સ્વરૂપો તથા તેની તજલ્લીઓ છે, જેનો ઉલ્લેખ અઝલ, અબદ અને બહેશ્તના વિષયો હેઠળ ફરમાવેલ છે. આનો અર્થ એ થયો કે જે માનવંત લોકો દીદારના દરિયામાં ડૂબી જઇને ફના થઇ જાય છે તેઓ પછી અજાયબીથી રહેમાનના સ્વરૂપે અથવા ખુદાના ચહેરાની સાથે બકા (અનંતતા) પામી લ્યે છે.

ઉપમા (૧૫) : જેમકે હદીસે કુદસીમાં ફરમાવેલું છે કે ખુદાવંદ તબારક વ તઆલા એક છુપો ખજાનો હતો. અને આપણે કહી શકીએ છીએ કે હમણાં પણ એ ખજાનો ઘણોજ છુપાયેલો છે, એટલેકે તેના પરદાઓ અતીશય મુશ્કેલ પરંતુ બેહદ ફાયદામંદ રહસ્યો ઉપર આધારીત છે. અને જે નસીબદાર માનવી આ મહાન ભેદોની મારફત પ્રાપ્ત કરશે, તો આ ખજાનો તેનીજ તથા તેના જેવાઓની "અના" (હું) બની જશે, કેમકે તે પૂરી હદીસનો ખુલાસો તથા ઈશારો એજ છે, નહીંતો ખુદા પોતાને ખજાનાનું નામ ન દેત, કેમકે દરેક ખજાનો પોતાના નહીં પણ બીજાના ફાયદા માટે હોય છે, અને એ હકીકત "અલ્લાહુસ્સમદ"ની અર્થ પૂર્ણ શાન મુજબ છે, કે તે દરેક પ્રકારે બે નીયાઝ (બે પરવા) છે. અને તેની પાસે જે પણ ખજાનાઓ છે અથવા તે પોતે જેવો ખજાનો છે, તે સઘળું તેના બંદાઓના માટે છે. અને તે "રૂજુ" એટલે કે પાછા ફરી જવાની છેલ્લી હકીકત છે.

–નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઇ
લંડન ૨૮.૧૨.૮૬.

www.monoreality.org

ISBN 1-903440-12-2

9781903440124